# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

27 NOVEMBER-2025 THURSDAY

વર્ષ-15 । અંક-016 । વિક્રમ સંવત-2082 । માગસર સુદ-07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

ડૉનલ બિષ્ટએ સોશિયલ મીડિયા પોસ્ટથી અફવાઓને ફેક ગણાવી






પેજ-09

ઓસ્ટ્રેલિયન ઓપન વાઇલ્ડ કાર્ડ પ્લે-ઓફમાં સુમિત નાગલની શાનદાર શરૂઆત


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 21.00 |
| વડોદરા | 32.00 | 22.00 |
| સુરત | 33.00 | 23.00 |


પેજ 5

સેન્સેક્સ-નિફ્ટી રોકેટ બન્યાં! સેન્સેક્સ 1022.50 પોઇન્ટના વધારા....

દક્ષિણ કોરિયાના રાજદ્વારી: મ્યૂઝિયમ ગાઇડ બનીને ઇતિહાસ સમજાવ્યો




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 85609.51 | ▲ | 1022.50 |
| નિફ્ટી | 26205.30 | ▲ | 320.50 |
| સોનું | 125838.00 | ▲ | 613.00 |
| ચાંદી | 161641.00 | ▲ | 5320.00 |

**ગુજરાત માટે ઐતિહાસિક દિવસ:** ગ્લાસ્ગોમાં યોજાયેલી બેઠકમાં ભારતના પ્રસ્તાવ પર સભ્ય દેશો સંમત

# કોમનવેલ્થ- 2030 અમદાવાદમાં રમાશે



**શા માટે અમદાવાદની પસંદગી?** અગાઉ કોમનવેલ્થ ગેમ્સની એક્ઝીક્યુટિવ બોર્ડ દ્વારા અમદાવાદને યજમાની આપવા માટેના અનેક કારણો આપ્યા હતા. સમિતિએ વિવિધ માપદંડોના આધારે ઉમેદવાર શહેરોનું મૂલ્યાંકન કર્યું હતું. આ મૂલ્યાંકનમાં ટેકનિકલ વ્યવસ્થા, ખેલાડીઓનો અનુભવ, માળખાગત સુવિધાઓ, તંત્ર અને કોમનવેલ્થ ગેમ્સ વચ્ચેના સંબંધોના આધારે આ નિર્ણય લેવાયો છે.

## ગુજરાત સ્પોર્ટ્સ કેપિટલ બનશે : CM ભૂપેન્દ્ર પટેલ

(એજન્સી) નવી દિલ્હી | તા.26

આજનો દિવસ ગુજરાત અને સમગ્ર ભારત માટે ખૂબ જ ઐતિહાસિક છે. અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ 2030 યોજાશે, જેની હવે સત્તાવાર જાહેરાત કરી દેવાઈ છે. સ્કોટલેન્ડના ગ્લાસ્ગો ખાતે યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સની જનરલ એસેમ્બલીમાં આજે (26 નવેમ્બર)ના રોજ અંતિમ નિર્ણયની જાહેરાત કરાઈ છે.


**20 વર્ષ બાદ ભારતને યજમાની મળી**

આજની બેઠકમાં ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં ભારતનું ડેલિગેશન ગ્લાસ્ગો પહોંચ્યું છે. ગ્લાસ્ગોમાં યોજાયેલી બેઠકમાં સભ્ય દેશોની અમદાવાદના નામ પર મહોર લાગી છે. આ ભારતની તે મહત્ત્વાકાંક્ષી યોજનામાં મોટું પગલું છે, જે હેઠળ તેઓ એક ગ્લોબલ મલ્ટી સ્પોર્ટ્સ હબ બનવા ઈચ્છે છે. જણાવી દઈએ કે, અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સ 2030ની યજમાની મળતા ભારત બીજી વખત કોમનવેલ્થ ગેમ્સ યોજવાનું ગૌરવ મેળવશે. આ પહેલા ભારતે 2010માં નવી દિલ્હીમાં ગેમ્સનું સફળ આયોજન થયું હતું. ભારતે છેલ્લીવાર 2010માં દિલ્હીમાં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરી હતી.



### વડાપ્રધાન મોદીએ અનોખી રીતે પાઠવી શુભકામના

અમદાવાદને યજમાની મળતા આ અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સ પર પોસ્ટ કરીને સમગ્ર દેશને અનોખી રીતે અભિનંદન પાઠવ્યા છે. વડાપ્રધાન મોદીએ શુભકામના પાઠવતા લખ્યું કે, ભારતે શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સ 2030 ની યજમાની માટે બિડ જીતી લીધી છે તેનો આનંદ છે!



### એક દાયકાથી વધુ મહેનત... અમિત શાહ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને કહ્યું કે એક દાયકાથી વધુ મહેનત પછી, વડા પ્રધાન મોદીએ વિશ્વ કક્ષાનું રમતગમતનું માળખું બનાવ્યું છે. અસરકારક શાસન અને સીમલેસ ટીમવર્કે આપણા દેશની ક્ષમતામાં વધારો કર્યો છે.



### રમતવીરોને નવી ઉડાન મળશે: ભૂપેન્દ્ર પટેલ, CM

કોમનવેલ્થ ગેમ્સની યજમાની ભારતને મળવી આપણા સ્પોર્ટ્સ સેક્ટર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આંતરરાષ્ટ્રીય ક્ષમતાની મોટી ઓળખ છે. ગુજરાતમાં તેનું આયોજન આપણા બધા માટે ગર્વની બાબત છે. રાષ્ટ્રીય સ્તરે આ પહેલ બહોળા દૃષ્ટિકોણ સાથે જોડાયેલી છે.

**રામમંદિર પર ધ્વજારોહણથી પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું**

# પાકિસ્તાન અમને જ્ઞાન ન આપે: ધ્વજારોહણ મુદ્દે ભારતનો જવાબ

(એજન્સી) નવી દિલ્હી | તા.26

રામ મંદિર ધ્વજારોહણ સમારોહમાં PM મોદીની ભાગીદારી પર પાકિસ્તાને કરેલી ટીપ્પણીને ભારતે નકારી કાઢી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, કટ્ટરતા, દમન અને લઘુમતીઓ સાથે દુર્વ્યવહારનો ડાઘ ધરાવતા પાકિસ્તાનને બીજાને ઉપદેશ આપવાનો કોઈ નૈતિક આધાર નથી. પાકિસ્તાનને પાખંડી ઉપદેશ આપવાને બદલે પોતાના માનવાધિકાર રેકોર્ડ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

### PM મોદીએ રામ મંદિરના શિખર પર ધ્વજારોહણ કર્યું હતું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 25 નવેમ્બરના રોજ અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના 161 ફૂટ ઊંચા શિખર પર ભગવો ધર્મ ધ્વજા સ્થાપિત કર્યો હતો. તેમણે સવારે 11.55 કલાકના અભિજિત મુહૂર્તમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે આ ઐતિહાસિક ધ્વજારોહણ કર્યું હતું. પીએમ મોદીએ જણાવ્યું હતું કે ધર્મ ધ્વજાની સ્થાપના સાથે



૫૦૦ વર્ષ સુધી પ્રજ્વલિત રહેલા યજ્ઞની પૂર્ણાહુતિ થઈ છે, જે મંદિરના નિર્માણની પૂર્ણતાનું પ્રતીક છે.

### ધ્વજા આરોહણને પાકિસ્તાને દંભનું પ્રદર્શન ગણાવ્યું હતું

અયોધ્યામાં રામ મંદિરના શિખર પર ધ્વજા આરોહણ થતાં જ પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે રાજદ્વારી દંભનું પ્રદર્શન કર્યું હતું. તેણે પાયાવિહોણો દાવો કર્યો કે રામ મંદિરનું નિર્માણ ભારતના લઘુમતીઓ અને મુસ્લિમ સાંસ્કૃતિક વારસા માટે ખતરો છે.

# અરૂણાચલ, શેખ હસીના... વિવાદ ઉભો કરનાર ચીન અને બાંગ્લાદેશને ભારતે આપ્યો જડબાતોડ જવાબ

(એજન્સી) નવી દિલ્હી | તા.26

અરુણાચલ પ્રદેશ અંગેના ચીનના દાવાને તથ્યહીન ગણાવ્યો છે. આ ઉપરાંત બાંગ્લાદેશ દ્વારા પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પ્રત્યાર્પણની માંગણી પર પણ ભારતે જવાબ આપીને કૂટનીતિક સંવેદનશીલતા જાળવી રાખવાનો સંકેત આપ્યો છે. શાંઘાઈ એરપોર્ટ પર ભારતીય નાગરિક પેમા થોંગડોકને હેરાનગતી મામલે ભારતે ચીનને કડક સંદેશ આપ્યો છે. વિદેશ મંત્રાલયે ભારપૂર્વક કહ્યું કે અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય હિસ્સો છે. રણધીર જયસ્વાલે જણાવ્યું કે ચીન ભલે ગમે તેટલો ઈનકાર કરે, અરુણાચલની ભારતીય ઓળખ બદલાઈ શકે નહીં. ભારતે આ મનસ્વી કાર્યવાહી સામે દિલ્હી અને બેઈજિંગ બંને જગ્યાએ કડક વિરોધ નોંધાવ્યો છે.



**કેન્દ્ર સરકારના ત્રણ નવા નિર્ણય**

# રેર અર્થ મેટલ્સ માટે ભારતે બનાવ્યો મોટો પ્લાન, 7,280 કરોડ રૂપિયા ખર્ચશે

(એજન્સી) નવી દિલ્હી | તા.26

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આજે કેબિનેટની બેઠક યોજાઈ હતી, જેમાં હાઈ-ટેક ઉદ્યોગો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ અને આધુનિક ઉપકરણોના નિર્માણમાં ઉપયોગ થતા 'રેર અર્થ મેટલ્સ' સહિત ચાર મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. કેબિનેટે દુર્લભ રેર અર્થ મેટલ્સ જેવા શક્તિશાળી ચુંબકના ઉત્પાદનમાં વધારો કરવા માટે એક નવી યોજનાને મંજૂરી આપી છે અને યોજના માટે 7280 કરોડ રૂપિયાનું પ્રોત્સાહન પેકેજ જાહેર કર્યું છે. આ 'સિન્ટર્ડ રેર અર્થ પરમેનન્ટ મેગ્નેન્ટ્સના નિર્માણને પ્રોત્સાહન આપવાની યોજના'ને કેબિનેટે મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'આ યોજનાથી સિન્ટર્ડ રેર અર્થ પરમેનન્ટ મેગ્નેટના ઉત્પાદનમાં વધારો થશે. રેર અર્થ મેગ્નેટનો ઉપયોગ ઈલેક્ટ્રિક વાહનો, એરોસ્પેસ, ઈલેક્ટ્રોનિક્સ, તબીબી ઉપકરણો અને સંરક્ષણ જેવા મુખ્ય ક્ષેત્રોમાં થાય છે.

**પુણે મેટ્રો રેલ પ્રોજેક્ટ પર પણ નિર્ણય**

પુણે મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ-2 હેઠળ લાઈન-4 અને લાઈન-4એને પણ મંજૂરી આપવામાં આવી છે.

લગભગ 316 કિલોમીટર લાંબી આ બંને લાઈનોમાં 28 એલિવેટેડ સ્ટેશન હશે. લગભગ 9,857.85 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર આ પ્રોજેક્ટ પાંચ વર્ષમાં પૂરો થશે. નવી મેટ્રો લાઈનોથી વ્યસ્ત માર્ગો પર ટ્રાફિકનું ભારણ ઘટશે.

# દિલ્હી-એનસીઆરને પ્રદૂષણથી રાહત મળી! GRAP સ્ટેજ-III હટાવાયો

(એજન્સી) નવી દિલ્હી | તા.26

દિલ્હી-એનસીઆરમાં છેલ્લા કેટલાક દિવસોમાં હવાની ગુણવત્તામાં થયેલા સુધારાને ધ્યાનમાં રાખીને, કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) એ બુધવારે તાત્કાલિક અસરથી GRAP સ્ટેજ III (ગંભીર શ્રેણી) પાછી ખેંચી લીધી. કમિશનની પેટા-સમિતિએ આજે બેઠક કરી અને હવાની ગુણવત્તા અને IMD/IITM આગાહીઓની સમીક્ષા કર્યા પછી આ નિર્ણય લીધો. દિલ્હીનો AQI છેલ્લા ચાર દિવસમાં સતત સુધરતો રહ્યો છે, જેમાં આજે 327 નોંધાયા છે.

IMD અને IITM અનુસાર, આગામી દિવસોમાં AQI ખૂબ જ નબળી શ્રેણીમાં રહેવાની શક્યતા છે. આના આધારે, પેટા-સમિતિએ 11 નવેમ્બર, 2025 ના રોજ જારી કરાયેલ GRAP સ્ટેજ III ને લાગુ કરવાનો આદેશ પાછો ખેંચી લીધો છે. જોકે, સ્ટેજ I અને સ્ટેજ II ના પગલાં ચાલુ રહેશે. બધી એજન્સીઓને AQI ગંભીર અથવા ગંભીર+ શ્રેણી સુધી ન પહોંચે તેની ખાતરી કરવા માટે આ પગલાંનો કડક અમલ કરવા સૂચના આપવામાં આવી છે. બાંધકામ સ્થળો જ્યાં ઉલ્લંઘનને કારણે ખાસ પ્રતિબંધ આદેશો અમલમાં છે તે CAQM ની વિશેષ પરવાનગી વિના કોઈપણ સંજોગોમાં કામ શરૂ કરી શકશે નહીં.

# 'તમે ગમે તે કરો, અમે બંગલો ખાલી નહીં કરીએ'

## રાબડીના બંગલા વિવાદ મુદ્દે RJDના BJP-JDU પર પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી | તા.26



રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના પ્રદેશ અધ્યક્ષ મંગની લાલ મંડલે મોટું નિવેદન આપતાં કહ્યું છે કે, પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીના 10, સર્ક્યુલર રોડ સ્થિત સરકારી બંગલાને ખાલી કરાવવાની કાર્યવાહી રાજકીય દ્વેષનું પરિણામ છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, તમે ગમે તે કરો, અમે બંગલો ખાલી નહીં કરીએ.

### રાજકીય બદલાની ભાવનાનો આરોપ

મંડલે આરોપ લગાવ્યો કે, 'નવી NDA સરકાર રાજકીય બદલાની ભાવનાથી લાલુ યાદવ અને તેમના પરિવાર વિરુદ્ધ કાર્યવાહી કરી રહી છે. છેલ્લા 20 વર્ષમાં ઘણી વખત સત્તા બદલાઈ હોવા છતાં આ મુદ્દો ક્યારેય ઉઠાવવામાં આવ્યો ન હતો. જ્યારે આ જ મકાનમાં બે પૂર્વ મુખ્યમંત્રી રહી ચૂક્યા છે, ત્યારે અચાનક આ પગલું કેમ ભરવામાં આવી રહ્યું છે.'

### 'CM નીતિશ PM મોદીનો વિશ્વાસ જીતવા માંગે છે'

RJD પ્રદેશ અધ્યક્ષે આક્ષેપ કર્યો છે કે, 'મુખ્યમંત્રી નીતિશ કુમારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના નેતૃત્વનો વિશ્વાસ જીતવા માટે આ કાર્યવાહી કરી છે. ગૃહ વિભાગ ભાજપ પાસે આવ્યા બાદ લાલુ પરિવારને જાણીજોઈને અપમાનિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને આ કાર્યવાહી પાછળ રાજકારણ સિવાય કોઈ બીજું કારણ નથી.'

**76મો બંધારણ દિવસ**

# સંસદમાં રાષ્ટ્રપતિ મુર્મૂએ 9 ભાષામાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કર્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 26



આજે દેશ ૭૬મો બંધારણ દિવસ ઉજવી રહ્યો છે. આ ઐતિહાસિક અવસર પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની અધ્યક્ષતામાં સંસદના બંધારણ ગૃહના સેન્ટ્રલ હૉલમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૧ વાગ્યાથી આયોજિત આ કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, તમામ કેન્દ્રીય મંત્રીઓ અને બંને ગૃહોના સાંસદોએ હાજરી આપી હતી. આ ખાસ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ડિજિટલ રૂપે ૯ ભાષાઓમાં બંધારણના અનુવાદનું લોકાર્પણ કર્યું. આ ભાષાઓમાં મરાઠી, નેપાળી, પંજાબી, બોડો, કાશ્મીરી, તેલુગુ, ઓડિયા, અસમિયા અને મલયાલમનો સમાવેશ થાય છે. ૯ ભાષામાં બંધારણનું લોકાર્પણ કરવા પાછળનો હેતુ દેશના વિવિધ ભાષીય સમુદાયો સુધી આ પવિત્ર દસ્તાવેજને તેની મૂળ ભાવના સાથે પહોંચાડવાનો છે.




# News Brief

## ભારતમાં કેપેક્સ લેન્ડસ્કેપમાં આશાવાદ: માળખાકીય સુવિધાઓ પાછળ સરકારનો જોરદાર ધક્કો

અમદાવાદ : કેર એજ રેટિંગ્સના એક અહેવાલ મુજબ, ભારતમાં મૂડી ખર્ચ (Capital Expenditure - કેપેક્સ) નું ચિત્ર સ્પષ્ટપણે આશાવાદના સંકેતો દર્શાવી રહ્યું છે. કેન્દ્ર સરકારના મજબૂત ખર્ચ, રાજ્યોના કેપેક્સમાં વધારો અને ભારતીય કોર્પોરેશનોમાં રોકાણના પુનરુત્થાનના કારણે ભારતમાં કેપેક્સ લેન્ડસ્કેપમાં આશાવાદ જોવા મળી રહ્યો છે. આ ત્રિ-પાંખિયો ટેકો ચાલુ નાણાકીય વર્ષ (FY26) માં અર્થતંત્રને મજબૂત આધાર પૂરો પાડી રહ્યો છે.અહેવાલમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે કે માળખાકીય સુવિધાઓ, ખાસ કરીને રોડ અને રેલ્વે ક્ષેત્રોમાં મોટા રોકાણને કારણે કેન્દ્ર સરકારનો કેપેક્સ ખર્ચ મજબૂત રહ્યો છે. FY૨૬ ના પ્રથમ છમાસિક (H1) દરમિયાન કેન્દ્રના મૂડી ખર્ચમાં વાર્ષિક ધોરણે ૪૦ ટકાનો જબરદસ્ત વધારો થયો છે. કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો (CPSEs) એ પણ H1 માં મજબૂત ગતિ દર્શાવી છે અને તેઓ FY૨૬ ના તેમના કેપેક્સ લક્ષ્યાંકને પૂર્ણ કરશે અથવા તો સહેજ વધારી દેશે તેવી સંભાવના છે.કેન્દ્રની સાથે જ રાજ્ય સરકારોએ પણ મૂડી ખર્ચમાં વધારો કર્યો છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગુજરાત જેવા રાજ્યો કુલ રાજ્ય કેપેક્સમાં વધારો કરવામાં અગ્રેસર રહ્યા છે. ટોચના ૧૯ રાજ્યોના નમૂના માટે H1 FY૨૬ માં કેપેક્સમાં ૧૩ ટકાનો વધારો નોંધાયો છે. FY૨૫ માં, આ રાજ્યોનો કુલ કેપેક્સ ૭ ટકા (વાર્ષિક ધોરણે) વધીને ૭.૪ ટ્રિલિયન થયો હતો

## સેફ્રાનનો ગ્લોબલ MRO પ્લાન્ટ હૈદરાબાદમાં શરૂ: પીએમ મોદીએ વર્ચ્યુઅલી અનાવરણ કર્યું

અમદાવાદ : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર જીએમઆર એરોસ્પેસ અને ઈન્ડસ્ટ્રિયલ પાર્ક - એસઈઝેડ ખાતે સ્થિત સેફ્રાન એરક્રાફ્ટ એન્જિન સર્વિસિસ ઈન્ડિયા (SAESI) સુવિધાનું ઉદ્ઘાટન કર્યું. આ સાથે સેફ્રાનનો ગ્લોબલ MRO પ્લાન્ટ હૈદરાબાદમાં શરૂ થઈ ગયો છે, જે ભારતના ઉડ્ડયન ક્ષેત્ર માટે એક નવી ઊડાન સમાન છે. વડા પ્રધાને કહ્યું કે આ MRO (Maintenance, Repair, and Overhaul) સુવિધા ભારતને વિશ્વનું MRO હબ સ્થાપિત કરવામાં મદદ કરશે અને યુવાનો માટે નવી તકો ઊભી કરશે.પીએમ મોદીએ તેમના વર્ચ્યુઅલ સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું કે ભારતીય ઉડ્ડયન ક્ષેત્રે છેલ્લા કેટલાક વર્ષોમાં અભૂતપૂર્વ ગતિએ પ્રગતિ કરી છે અને આજે ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા સ્થાનિક ઉડ્ડયન બજારોમાંનું એક છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતનું સ્થાનિક બજાર હવે વૈશ્વિક સ્તરે ત્રીજા નંબરનું સૌથી મોટું બજાર છે.ભારતના ઉડ્ડયન ક્ષેત્રના ઝડપી વિસ્તરણ સાથે, જાળવણી અને સમારકામ (MRO) સેવાઓની જરૂરિયાત પણ નોંધપાત્ર રીતે વધી છે. અત્યાર સુધી, આપણા ૮૫ ટકા MRO કાર્ય વિદેશમાં કરવામાં આવતા હતા, જેના કારણે ખર્ચ વધતો હતો, વિલંબ થતો હતો અને વિમાનો લાંબા સમય સુધી ગ્રાઉન્ડ પર રહેતા હતા.આ પડકારને દૂર કરવા માટે, ભારત સરકાર દેશને એક મજબૂત MRO હબ તરીકે વિકસાવવા માટે સક્રિયપણે કામ કરી રહી છે. SAESI ની સ્થાપના ઉડ્ડયન ક્ષેત્રમાં આત્મનિર્ભરતાના લક્ષ્ય તરફ એક મોટું પગલું છે.

## ભારત રશિયાના નેતૃત્વ હેઠળના EAEU સાથે FTA વાટાઘાટો શરૂ કરશે: પિયુષ ગોયલની જાહેરાત

અમદાવાદ : ભારતની વેપાર નીતિમાં એક મહત્ત્વપૂર્ણ અને વ્યૂહાત્મક પગલું ભરતા, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે મંગળવારે જાહેરાત કરી કે ભારત રશિયાના નેતૃત્વ હેઠળના EAEU સાથે FTA વાટાઘાટો શરૂ કરશે. યુરેશિયન ઈકોનોમિક યુનિયન (EAEU) બ્લોક - જેમાં રશિયા, આર્મેનિયા, બેલારુસ, કઝાકિસ્તાન અને કિર્ગિસ્તાનનો સમાવેશ થાય છે - સાથે મુક્ત વેપાર કરાર (FTA) માટેની ઔપચારિક વાટાઘાટો બુધવારથી નવી દિલ્હીમાં શરૂ થઈ રહી છે. આ વાટાઘાટો ૨૦ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ 'ટર્મ્સ ઓફ રેફરન્સ' (Terms of Reference) પર હસ્તાક્ષર થયા બાદ શરૂ થઈ રહી છે.મંત્રી ગોયલે ભારપૂર્વક જણાવ્યું કે આ પહેલનું મહત્ત્વ ઘણું વધારે છે, કારણ કે ભારત યુએસ દ્વારા લાદવામાં આવેલા ઊંચા ટેરિફના જવાબમાં પોતાના નિકાસ ગંતવ્યોમાં વૈવિધ્યીકરણ કરવા માંગે છે. ટર્મ્સ ઓફ રેફરન્સ આગામી ૧૮ મહિના માટે નિકાસ માટે નવા બજારો ખોલવા પર રોડમેપ તૈયાર કરે છે. આનાથી ખાસ કરીને સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME), ખેડૂતો અને માછીમારોને ફાયદો થવાની અપેક્ષા છે.EAEU વાટાઘાટો ઉપરાંત, ભારત અનેક અન્ય મુખ્ય વેપાર ભાગીદારીઓને પણ આગળ ધપાવી રહ્યું છે:સાઉથ આફ્રિકા (SACU): સરકાર સધર્ન આફ્રિકન કસ્ટમ્સ યુનિયન (SACU) સાથે વેપાર કરારની શક્યતાઓ શોધી રહી છે, જેમાં દક્ષિણ આફ્રિકા, નામિબિયા, બોત્સ્વાના, લેસોથો અને ઈસ્વાટિનીનો સમાવેશ થાય છે. SACU વિશ્વનું સૌથી જૂનું કસ્ટમ્સ યુનિયન છે.

### ગોપાલ ઈટાલીયાએ હર્ષ સંઘવીની ખોલી પોલ : 2013માં પોલીસને લાફા મારવા મુદ્દે હર્ષ સંઘવી વિરૂદ્ધ FIR નોંધાઈ હતી

# "આઠ પાસ હટાવો, ગુજરાત બચાવો" : ગોપાલ ઈટાલીયા

**હર્ષ સંઘવી ઉપર ગુનો નોંધાતા પીએસઆઇ ઝેડ. આઈ. શેખના પટ્ટા ઉતારી લીધા હતા**

**જનતાને પુછશો તો તે પણ કહેશે કે જીગ્નેશ મેવાણીની ભાષા કરતાં પણ પોલીસની ભાષા ખરાબ જ છે**

**બીજેપીના નેતાના દીકરાનું વાહન ચેકિંગ કરનાર IPS અધિકારીની બદલી કરી દેવામાં આવી હતી**



- **2019માં પણ સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સ્ટાફના માણસને ટાંટિયા તોડીને હાથમાં આપી દેવાની ધમકી આપી હતી**
- **હર્ષ સંઘવી હાસ્યસ્પદ નિવેદનોના કારણે પોલીસ ખાતું ખૂબ જ બદનામ થયું છે અને પોલીસ ખાતાની અંદર પણ ખુબ જ સમસ્યાઓ વધી છે**
- **સુરતના ધારાસભ્યના છોકરાને સુનીતા યાદવ નામના પોલીસ અધિકારીએ રોક્યો ત્યારબાદ સુનિતા યાદ આવી રાજીનામું આપવું પડ્યું હતું**
- **અમદાવાદના પાલડીમાં પોલીસ કર્મચારીએ પીઆઇ સહિતના લોકોના ત્રાસથી આત્મહત્યા કરી લીધી**

(એજન્સી) અમદાવાદ | તા 26

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી પોલીસના પટ્ટા ઉતારી લેવાના નિવેદનથી રાજકારણ ગરમાયું છે. વિવિધ પક્ષના નેતાઓ આના પર પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે. આજે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ પણ આ જ મુદ્દે હર્ષ સંઘવીએ આપેલી પ્રતિક્રિયા પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, જ્યારથી આ ઘટનાક્રમ બન્યો છે ત્યારથી હર્ષ સંઘવી અને ભાજપના મળતીયાઓ ખૂબ જ ઉછળી રહ્યા છે અને પોલીસને હાથો બનાવવાનું કામ કરી રહ્યા છે. હર્ષ સંઘવી અત્યારે સત્તામાં છે એટલા માટે બોલ વચન કરવા માટે તેમને કોઈ રોકટોક નથી. સંસ્કારની વાતો કરનારા, સંસ્કારના નામે ઉપદેશ આપનારા, પટ્ટાના નામે રાજકારણ કરી પોલીસ લોકરક્ષક અને તેમના પરિવારને હાથો બનાવનારા હર્ષ સંઘવીની અસલિયત હું તમારી સામે રજૂ કરું છું. ગોપાલ ઈટાલીયાએ 14 સપ્ટેમ્બર 2013 તેના વિવિધ છાપાઓમાં છપાયેલ સમાચાર લાઈવના માધ્યમથી લોકો સમક્ષ મુકતા જણાવ્યું હતું કે, 2014 નું લોકસભાનું ઈલેક્શન ચાલતું હતું ત્યારે ભાજપે નરેન્દ્ર મોદીને વડાપ્રધાનના ચહેરા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

### વાહન ચેકિંગ મુદ્દે આઈપીએસની બદલી

અભય સોની નામના આઈપીએસ અધિકારીએ અમરેલીમાં બીજેપીના એક નેતાના દીકરાને વાહન ચેકિંગ મુદ્દે કોઈ ઠપકો આપ્યો અને બીજા જ દિવસે આઈપીએસ અધિકારી અભય સોનીની બદલી થઈ ગઈ. તો જોવા જઈએ તો આ "પટ્ટા ઉતરી ગયા" એવું ન કહેવાય? બીજો કિસ્સો એવો છે જેમાં ગુજરાતના ભાજપના એક ધારાસભ્યએ જિલ્લાના એસપીની બદલી કરવા એવી ધમકી આપી કે "જો જિલ્લાના એસપીને બદલી કરવામાં નહીં આવે તો હું ભાજપના ધારાસભ્ય પટ પરથી રાજીનામું આપી દઈશ" અને આ ઘટના બાદ એ એસપીની બદલી થઈ ગઈ.

### પોલીસ સબ ઈન્સ્પેક્ટરને લાફા મારી દીધા

હર્ષ સંઘવી વિરૂદ્ધ નોંધાયેલી એફઆઈઆરમાં એવું કહેવામાં આવ્યું હતું કે, જ્યારે પી.આઈ ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે ભાજપના ધારાસભ્ય હર્ષ સંઘવીએ બંદોબસ્તની ફરજ નિભાવી રહેલા પોલીસ સબ ઈન્સ્પેક્ટરને લાફા મારી દીધા હતા. ત્યાર પછી પીએસઆઈ એ ઉમરા પોલીસ સ્ટેશનની અંદર એક એફઆઈઆર દાખલ કરી હતી અને 143, 147, 186, 188, 192, 201, 203, 294, 342, 353, 504 અને 5062 કલમો લગાવવામાં આવી હતી. હર્ષ સંઘવી ઉપર જેવો ગુનો નોંધાયો તેવી જ પીઆઇ કે બી વાટલીયાની બદલી કરી નાખવામાં આવી હતી.

### "તું મારી સામે સ્માર્ટ બનતો નહીં નહિંતર તારા ટાંટિયા તોડીને તારા હાથમાં આપી દઈશ"

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ચક્કર મારવા ગયા હતા એ દરમિયાન કોઈ સરકારી માણસ સાથે તેમને પૂછપરછ કરી અને અને એ માણસે જવાબ આપ્યો એની સામે હર્ષ સંઘવીએ એવું કહ્યું કે "તું મારી સામે સ્માર્ટ બનતો નહીં નહિંતર તારા ટાંટિયા તોડીને તારા હાથમાં આપી દઈશ" જ્યારે મિડીયાએ આ વાત હર્ષ સંઘવીને પૂછી ત્યારે તેમણે કહ્યું હતું કે, "મને મારા નિવેદન ઉપર કોઈ જ પસ્તાવો નથી." તમારા કેવા સંસ્કાર છે એ છાપામાં છપાઈ ચૂક્યા છે.

### પીઆઇ સહિતના લોકોના ત્રાસથી આત્મહત્યા કરી

જુનાગઢ પોલીસ ટ્રેનિંગ સેન્ટરમાં એક પોલીસ કોન્સ્ટેબલે આત્મહત્યા કરી લીધી અને એમણે ચિઠ્ઠીમાં એવું લખ્યું હતું કે એમને ડીવાયએસપી દ્વારા માર મારવામાં આવતો હતો. અમદાવાદના પાલડીમાં પોલીસ કર્મચારીએ પીઆઇ સહિતના લોકોના ત્રાસથી આત્મહત્યા કરી લીધી. આવી ઘટના સામે હર્ષ સંઘવીને કોઈ વાંધો નથી? વિપુલ બિજોય નામના એક આઈપીએસ અધિકારીની પત્નીએ 17 કોન્સ્ટેબલ અને લગભગ એક મહિના સુધી ગોંધી રાખ્યા હતા એટલે એક બંધક બનાવી દીધા હતા. ગુજરાતમાં આઈપીએસ અધિકારીઓની નાના પોલીસ ઉપર એટલી બધી દાદાગીરી છે કે આઈપીએસની પત્નીએ 17 કોન્સ્ટેબલને ગાંધી રાખ્યા અને મજૂરોની જેમ કામ કરાવ્યું. આવી ઘટનાઓમાં કોઈ તપાસ થઈ નથી. આવી અનેક ઘટનાઓ ઘટી છે જેમાં નાના કોન્સ્ટેબલનું આઈપીએસ અને મોટા પોલીસ અધિકારીઓ દ્વારા શોષણ કરવામાં આવી હોય.

## પાલનપુર ખાતે આશાવર્કર અને આંગણવાડી કાર્યકર બહેનો માટે તાલીમનું કરાયું આયોજન



(એજન્સી) પાલનપુર | તા 26

જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી ગઢવીના માર્ગદર્શન હેઠળ બેટી બચાવો બેટી પઢાવો અભિયાન હેઠળ પાલનપુર આંબેડરકર હોલ ખાતે સંયુક્ત તાલીમનું આયોજન કરાયું હતું.

આ તાલીમમાં આશાવર્કર અને આંગણવાડી કાર્યકર બહેનોને આરોગ્યલક્ષી માહિતી જેમાં કુપોષણ, માનસિક તણાવ પ્રજનનને લગતા રોગો તેમજ આધુનિક જીવન શૈલીથી આરોગ્ય ઉપર પડતી વિપરીત અસરોની વિસ્તૃતમાં સમજણ આપવામાં આવેલ હતી. આ તાલીમમાં ICDSની વિવિધ યોજનાઓ જેવી કે પૂર્ણા યોજના તેમજ પોષણ સંગમ કાર્યક્રમ વિશે માહિતી આપવામાં આવી હતી. મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓની માહિતી તથા કાર્યક્રમમાં હાજર રહેલ કિશોરીઓને હાઈજીન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કચ્છના સફેદ રણમાં શાંતિની શોધ : ગરબા અને ભક્તિમાં મેળવી નવી ઊર્જા

## લાંબા શૂટિંગ પછી કાજલ વસિષ્ઠની ગુજરાતની સફર

(એજન્સી) અમદાવાદ | તા 26

તાજેતરમાં જ લાંબા અને થકવી નાખે તેવા શૂટિંગ શેડ્યૂલને પૂર્ણ કર્યા બાદ, અભિનેત્રી કાજલ વસિષ્ઠએ શહેરના ગડબડભર્યા અને દોડધામભર્યા જીવનથી દૂર જઈને ગુજરાતના શાંત વાતાવરણ અને રંગીન સંસ્કૃતિમાં પોતાને વિલીન કરવાનો નિર્ણય કર્યો છે. તેમના માટે વતન ગુજરાત માત્ર પ્રવાસનું સ્થળ નથી,



પરંતુ એક એવી ભૂમિ છે જ્યાં તે પોતાના આત્માને ફરીથી શોધે છે, આત્મ-વિચાર કરે છે અને આવનારા કામ માટે નવી ઊર્જા મેળવે છે. અમદાવાદથી શરૂ કરીને પાલનપુર અને છેક કચ્છના અંતહીન રણ સુધીની તેમની આ રોમાંચક મુલાકાત તેમને ગુજરાતના મૂળભૂત આત્માની વધુ નજીક લાવી છે, જ્યાં આપણી પ્રાચીન પરંપરા, આત્મિયતા અને આધ્યાત્મિકતાનો અદ્ભુત સંગમ થાય છે.

અમદાવાદથી પાલનપુર: આત્માનો ઉત્સવ

ગુજરાતની ધરતી પર પગ મૂકતાની સાથે જ કાજલ વસિષ્ઠ સૌપ્રથમ અમદાવાદ શહેરની ઉત્સાહથી ભરેલી ઊર્જામાં ખોવાઈ ગયા હતા. તેમણે પોતાના ભાવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "અહીં આવવાથી હૃદયને એક અલગ જ પ્રકારની શાંતિ મળે છે.

## "ગુજરાત જોડો જનસભા"

### સંતરામપુર ખાતે યોજાઈ - આ સભામા જન સેલાબ ઉમટેલ જોવા મળતો હતો



જગદીશ ત્રિવેદી | મહીસાગર

સંતરામપુર નગરમા પ્રતાપુરા મેદાન ખાતે આમ આદમી પાર્ટી દ્વારા આયોજિત "ગુજરાત જોડો જનસભા" ભવ્ય સફળતા સાથે પૂર્ણ થઈ હતી. આ જનસભામાં 15 હજારથી વધુ જનસમૂહ ધારાસભ્ય ચૈતર વસાવા ને સંભાળવા માટે સવયંભુ ઉમટી પડતા કાર્યક્રમ ને ભારે સફલતા મળી હતી. મહીસાગર અને દાહોદ જિલ્લાના તેમજ સંતરામપુર અને કડાણા ના નવીન ગોધર તાલુકા સ્તરના 1000 થી વધુ લોકોએ આમ આદમી પાર્ટીમાં ખેસ આપના ધારાસભ્ય ચૈતરવસાવા ના હસતે ધારણ કરીને આપ મા જોડાયેલ હતા જેમાં ભંડારા ગામના યુવાનો પણ જોડાયેલ.કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન આપ પાર્ટીના નેતા અને આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ સંભાળ્યું હતું. તેમણે ગુજરાતમાં પરિવર્તનની લહેર લાવવા અને લોકોની સમસ્યાઓ અને ખેડુતોના સલગતા મુદ્દા ઓ અંગે તથા સિંચાઈ ના મુદ્દે તેમજ આ વિસ્તાર ના આદીવાસીના દાખલા ના મુદ્દે ધારદાર સચોટ સમસયા ઓ અંગે તથા ભાજપ સરકાર ની નીતી રીતી વિરુદધ તથા ભાજપની સરકાર વિરુદધ અને આ વિસતારના ધારાસભ્ય અને પુર્વ શિક્ષણમંત્રી વિરુદધ, તેઓની કાર્ય પધ્ધતિ વિરુધ ભારે આક્રોશ વયકત કરીને આગામી તાલુકા જીલલા પંચાયત ની ચુટણીઓમા આપ ના ઉમેદવારો ને જીતાડી ને ગુજરાત માં સત્તા પરિવર્તન ની લેહર લાવવા માટે અપીલ કરીને આગામી વિધાનસભા ની ચુટણી મા પણ આપ ને જીતાડી ને સત્તા પરિવર્તન ની લેહરમા જોડાવા અનુરોધ કરેલ હતો.જનસભામાં વિવિધ ઉપસ્થિત આપના હોદ્દેદારોએ ,યુવા નેતા યુવરાજસિંહ , નિરજભાઈ અને ગામીતભાઈ અને વિવિધ પ્રભારી અને પ્રવક્તાઓએ ગુજરાત જોડો અભિયાન, જનહિતના પ્રશ્નો અને આગામી રાજકીય દિશા અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

## એક્સાટો ટેક્નોલોજીસ લિમિટેડ દ્વારા 28 નવેમ્બર, 2025 ના રોજ IPO ખુલવાની જાહેરાત કરવામાં આવી

અમદાવાદ | એક્સાટો ટેક્નોલોજીસ લિમિટેડ દ્વારા 28 નવેમ્બર, 2025 ના રોજ IPO ખુલવાની જાહેરાત કરવામાં આવી છે. એક્ઝાટો ટેક્નોલોજીસ લિમિટેડ ("એક્સાટો"), એક આગામી પેઢીની ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને ગ્રાહક અનુભવ ટેકનોલોજી કંપની, એ આજે તેના પ્રારંભિક જાહેર ઓફર (IPO) ના લોન્ચની જાહેરાત કરી. એક્ઝાટોને એસી ઈન્વેસ્ટર શ્રી વિજય કેડિયા અને તેમના પરિવાર દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે, જેઓ કંપનીમાં 4.71% ઈક્વિટી ધરાવે છે. આ IPO માં 22,75,000 ઈક્વિટી શેરનો નવો ઈશ્યૂ અને 4,00,000 ઈક્વિટી શેરનો વેચાણ માટે ઓફર હશે, જેમાંથી દરેક 10 ની ફેસ વેલ્યુના 26,75,000 ઈક્વિટી શેર હશે. બુક રનિંગ લીડ મેનેજર: જીવાયઆર કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ.

## પાલનપુરની સ્પેશ્યલાઇઝ્ડ એડોપ્શન એજન્સી અંતર્ગત શિશુને મળ્યો કાયમી પોતાનો પરિવાર

(એજન્સી) પાલનપુર | તા 26

પાલનપુરની સ્પેશ્યલાઈઝ્ડ એડોપ્શન એજન્સી અંતર્ગત દત્તક વિધાનનો પાવન અને ભાવનાત્મક પ્રસંગ યોજાયો હતો. શ્રી અમિતકુમાર જે. કાનાણી, એડિશનલ સેશન્સ જજશ્રીના હસ્તે આશરે ૪ માસના શિશુને કાયદેસરની તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરી તેના દત્તક માતા-પિતાને સુપરત કરવામાં આવ્યો છે. વિધાન શિશુ ગૃહના પરિસરમાં શ્રદ્ધા અને આનંદના વાતાવરણમાં સંપન્ન થયું હતું. આ પ્રસંગે દત્તક વિધાનની સમગ્ર પ્રક્રિયાની કાયદેસરતા અને બાળકના સર્વોત્તમ હિતની ખાતરી કરવા જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી ડૉ.આશિષભાઈ જોષી, શ્રીમતી સીમાંદેવી આર. શર્મા મેનેજર, સ્પેશિયલાઈઝ્ડ એડોપ્શન એજન્સી, પાલનપુર ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેનશ્રી જયેશભાઈ તેમજ CWC કમિટીના સભ્યો શ્રીમતી કલાવતીબેન, શ્રીમતી ઉષાબેન, શ્રી અજમલજી તેમજ બાળ સુરક્ષા ટીમ હાજર રહેલ હતા.

## ડાબર ચ્યવનપ્રાશે ડિજિટલ ઇમ્યુનિટી સ્કોર એસેસમેન્ટ સાથે "સિસ્ટમેટિક ઇમ્યુનિટી પ્લાન" (S.I.P.) કેમ્પેઇન લોન્ચ કર્યું

(એજન્સી) અમદાવાદ | તા 26



ભારતના જાણીતા સાયન્સ આધારિત આયુર્વેદ એક્સપર્ટ ડાબર ઈન્ડિયા લિમિટેડે તેના નવા હેલ્થ ઈનિશિએટિવ કેમ્પેઇન, સિસ્ટેમેટિક ઈમ્યુનિટી પ્લાનની જાહેરાત કરી છે. આ તેના ફ્લેગશિપ હેલ્થ સપ્લીમેન્ટ ડાબર ચ્યવનપ્રાશ પર આધારિત છે.ડાબર ચ્યવનપ્રાશનો સિસ્ટમેટિક ઈમ્યુનિટી પ્લાન (S.I.P.)એક વિગતવાર અને ચાર સ્તંભો પર આધારિત સ્વાસ્થ્ય યોજના છે, જેનો મુખ્ય હેતુ દરેક વ્યક્તિને દૈનિક જીવનમાં મજબૂત રોગપ્રતિકારક શક્તિ વિકસાવવાની પ્રેરણા આપવાનો છે. આ ચાર અગત્યના આધારસ્તંભો છે:

1- સંતુલિત આહાર દ્વારા પોષણ

2- નિયમિત વ્યાયામ દ્વારા શારીરિક સક્રિયતા

3 - દરરોજ બે ચમચી ડાબર ચ્યવનપ્રાશનું સેવન (વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત ઈમ્યુન સપોર્ટ માટે)

4- ડિજિટલ ઈમ્યુનિટી એસેસમેન્ટ એન્ડ ટ્રેકિંગ (વ્યક્તિગત રોગપ્રતિકારક શક્તિ માપવા અને સુધારવા માટે)

ડાબરે ભાર આપ્યો છે કે મજબૂત ઈમ્યુનિટી એક વખત કરવાનું કાર્ય નહીં, પરંતુ નિયમિત અને સ્ટ્રીક્ટ જીવનશૈલીનું શિસ્તબદ્ધ પાલન છે.

ડાબર ઈન્ડિયા લિમિટેડના માર્કેટિંગ હેડ-હેલ્થ સપ્લિમેન્ટ્સના શ્રી અમિત ગર્ગે જણાવ્યું કે,ડાબર ચ્યવનપ્રાશનો સિસ્ટમેટિક ઈમ્યુનિટી પ્લાન અમારા હોલિસ્ટિક વેલનેસના મિશનનું પ્રતિબિંબ છે, રોગપ્રતિકારક શક્તિ કોઈ એક દિવસનું કામ નથી તે તો દરરોજનું નિયમિત કાર્ય છે.

## લિમિટેડ ઍડિશન લૉન્ગ બુક્સ સાથે 'યુવા' ઉજવણી કરે છે ભારતના ઐતિહાસિક મહિલા વિશ્વ કપ વિજયની

(એજન્સી) અમદાવાદ | તા 26

બીજી નવેમ્બર, 2025ના દિવસે ભારતીય મહિલા ક્રિકેટ ટીમે મહિલા વિશ્વ કપના 50 વર્ષના ઈતિહાસની સફરમાં પહેલીવાર આ ટુર્નામેન્ટ જીતી ઈતિહાસ રચ્યો હતો. આ અસાધારણ સિદ્ધિના માનમાં નવનીત ઍજ્યુકેશન લિમિટેડની બ્રાન્ડ 'યુવા'એ લિમિટેડ-ઍડિશન સિરીઝ- 'વુમન્સ વર્લ્ડ કપ લૉન્ગ બુક્સ' (A4, 127 પાનાં) રજૂ કરી છે. દેશભરના ક્રિકેટપ્રેમીઓને એકતાંતણે બાંધતા ટીમના મિજાજ, ખંત તથા જુસ્સાની ઉજવણી માટેનું આ કલેક્શન કરે છે.





★TeamIndia ભારતીય ટીમની સખત મહેનત, દૃઢ નિર્ધાર અને એકતાએ દેશને યશ-કીર્તિ અપાવી એ ગર્વભરી ક્ષણે લાખો લોકોના હૃદયો આનંદ અને ગૌરવથી છલોછલ થઈ ગયા હતા. આ શ્રેણીમાંની દરેક બુક આ દંતકથા સમાન વિજયની ઉત્તેજનાના આપણી મહિલા ચૅમ્પિયન્સના આત્મવિશ્વાસ તથા ગૌરવનું પ્રતિબિંબ પાડતાં જીવંત દૃશ્યોને ઝીલે છે.

★YouvaGirlPower તસવીરોથી સજ્જ છે તથા ઊડીને આંખે વળગે છે, જે યુવાન વાચકોને યાદ અપાવે છે કે દૃઢતા, હિંમત તથા આત્મવિશ્વાસ કંઈ પણ પ્રાપ્ત કરવામાં તેમની મદદ કરે છે.

## ક્લીન ઈન્ડિયા શો સાથે સહ-સ્થિત લોન્ડ્રેક્સ ઈન્ડિયા 2025નો શુભારંભ

(એજન્સી) અમદાવાદ | તા 26





ક્લીનિંગ, હાઈજીન અને ઈન્ડસ્ટ્રિયલ ક્લીનિંગ માટે સમર્પિત ભારતનું એકમાત્ર એકીકૃત પ્રદર્શન ક્લીન ઈન્ડિયા શોની બહુપ્રતિક્ષિત 21મી આવૃત્તિનો આજે વિધિસર રીતે બોમ્બે એક્ઝિબિશન સેન્ટર, મુંબઈ ખાતે શુભારંભ થયો. ઈવેન્ટ લિનેન કેર સોલ્યુશન્સ પર કેન્દ્રિત વિશિષ્ટ મંચ લોન્ડ્રેક્સ ઈન્ડિયા સાથે સહ- સ્થિત છે. એકત્રિત રીતે આ શો 26મીથી 28મી નવેમ્બર, 2025 સુધી એક છત હેઠળ ઈનોવેશન અને નિપુણતાનું અસમાંતર પ્રદર્શન લાવશે.વ્યાપક શો ફ્લોરમાં રોબોટિક ક્લીનિંગસોલ્યુશન્સ, માપક્ષમ એર ક્વોલિટી સિસ્ટમ્સ, ફેસિલિટી મેનેજમેન્ટ સોફ્ટવેર અને ઓટોમેશન, ગ્રીન ક્લીનિંગ કેમિકલ્સ, વોટરલેસ હાઈજીન અને સેનિટેશન પ્રોડક્ટો, સરફેસ મેઈનટેનન્સ, સિટી ક્લીનિંગ સિસ્ટમ્સ, વેસ્ટ મેનેજમેન્ટ સોલ્યુશન્સ, વેહિકલ કેર ટૂલ્સ અને હાઈજીનિક લિનેન અને ડ્રાય ક્લીનિંગ ઈનોવેશન્સ જેવા વિવિધ સેગમેન્ટ્સને આલેખિત કરતી 600થી વધુ અગ્રણી બ્રાન્ડ્સમાંથી સ્વર્ણિમ પ્રદર્શનનું આયોજન કરાશે.પ્રદર્શનનું ઉદઘાટન અગ્રણીઓની હાજરીમાં કરાયું, જેમાં પ્રોપર્ટી એન્ડ ફેસિલિટીઝ મેનેજમેન્ટના ભારત અને એપીએસીના એક્ઝિક્યુટિવ મેનેજિંગ ડાયરેક્ટર શ્રી સથીશ રાજેન્દ્રન, ડસ્ટર્સ ટોટલ સોલ્યુશન્સ સર્વિસીસ પ્રા. લિ.ના સીઈઓ શ્રી સંજીવ કુમાર એનજીએસ, ઓ'તેરીના સીઓઓ શ્રી મનોજ વનવારી, ચારનોક ઈક્વિપમેન્ટ્સ પ્રા. લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી વિવેક માતા, બુઝિલ રોઝરીના એસએએઆરસીના હેડ સેલ્સ શ્રી વંચિનાથમ, જેએસડબ્લ્યુ સ્ટીલના એડમિનિસ્ટ્રેશનના સિનિયર વીપી શ્રી સુનિલ રાલ્ફ, વીડીએમએ જર્મનીના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી પીટર હગ, એફએફ સર્વિસીસના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અને સીઈઓ શ્રી વિનય આર. દેશમુખ, આઈપીએચએના સંસ્થાપક (જેએલએલ તરફથી) શ્રીમતી સોનિયા મિતલ, ડીએલએઆઈના પ્રેસિડેન્ટ શ્રી સુરેશ ભાટિયા., મેસ્સી ફ્રેન્કફર્ટ એશિયા હોલ્ડિંગ્સ લિ.ના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અને બોર્ડ મેમ્બર શ્રી રાજ માણેક, વીઆઈએસ ગ્રુપના શ્રી જયરામન નાયર, મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જે પી નાયર, એડિટર-ઈન-ચીફ શ્રીમતી મંગલા ચંદ્રનનો સમાવેશ થતો હતો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# ગીર-ગઢડામાં સિંહણે બે વર્ષની બાળકીને ફાડી ખાધી

## એક કિમી દૂર લાશ મળી, વન વિભાગે માનવભક્ષી સિંહણને ગણતરીના કલાકોમાં પાંજરે પૂરી

(એજન્સી) ઉના | તા. 26

aગીર-ગઢડા તાલુકાના પીછવી ગામ નજીક જંગલની હદ (બોર્ડર) પાસે રહેણાક વિસ્તારમાં આજે સવારના સમયે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના બની છે. જંગલમાંથી ધસી આવેલી એક સિંહણે મકવાણા પરિવારની બાળકીને તેની માતાની નજર સામે ઉઠાવી જઈ લગભગ એક કિલોમીટર દૂર ફાડી ખાધી હતી, જોકે ગણતરીના કલાકોમાં જ વન વિભાગે માનવભક્ષી સિંહણને પાંજરે પૂરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, પીછવી ગામમાં આ ઘટના બની હતી. પીછવી ગામના હરસુખભાઈ મકવાણાની પુત્રી આરાધ્યા હરસુખભાઈ મકવાણા (ઉંમર આશરે 2 વર્ષ) તેની માતા ભારતીબેન વાસણ કરી રહ્યાં હતાં ત્યારે આ ઘટના બની હતી. પરિવારમાં લગ્નપ્રસંગ હોવાથી ઘરના અન્ય સભ્યો ઘરે હતા, જ્યારે ભારતીબેન વાસણ સાફ કરી રહ્યાં હતાં.

બનાવ આજે સવારે 10થી 10:30 વાગ્યાની આસપાસ બન્યો હતો. બાળકી આરાધ્યા મકાન પાસે રમતી હતી અને માતા ભારતીબેન વાસણ સાફ કરી રહ્યાં હતાં. જંગલની નજીક વાડી આવેલી હોવાથી અચાનક જંગલ વિસ્તારમાંથી એક સિંહણ આવી પહોંચી હતી અને બાળકી આરાધ્યાને પકડીને જંગલ તરફ ભાગી ગઈ હતી.

માતા ભારતીબેને રાડારાડ કરતાં પરિવારના અન્ય લોકો પણ સિંહણની પાછળ દોડ્યા હતા. જોકે સિંહણ આરાધ્યાને વાડીથી આશરે એક કિલોમીટર દૂર જંગલમાં લઈ ગઈ હતી અને તેને ફાડી ખાધી હતી. પીછો કરનારા લોકો નજીક પહોંચતાં સિંહણ બાળકીના મૃતદેહને મૂકીને જંગલમાં ભાગી ગઈ હતી.

બાળકી આરાધ્યાનો મૃતદેહ ગંભીર હાલતમાં મળતાં પરિવાર અને ગ્રામજનોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મૃતદેહને ચાર રૂમાલમાં ઢાંકીને તાત્કાલિક પોસ્ટમોર્ટમ (પી.એમ.) માટે ગીર-ગઢડાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં ગ્રામજનો અને આગેવાનો હોસ્પિટલે ઊમટી પડ્યાં હતાં.



### માનવભક્ષી સિંહણ પાંજરે પુરાઈ

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને જામવાળા રેન્જના આર.એફ.ઓ. સહિત વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર અને હોસ્પિટલે પહોંચી હતી. વન વિભાગની ટીમે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી અને ગણતરીની કલાકોમાં જ આ માનવભક્ષી સિંહણનું લોકેશન મેળવીને એને પાંજરે પૂરી દીધી હતી.

## પૂર્વ મંગેતરે દુષ્કર્મની ફરિયાદ નોંધાવ્યાના એક વર્ષ બાદ જીત પાબારીનો આપઘાત, એક જ તારીખનો યોગાનુયોગ

# રાજકોટમાં ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળાએ આત્મહત્યા કરી



(એજન્સી) રાજકોટ | તા. 26

રાજકોટના માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ અમીન માર્ગ પર રહેતા ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળા જીત રસિકભાઈ પાબારીએ (ઉં.વ. 28) પોતાના નિવાસ્થાને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. સવારથી જ જીત ઘરે જ હતો. પરિવારજનો તેના રૂમમાં જોવા ગયા તો તે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવતાં તાત્કાલિક કાલાવડ રોડ પરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસ કરી તેને મૃત જાહેર કર્યો. આ બનાવની જાણ થતાં માલવિયાનગર પોલીસનો સ્ટાફ હોસ્પિટલ તેમજ ઘરે પહોંચી તપાસ શરૂ કરી છે. હાલ કોઈ સુસાઈડ નોટ મળી નથી, પરંતુ પોલીસે ઘરની તપાસ હાથ ધરી છે. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે, જીત છેલ્લા ઘણા સમયથી ડિપ્રેશનમાં હતો. પોલીસે આકસ્મિક મૃત્યુનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ગત 26 નવેમ્બર 2024ના રોજ માલવિયાનગર પોલીસ સ્ટેશન ખાતે જીત પાબારીની પૂર્વ મંગેતર દ્વારા જીત વિરુદ્ધ દુષ્કર્મની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આમ, એક વર્ષ બાદ એટલે કે 26 નવેમ્બર, 2025ના રોજ આત્મહત્યા કરી લીધી છે. જીત પાબારીએ અમીન માર્ગ સ્થિત પોતાના ઘરે જ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં બેભાન હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબે મૃત જાહેર કરી માલવિયાનગર પોલીસને જાણ કરી હતી.

એક વર્ષ પહેલાં પૂર્વ મંગેતરે નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જીત રસિક પાબારીનું નામ આપી જણાવ્યું હતું કે તે તેમનાં માતા-પિતા સાથે રહે છે. વર્ષ 2014માં ફેસબુકમાં જીત પાબારીની ફ્રેન્ડ રિકવેસ્ટ આવી અને વાતચીત ચાલુ કરી હતી. જીત પાબારીએ જણાવ્યું કે મને તું પસંદ છો. બાદમાં બંને પરિવારજનો લગ્ન બાબતે સહમત થયાં હતાં. 8 ઓક્ટોબર, 2021ના બંનેનાં પરિવારજનોના નક્કી થયા મુજબ ગોળધાણાની વિધિ કરવામાં આવી હતી અને 27 જાન્યુઆરી 22ના રોજ બંનેની સગાઈ કરવામાં આવી હતી.

મૃતક જીતની પૂર્વ મંગેતરે લગ્નની લાલચ આપી જીત પાબારી દ્વારા બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધવામાં આવ્યાના આક્ષેપ કર્યા હતા. સગાઈ કરી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું તેમજ ત્યાર બાદ સગાઈ તોડી નાખવામાં આવી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો.

### રૂમમાં બોલાવી બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યો

26 નવેમ્બર, 2024ના રોજ કરેલી દુષ્કર્મની પોલીસ ફરિયાદ મુજબ, સૌપ્રથમવાર સિઝન્સ હોટલમાં સગાઈ વખતે આરોપીએ બળજબરી કરવાની કોશિશ કરી હતી, પરંતુ ત્યારે મહેમાનો અને ઘણા લોકો હોવાથી તેણે પ્રતિકાર કર્યો હતો. બાદમાં જીતના પરિવાર સાથે કૌટુંબિક ફંકશન માટે દુબઈ ગઈ હતી. ત્યાર બાદ દિવાળીના સમયમાં આરોપીના ઘરે ગઈ ત્યારે રૂમમાં બોલાવી બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યો હતો. બીજા દિવસે પણ મરજી વિરુદ્ધ શરીરસંબંધ બાંધ્યો હતો. આરોપીએ મોબાઈલ ફોનમાં ઉતારેલો વીડિયો અને ફોટોગ્રાફ્સ બતાવી કહ્યું હતું કે હવે તું આ વાત કોઈને કહેતી નહીં, નહીંતર આ વીડિયો અને ફોટોગ્રાફ્સ વાઈરલ કરી દઈશ.

### ચેતેશ્વરની પત્નીએ એકનો એક ભાઈ ગુમાવ્યો

ચેતેશ્વર પૂજારાનાં સાસરિયાં જામજોધપુરનાં છે, પરંતુ વીસેક વર્ષથી રાજકોટમાં જ રહે છે. તેના સસરાને કોટનની જિનિંગ ફેક્ટરી છે. ચેતેશ્વરની પત્ની પૂજા ઉપરાંત તેને એક નાનો ભાઈ અને એક નાની બહેન છે. પૂજાનો જન્મ ગોંડલમાં થયો છે. દસમા ધોરણ સુધી આબુની સોફિયા સ્કૂલથી ભણી 11-12 અમદાવાદથી કર્યું છે અને માસ્ટર ડિગ્રી બોમ્બેથી મેળવી છે. એ પછી એક વર્ષ સુધી મલ્ટીનેશનલ કંપનીમાં જોબ કરી અને પછી ચેતેશ્વર મળી ગયો અને મેરેજ કરી લીધા.

## ન્યૂઝ ફ્લેશ

### અમીરગઢમાં 60 મણ ખેરના લાકડા ઝડપાયા

બનાસકાંઠા | અમીરગઢ રેન્જના ખજુરિયા વિસ્તારમાંથી આશરે 60 મણ ખેરના ગેરકાયદેસરરીતે કપાયેલા લાકડા ઝડપી પાડવામાં આવ્યા છે. અમીરગઢ વન્યજીવ ટીમે આ કાર્યવાહી કરી હતી.

ઈકબાલગઢ રાઉન્ડની ઝાંઝરવા બીટના વન રક્ષકને મળેલી બાતમીના આધારે ખજુરિયા ગામના માવ ભગાભાઈના સર્વે નંબરવાળા ખેતરમાં તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ખેરના લીલા વૃક્ષો કાપીને એકત્ર કરેલા મળી આવ્યા હતા. આ વૃક્ષો કાપવા માટે વન વિભાગની પૂર્વ મંજૂરી લેવામાં આવી ન હોવાથી, અમીરગઢ રેન્જ દ્વારા સમગ્ર મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. 25 નવેમ્બર, 2025ના રોજ વન રક્ષકને બાતમી મળતા તેઓ સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે વનપાલ ઈકબાલગઢ બાથીજીને જાણ કરતા, તેઓ તેમની ટીમ અને પંચો સાથે સ્થળ પર પહોંચ્યા અને કપાયેલા ખેરના લીલા વૃક્ષોનો મુદ્દામાલ જપ્ત કરીને નર્સરી ખાતે લાવ્યા હતા. વન વિભાગના જણાવ્યા અનુસાર, ખેર એ અનામત વૃક્ષની શ્રેણીમાં આવે છે. ખેર, ચંદન, સીસમ, મહુડો અને સાગ જેવા પાંચ વૃક્ષો અનામત વૃક્ષો ગણાય છે. જો આ વૃક્ષો પોતાની માલિકીની જમીનમાં હોય તો પણ તેને કાપવા માટે વન વિભાગની પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત છે. પૂર્વ મંજૂરી વગર અનામત વૃક્ષો કાપવા એ ભારતીય વન અધિનિયમ 1927 હેઠળ ગુનો બને છે. અમીરગઢ રેન્જ દ્વારા લોકોને આવા વૃક્ષો કાપતા પહેલા વન વિભાગની મંજૂરી લેવા અપીલ કરવામાં આવી છે. છેલ્લા ત્રણ મહિનામાં અમીરગઢ રેન્જ દ્વારા ખેરના ગેરકાયદેસર કપાણનો આ ત્રીજો બનાવ નોંધાયો છે.

### ભરૂચના યુવકનું અપહરણ અને ખંડણી કેસ

વડોદરા | વડોદરા શહેરમાંથી ભરૂચના યુવકનું અપહરણ કરીને ખંડણી વસુલનાર પોલીસકર્મી સહિત બે આરોપીના રિમાન્ડ પૂરા થતા કોર્ટના આદેશ બાદ જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. પોલીસકર્મી યાજ્ઞિક ચાવડાને ગોધરા જેલમાં મોકલવામાં આવ્યો છે. અને આફતાબ પઠાણને વડોદરા સેન્ટ્રલ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. આ કેસમાં હજુ એક પોલીસ સહિત અન્ય એક આરોપી વોન્ટેડ છે. જ્યારે યુવતી સામે પણ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું છે.

ભરૂચ જિલ્લાના શેરપુરા રોડ પર આવેલી મદીના પાર્ક સોસાયટીમાં રહેતા અફાન ઉસ્માન કાનીનું અમદાવાદ એસઓજી પોલીસ હોવાની ઓળખ આપીને અપહરણ કર્યું હતું અને અમદાવાદ ખાતે લઈ ગયા હતા, ત્યારબાદ 50 લાખની માગણી કરી હતી. 50 લાખ આપવા પડશે, નહી તો તારા પર ખોટા કેસ કરી ફસાવી દઈશુ તેવી ધમકી આપી હતી. યુવકની પાસેથી સાડા ચાર લાખ રૂપિયા બળજબરીથી પડાવી લીધા હતા. જેમાં પોલીસ દ્વારા પોલીસે સેન્ટ્રલ જેલમાં હવાલદાર તરીકે ફરજ બજાવતા યાજ્ઞિક ચાવડા અને કે. ડી. કુંભાર તેમજ આફતાબ પઠાણ અને અન્ય એક મળી સહિત ચાર લોકો સામે અપહરણ તથા ખંડણીનો ગુનો દાખલ કર્યો હતો.

## દારૂ-જુગારના પૈસા લેતા હશો તો પટ્ટા ઊતરતાં વાર નહીં લાગે...

# મેવાણી બાદ અનંત પટેલની પણ ખુલ્લી ચેતવણી

(એજન્સી) નવસારી | તા. 26

કોંગ્રેસની ગત 22 નવેમ્બરથી વાવ-થરાદ જિલ્લાના ઢીમા ગામથી જનઆક્રોશ રેલી પછી જિગ્નેશ મેવાણીએ પોલીસ પર કરેલી ટિપ્પણી બાદ હાલ સમગ્ર ગુજરાતમાં પોલીસ તેમજ મેવાણીના સમર્થકો દ્વાર સામસામે વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે આજે નવસારીમાં કોંગ્રેસની આક્રોશ સભામાં ધારાસભ્ય અનંત પટેલે પણ પોલીસના પટ્ટા ઉતારવાની વાતો કરી છે.

જીગ્નેશ મેવાણીએ જે રીતે પોલીસ સામે આક્ષેપ કરતા રાજ્યમાં પોલીસ બેડામાં હડકંપ મચી ગયો છે તે વિવાદમાં હવે અનંત પટેલે પણ ઝુકાવ્યું છે. નવસારીના સાદડવેલમાં કાવેરી સુગરની હરાજીના વિરોધમાં યોજાયેલી ખેડૂત આક્રોશ સભામાં અનંત પટેલે કહ્યું હતું કે, તમે સારા કામ ન કરવાના હોય, દારૂવાળા ના પૈસા લેવાના હોય, જુગાર વાળા ના પૈસા લેવાના હોય, ચકલી, પોપટ વાળાના પૈસા લેવાના હોય, ડ્રગ્સ વાળાના પૈસા લેવાના હોય, તો સમજી લેજો તમારા પટ્ટા પણ ઉતરી જશે. 2027માં અમારી જ સરકાર આવે છે.

ચીખલીના સાદડવેલ ગામે સ્થિત કાવેરી સુગર મંડળીની હરાજી થઈ ગઈ છે. આજે વાંસદાના ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં ચીખલીના સાદરવેલ ગામમાં ખેડૂત આક્રોશ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાવેરી સુગર મિલની સ્થાપના વર્ષ 1981માં કોંગ્રેસ પાર્ટી દ્વારા આદિવાસી ખેડૂતોના હિતમાં કરવામાં આવી હતી. વર્ષ 1989માં સુપ્રીમ કોર્ટમાંથી લાયસન્સ મેળવ્યા બાદ ખેડૂતોના શેરના નાણાંથી સાદડવેલમાં જમીન ખરીદવામાં આવી હતી.

4 ઓગસ્ટ 2016ના રોજ તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે મિલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તે સમયે 15,000થી વધુ સભાસદોની હાજરીમાં મુખ્યમંત્રી અને નાણામંત્રી સૌરભ પટેલે સરકારી શેરફાળો એડવાન્સમાં આપવાની જાહેરાત કરી હતી. હાલમાં મંડળીના 25,000 સભાસદો છે, જેમાંથી 19,000 સભાસદો માત્ર કાવેરી સુગર સાથે જ જોડાયેલા છે. NCDCએ મંડળીની હરાજીની જાહેરાત કર્યા બાદ તેની કામગીરી પૂર્ણ પણ થઈ છે, જેનો સ્થાનિક આદિવાસી ખેડૂતો વિરોધ કરી રહ્યા છે.



### હરાજીથી આદિવાસી ખેડૂતોના કરોડો રૂપિયા ડૂબવાની આશંકા

વચન મુજબનો શેરફાળો અને આદિવાસી સભાસદોની શેર મૂડી લોન હજુ સુધી આપવામાં આવી નથી. 19.51 કરોડનો શેરફાળો પણ બાકી છે.મિલ શરૂ ન થવાને કારણે આદિવાસી ખેડૂતો ખાનગી કોલાઓમાં ઓછા ભાવે શેરડી વેચવા મજબૂર બન્યા છે. હરાજીથી આદિવાસી ખેડૂતોના કરોડો રૂપિયા ડૂબવાની આશંકા છે.

ભાજપ સરકારના હોદ્દેદારો જ મંડળીના બોર્ડમાં નિયુક્ત છે તેમ છતાં આ સમસ્યાનું નિરાકરણ આવ્યું નથી. આ પ્રકારના આક્ષેપો કરી આજે મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો અને વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ દ્વારા ખેડૂત આક્રોશ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

### 22 નવેમ્બર: જિગ્નેશ મેવાણીએ શું કહ્યું હતું?

કોંગ્રેસે ગત 22 નવેમ્બરથી વાવ-થરાદ જિલ્લાના ઢીમા ગામથી જનઆક્રોશ રેલીની શરૂઆત કરી છે. આ દરમિયાન થરાદના શિવનગર ખાતે દારૂના દૂષણને લઈ જિજ્ઞેશ મેવાણી લોકો સાથે થરાદ પોલીસ મથકે પહોંચ્યા હતા અને થરાદ એસ.પી. સહિતના પોલીસ સ્ટાફને પોલીસના પટ્ટા ઉતારી દેવાની વાત કરી હતી. એમાં તેમણે જણાવ્યું હતું કે, આ પટ્ટા તમારા છે, અમારા નહીં. એટલે તમારા પટ્ટા ઊતરી જશે. તમે કહો તો 24 કલાકમાં વર્તમાન અને ભૂતકાળના તમામ વહીવટદારોનાં નામ સાથેનું લિસ્ટ આપીશ. એ બાદ પોલીસ પરિવારે વિરોધ પ્રદર્શન કરીને મેવાણીના રાજીનામાની માંગ કરી હતી. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, અનેક ડિગ્રીઓ જેની પાસે હોય, પરંતુ ડિગ્રીની સાથે સાથે જેને સમાજના સંસ્કાર ન મળ્યા હોય એવા અનેક લોકો તમારી કચેરીએ આવશે અને અનેક લોકો તમારા પટ્ટા ઉતારી લેવાની પણ વાત કરશે અનેક લોકો તમારી નોકરીમાંથી કાઢવાની પણ વાત કરશે. મેવાણીના નિવેદન બાદ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં પોલીસ પરિવારે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપીને જણાવ્યું છે કે, વાવ-થરાદ જિલ્લામાં જનઆક્રોશ રેલી દરમિયાન પ્રજાની રજૂઆત કરતી વખતે ધારાસભ્ય મેવાણીએ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે જાહેરમાં અયોગ્ય વર્તન કર્યું હતું.

## સુરેન્દ્રનગરમાં ગેરકાયદેસર LPG સિલિન્ડરનો મોટો જથ્થો જપ્ત...

(એજન્સી) સુરેન્દ્રનગર | તા. 26

સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદેસર LPG સિલિન્ડરના સંગ્રહ અને વેચાણ સામે પુરવઠા વિભાગે મોટી કાર્યવાહી કરી છે. લીંબડી-ધંધુકા હાઈવે પર આવેલી એક રેસ્ટોરન્ટમાંથી અંદાજિત 7.16 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા માટે સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે, જિલ્લા પુરવઠા અધિકારી એ.જી. ગજ્જર અને તેમની ટીમે શ્રી રામ રેસ્ટોરન્ટ ખાતે આકસ્મિક તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન, રેસ્ટોરન્ટના કમ્પાઉન્ડમાં જાહેર સ્થળે LPG કોમર્શિયલ સિલિન્ડરોનો અનધિકૃત સંગ્રહ અને વેચાણ થતું હોવાનું માલૂમ પડ્યું હતું. સ્થળ પરથી Go Gasના સંચાલક કિશનભાઈ દશરથભાઈ પાડલીયા અને Earth Gasના સંચાલક દશરથભાઈ પાડલીયા દ્વારા સંગ્રહ કરાયેલા કુલ 54 LPG સિલિન્ડર મળી આવ્યા હતા, જેમાં 16 ભરેલા અને 38 ખાલી સિલિન્ડરનો સમાવેશ થાય છે. સંચાલકો પાસે આ જથ્થાના સંગ્રહ કે વેચાણ માટે કોઈ પણ પ્રકારના લાઈસન્સ, PESO લાઈસન્સ કે ફાયર સેફ્ટીની મંજૂરી નહોતી. જાહેર સલામતીની પરવા કર્યા વગર ચલાવાતી આ ગેરકાયદેસર પ્રવૃત્તિ બદલ, ટીમે તુરંત કાર્યવાહી કરીને 1,41,900ની કિંમતના તમામ 54 સિલિન્ડર અને 5,75,000ની કિંમતનું એક વાહન જપ્ત કર્યું હતું.

# હિંમતનગરમાં ટ્રકે રોલરને ટક્કર મારતાં એન્જિનિયર સહિત 4નાં મોત:NH-48 પરના GIDC ઓવરબ્રિજ પર ચાલુ કામગીરીએ અકસ્માત

(એજન્સી) સાબરકાંઠા | તા. 26

અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે 48 પર હિંમતનગર નજીક GIDC ઓવરબ્રિજ પર મંગળવારે મોડીરાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર રોડ નિર્માણની કામગીરી ચાલી રહી હતી ત્યારે એક સિમેન્ટ ભરેલા ટ્રક-ટ્રેલરે સેફ્ટી ગાર્ડ તોડીને રોડ રોલરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી.

આ ગોઝારી દુર્ઘટનામાં રોલરની આગળ ઊભેલા એક એન્જિનિયર તથા ત્રણ શ્રમિક સહિત કુલ ચાર વ્યક્તિ કચડાઈ જતાં તેમનાં કરુણ મોત નીપજ્યાં હતાં, જેમાં ટ્રેલરનાં ટાયર નીચે પણ કેટલાક ચગડાયા હતા. આ દુર્ઘટના કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અહીં નિરીક્ષણ કરે એના ગણતરીના કલાકો પહેલાં બની હતી.

નોંધનીય છે કે આ દુર્ઘટના એવા સમયે બની છે, જ્યારે બુધવારે બપોર બાદ કેન્દ્રીય માર્ગ પરિવહનમંત્રી નીતિન ગડકરી અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ હિંમતનગરના મોતીપુરાથી ચિલોડા સુધીના નેશનલ હાઈવે 48ના માર્ગનું



નિરીક્ષણ કરવાના હતા. આ મહત્ત્વના નિરીક્ષણને ધ્યાનમાં રાખીને જ રોડ, ઓવરબ્રિજ અને સર્વિસ રોડ બનાવવાની કામગીરી રાત્રિ દરમિયાન પુરજોશમાં ચાલી રહી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના મંગળવારે રાત્રે આશરે 11:45 વાગ્યે બની હતી. હિંમતનગરથી અમદાવાદ તરફ જઈ રહેલા સિમેન્ટ ભરેલા ટ્રક-ટ્રેલર (નંબર RJ-19-EA-4384)ના ચાલકે બેફામ ગતિએ વાહન ચલાવીને ઓવરબ્રિજ પર રોડ બનાવવાની કામગીરીમાં વ્યસ્ત રોલરને પાછળથી ટક્કર મારી દીધી હતી.

ટ્રકની ટક્કર એટલી જોરદાર હતી કે રોલર એના પર ફરી વળ્યું હતું. રોલરની આગળ ઊભેલી ચાર વ્યક્તિમાં એન્જિનિયર અસીમ અક્ષય મજમુદાર (ઉં.વ. 36, પશ્ચિમ બંગાળ) તેમજ શ્રમિકો સોમાભાઈ ચતુરભાઈ નાયક (ઉં.વ. 52, મહીસાગર), ભેમાભાઈ સુરમાભાઈ નાયક (ઉં.વ. 45, મહીસાગર) અને રઘુભાઈ રમણભાઈ નાયક (ઉં.વ. 18, મહીસાગર) રોલર નીચે કચડાઈ ગયા હતા. ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ તેમનાં મોત નીપજ્યાં હતાં. રોલરચાલક બાબુલાલને પણ ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માત સર્જ્યા બાદ ટ્રક-ટ્રેલરનો ચાલક પોતાનું વાહન ઓવરબ્રિજના છેડે મૂકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ હિંમતનગર એ ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો.

## 40 કરોડના ફ્રોડની ધમકી આપતા કાયાવરોહણના ખેડૂતે ઝેરી દવા પી જિંદગી ટૂંકાવી હતી

# ડિ.એરેસ્ટ બાદ આત્મહત્યા કેસમાં બે આરોપી દબોચાયા

(એજન્સી) વડોદરા | તા 26

રાજ્યમાં પ્રથમ ડિજિટલ એરેસ્ટ દ્વારા ખેડૂતને કરોડો રૂપિયાના ફ્રોડની ધમકીથી આપઘાત કેસમાં પોલીસે બે આરોપીને દબોચી લીધા છે. ડભોઈના કાયાવરોહણ ગામે રહેતા 65 વર્ષીય અતુલભાઈ હિરાભાઈ પટેલે આપઘાત કરી લીધો હતો. ખેડૂતને રૂપિયા 40 કરોડનું ફ્રોડની ધમકી આપી ડરાવ્યા હતા. આ મામલે ડભોઈ પોલીસે આખરે ફરિયાદ નોધી બે આરોપી એવા નિકુંજ પાનશેરિયા અને હેનિલ પાનશેરિયાને પકડી લીધા છે.

17 નવેમ્બરના રોજ વડોદરા જિલ્લાના કાયાવરોહણના કાકા રામના ફળિયામાં રહેતા અને ખેતીકામ કરતા 65 વર્ષીય અતુલભાઈ હીરાભાઈ પટેલને ભેજાબાજોએ દિલ્હી ATSના નામે ફોન કરી તેમના બેંક એકાઉન્ટમાં રૂ. 40 કરોડના ફ્રોડ અંગે તપાસ ચાલી રહી હોવાનું કહી ધમકાવ્યા હતા. ત્યાર બાદ તેમને એક દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ રાખ્યા હતા.

સતત દબાણ અને ભયને કારણે અતુલભાઈએ સોમવારે(17 નવેમ્બર) વહેલી સવારે 5 વાગ્યે ઘરે જ ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. પરિવારજનોને આ ઘટનાની પાછળ કોઈ મોટી છેતરપિંડી થઈ હોવાની શંકા થતાં તેમણે અતુલભાઈના ફોનમાં આવેલા નંબર પર સંપર્ક કર્યો હતો. ભેજાબાજે આઈકાર્ડ મોકલી પોતે એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ(ATS)નો ઈન્સ્પેક્ટર ગૌરવ ગ્રોવર હોવાનો દાવો કર્યો હતો. પરિવારજનોનું કહેવું છે કે ATS અને 40 કરોડના ફ્રોડની ધમકીએ અતુલભાઈને ભયભીત કરી દીધા હતા. આ ઘટનાની જાણ થતાં ડભોઈ પોલીસે તપાસ શરૂ કરી હતી.

મૃતકના ભત્રીજા અંશ પટેલે જણાવ્યું હતું કે હું કાયાવરોહણ ગામમાં રહું છું. અમારા કાકા આજે અમારી વચ્ચે નથી રહ્યા, તેઓ ખેતી કરતા હતા. ત્રણ દિવસથી તેઓ બેચેન રહેતા હતા. કોઈને કશું કહેતા નહોતા. અમારા લાખ પૂછવા છતાંય તેમણે કોઈને કશું કીધું નહોતું. તેમના મિત્રોએ પણ બહુ પૂછ્યું, તેમને પણ કશું ના કીધું. પછી સોમવારે સવારે 5 વાગ્યે તેમણ દવા પી લીધી હતી, જેથી અમે તેમને દવાખાને લઈ ગયા હતા. મંગળવારે સવારે તેમનું મોત થયું હતું. સાયબર ક્રાઈમનો ફ્રોડ બહુ જ વધી ગયો છે.

### ઘરની બહાર નીકળતા નહીં કહીને ધમકાવતા હતા

સાયબર ઠગો દર 5 મિનિટે કોલ કરતા, ઘરની બહાર નીકળતા નહીં, કહીને ધમકાવતા હતા, જોકે પછી કાકાએ મને એકલાને બોલાવી કહ્યું હતું કે 'દિલ્હી પોલીસના ફોન આવ્યા કરે છે'. તેઓ ખૂબ ગભરાઈ ગયા હતા. કાકાને એક આખો દિવસ ડિજિટલ એરેસ્ટ રખાયા હતા. સામેથી 5-5 મિનિટે વ્હોટ્સએપ કોલ તથા વીડિયો કોલ કરવામાં આવતો હતો.

## ધોલેરા એક્સપ્રેસ-વે પર બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત: હોટલના માલિકનું મોત, 4 ઘાયલ



(એજન્સી) ધોલેરા | તા. 26

ધોલેરા-ભાવનગર હાઈવે પર મુંડી પાટિયા નજીક બે કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ચાર વ્યક્તિઓ ઘાયલ થયા હતા, જેમાંથી એકનું સારવાર દરમિયાન નિધન થયું છે. મૃતક પીપળી શ્રીનાથ હોટલના માલિક મુન્નાભાઈ પીપળીવાળા હતા. અકસ્માત બાદ તેમને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મુન્નાભાઈ પીપળીવાળાનું મોડી રાત્રે સારવાર દરમિયાન અવસાન થયું હતું. અકસ્માતમાં ઘાયલ થયેલા અન્ય ત્રણ વ્યક્તિઓની હાલત હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત ગઈકાલે બપોર બાદ થયો હતો. મુન્નાભાઈને ગંભીર ઈજાઓ થતાં તેમને ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો.

**મિથુન : ક. છ. ઘ.**

સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે.

**કર્ક : ડ. હ.**

તમારી જાતને આજે તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો.

**સિંહ : મ. ટ.**

વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે.

**તુલા : ર. ત.**

ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. તમારી જાતને ઘરની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમે તમારા પ્રિયપાત્રને મળશો.

**મકર : ખ. જ.**

તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જવળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા બાળકો સાથે તંદુરસ્ત સંબંધને પ્રોત્સાહન આપો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો.

**મીન : દ. ચ. ઝ. થ.**

મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ સાવચેત રહેજો, વધુ પડતું ખવાઈ જશે તો તમારી સવાર બગડશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે.


### સિંચાઈ વિભાગની બેઠક ન બોલાવતા ખેડૂતોમાં ઉગ્ર આક્રોશ

# શેત્રુંજી ડેમ ઓવરફ્લો છતાં ખેડૂતોને પાણી નહીં સિંચાઈ વિભાગની આળસથી રોષ

(એજન્સી) ભાવનગર | તા.26

જિલ્લાની જીવાદોરી ગણાતો શેત્રુંજી ડેમ આ વર્ષે છલકાઈ ગયો હોવા છતાં, ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળ્યું નથી. સામાન્ય રીતે ઓક્ટોબરના પહેલા સપ્તાહમાં સિંચાઈ સલાહકાર સમિતિની બેઠક બોલાવીને પાણી છોડવાનો નિર્ણય લેવાતો હોય છે, પરંતુ આ વર્ષે નવેમ્બર મહિનો પૂરો થવા આવ્યો હોવા છતાં સિંચાઈ વિભાગ આળસ ખંખેરતું નથી. આ વિભાગની ઘોર બેદરકારી અને આળસના કારણે ભાવનગર જિલ્લાના ખેડૂતોમાં સખત રોષ જોવા મળી રહ્યો છે, જેને પગલે ખેડૂત કલ્યાણ સંઘ દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.

રોષનું બીજું અને વધુ ગંભીર કારણ એ છે કે વર્ષ ૧૯૯૪માં જમણા કાંઠાની છેવાડાની કેનાલ બનાવવા માટે તરેડી, વાલાવાવ, સથરા, ભાદ્રોડ અને વડલી ગામના આશરે ૧૫૦ જેટલા ખેડૂતોની હજારો વીઘા જમીન સંપાદિત કરવામાં આવી હતી. આ જમીન સંપાદિત થયાના પૂરા ૩૧ વર્ષ વીતી ગયા હોવા છતાં,



કેનાલમાં શેત્રુંજી ડેમનું એક ટીપું પાણી પહોંચાડવામાં આવ્યું નથી. આટલા લાંબા સમયથી જમીન પણ પરત કરવામાં આવી નથી, અને ખેડૂતોને પાણી પણ મળ્યું નથી. તરેડી ગામના ૨૧થી વધુ ખેડૂતોએ તો જમીનનું વળતર પણ લીધું નથી.ખેડૂત કલ્યાણ સંઘના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ પોપટભા તરેડીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને આ બંને ગંભીર મુદ્દાઓ પર તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે. તેમની મુખ્ય રજૂઆતો નીચે મુજબ છે:સિંચાઈ સલાહકાર સમિતિની બેઠક: આઠ દિવસમાં બેઠક બોલાવીને ખેડૂતોને સિંચાઈનું પાણી છોડવાનો તત્કાળ નિર્ણય લેવાય, જેથી ખેડૂતો શિયાળુ અને ઉનાળુ પાક લઈ શકે.પાણી વિતરણમાં સમાનતા: જમણા અને ડાબા કાંઠે 'અડધાને ગોળ અને અડધાને ખોળ' આપવાનો જૂનો રિવાજ સદંતર બંધ કરવામાં આવે અને પાણીનું સમાન વિતરણ થાય.

બેફામ પાણી ચોરી પર રોક: રેતી માફિયાઓ દ્વારા રેતી ધોવા માટે થતી પાણીની બેફામ ચોરી તાત્કાલિક બંધ કરાવવી જરૂરી છે.કેનાલનું આધુનિકીકરણ: ડાબા કાંઠે અવાણીયા સુધી પાણી પહોંચતું નથી. આ ઉપરાંત, બન્ને કાંઠાની કેનાલો પરના દરવાજા અને બારીઓ આદમયુગના હોવાથી તે બદલીને નવા નાખવામાં આવે અને કેનાલોનું સફાઈ તેમજ સમારકામ (રિપેરીંગ) યુદ્ધના ધોરણે કરવામાં આવે.જમીનનો નિર્ણય: વર્ષ ૧૯૯૪માં સંપાદિત કરાયેલ જમીન પર શેત્રુંજી ડેમનું પાણી પહોંચાડવામાં આવે અથવા તો વળતર ન લેનાર ખેડૂતોને તેમની જમીન પરત આપવામાં આવે.

### છેલ્લા દિવસોમાં ફોર્મ ભરવાની અતિ ઝડપી કામગીરી

## ભાવનગરમાં મતદારયાદી સુધારણાનો ધમધમાટ ૬૯ ટકા કામગીરી પૂર્ણ

ભાવનગર:જિલ્લામાં મતદારયાદીની ખાસ સઘન સુધારણા (સર) કાર્યક્રમ અંતર્ગત હાલમાં ભારે ધમધમાટ ચાલી રહ્યો છે. ગત તારીખ ૪ નવેમ્બર, ૨૦૨૫થી શરૂ થયેલી આ મહત્ત્વની કામગીરીમાં અત્યાર સુધીમાં ૬૮.૮૬ ટકા જેટલો લક્ષ્યાંક પૂર્ણ કરી દેવામાં આવ્યો છે. જોકે, કામગીરી પૂર્ણ થવાને આડે હવે ગણતરીના દિવસો બાકી હોવાથી બાકીના ૩૧.૧૪ ટકા કામગીરીને ૧૦૦ ટકા પૂર્ણ કરવા માટે બૂથ લેવલ ઑફિસર્સ (બીએલઓ) રાત-દિવસ એક કરીને દોડધામ કરી રહ્યા છે. ૧૮ લાખથી વધુ મતદારોમાંથી ૫ લાખ ફોર્મ બાકીચૂંટણી શાખાના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ભાવનગર જિલ્લાની કુલ ૭ વિધાનસભા બેઠકમાં કુલ ૧૮,૬૬,૯૩૭ મતદારો નોંધાયેલા છે. આ ૨૨ દિવસની કામગીરીમાં અત્યાર સુધીમાં કુલ ૧૨,૮૫,૫૯૨ મતદારોના ફોર્મ ભરવાની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે, જે ૬૮.૮૬ ટકા જેટલો લક્ષ્યાંક સૂચવે છે. જોકે, હજી પણ ૫,૮૧,૩૪૫ મતદારોના ફોર્મ ભરવાના બાકી છે. આ મતદારયાદી સુધારણા કાર્યક્રમ આગામી તારીખ ૪ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ચાલવાનો છે. એટલે કે, હવે માત્ર ૯ દિવસ બાકી રહ્યા હોવાથી, ચૂંટણી તંત્ર દ્વારા ઝડપ વધારવામાં આવી છે. બેઠકવાર કામગીરીનો આંકડો: મહુવા મોખરેભાવનગર જિલ્લાની સાત વિધાનસભા બેઠકો પર થયેલી 'સર'ની કામગીરીમાં નોંધપાત્ર તફાવત જોવા મળી રહ્યો છે. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો, મહુવા વિધાનસભા બેઠક પર સૌથી વધુ ૭૬.૨૮ ટકા કામગીરી પૂર્ણ થઈ છે.

### ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

## થોરાળા ગામના પાટિયા પાસે અકસ્માત: મહેમાનને મૂકી પરત ફરતા વૃદ્ધનું મોત

ભાવનગર : મહુવા તાલુકાના થોરાળા ગામના પાટિયા પાસે અકસ્માત ની દુ:ખદ ઘટનામાં એક વૃદ્ધનું મોત નિપજ્યું છે. આ બનાવ અંગે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ખુટવડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વિગતો એવી છે કે, મહુવા તાલુકાના થોરાળા ગામે વીરાભાઈ હમીરભાઈ હડીયાના ખેતરમાં મજૂરી કામ કરતા પરબતભાઈ કરણાભાઈ નંદાણીયા (ઉ.વ. ૭૦) ગત રોજ સાંજના સમયે પોતાનું GJ-૦૪-AG-૫૦૬૮ નંબરનું બાઈક લઈને આસરાણા ચોકડીએ મહેમાનને મૂકીને પરત થોરાળા તરફ આવી રહ્યા હતા.તેઓ થોરાળા ગામના પાટિયા પાસે અકસ્માત સ્થળે રોડ ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે જેસર મોટા ખુટવડા રોડ પર જેસર તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક લાલ કલરના આઈસર (અજાણ્યા વાહન) ના ચાલકે તેમની બાઈક સાથે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે પરબતભાઈના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ટક્કર માર્યા બાદ અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

### આબુરોડ બેફામ કારચાલકે ત્રણ રાહદારીઓને ફંગોળ્યા

પાલનપુર - ઓવરટેક કરવાની લ્હાયમાં બેફામ ગતિએ કાર ચલાવતા એક અજાણ્યા ચાલકે રોડની સાઈડમાં ચાલી રહેલા ત્રણ નિર્દોષ રાહદારીઓને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં એક મહિલાનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય બે વ્યક્તિઓ ઘાયલ થયા છે. આ દરમિયાન એરોમા સર્કલ તરફથી પૂરઝડપે આવી રહેલી એક કારના ચાલકે આગળ જઈ રહેલા ભારે વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. આ બેફામ કારચાલકે રોડની સાઈડમાં ચાલી રહેલા ભારતીબેન ઠક્કર ઉપરાંત રમેશભાઈ હિરાભાઈ રાવળ અને રાકેશભાઈ યોગી નામના અન્ય બે રાહદારીઓને જોરદાર ટક્કર મારી હતી.

### ૨ દિવસના રિમાન્ડ

## સ્ટોક માર્કેટમાં કરોડોની છેતરપિંડી કરનાર સાયલાનો ગઠિયો ભાવનગરમાં ગિરફ્તાર

ભાવનગર : મૂળ સુરતના વતની અને હાલ તળાજા રોડ પર શ્રીવલ્લભ રેસિડેન્સીમાં રહેતા અજયભાઈ જસવંતભાઈ પટેલ, જેઓ નિરમા કંપનીના અધિકારી તરીકે ફરજ બજાવે છે, તેમને અજાણ્યા ગઠિયાઓએ પોતાના શિકાર બનાવ્યા હતા. ગઠિયાઓએ અજયભાઈને એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી અને ત્યારબાદ સેબીનું બનાવટી સર્ટી મોકલીને આઈપીઓ (IPO) તથા સ્ટોક માર્કેટમાં રોકાણ કરાવ્યું હતું.મોટો પ્રોફિટ આપવાની લાલચ આપીને વિશ્વાસ કેળવ્યા બાદ, આરોપીઓએ અજયભાઈ પાસેથી કુલ **રૂ. ૧,૦૧,૯૦,૦૦૦/-**ની મોટી રકમ અલગ-અલગ બેંક ખાતાઓમાં મેળવી લીધી હતી. આ રીતે, ઊંચા વળતરની લાલચમાં પડેલા અધિકારી સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત આચરવામાં આવ્યો હતો.

આ ગંભીર ગુનાની ફરિયાદ નોંધાયા બાદ સાયબર ક્રાઈમ પોલીસ ભાવનગર વિભાગ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. આ પ્રકરણમાં અગાઉ પણ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

### આણંદ સ્લોટર હાઉસ

## APMC સામેના ઈન્સીનરેટર અને ચીમની બનતા હિન્દુ સંગઠનોનો ઉગ્ર વિરોધ

આણંદ : કરમસદ-આણંદ મહાનગરપાલિકા (મનપા) વિસ્તારમાં આવેલા સામરખા ચોકડી નજીક નિર્માણાધીન સ્લોટર હાઉસ અને તેમાં બની રહેલી ઈન્સીનરેટર મશીન તથા ચીમનીને લઈને ભારે વિવાદ સર્જાયો છે. આણંદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) સામે અને હિન્દુ તેમજ રહેણાંક વિસ્તારની નજીક આ કતલખાનું બનતા હિન્દુ સંગઠનો દ્વારા તેનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે અને આ મામલે મનપા કમિશનરને લેખિતમાં આવેદનપત્ર આપીને રજૂઆત કરવામાં આવી છે.હિન્દુ સંગઠનો દ્વારા મનપા કમિશનરને અપાયેલા આવેદનપત્રમાં ગંભીર મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે. સિટી સર્વે નં. ૨૭૯૪ માં બનાવવામાં આવી રહેલી આ જગ્યા સલાટીયાપુરા ભાથીજી મંદીર, અલમન્નાન રેસિડન્સી, અને પ્લેટીનીયમ સિટી જેવા રહેણાંક અને ધાર્મિક સ્થાનોની નજીક આવેલી છે.૫૦૦ મીટરનો નિયમ: સંગઠનોએ આક્ષેપ કર્યો છે કે, સરકારના નિયમો મુજબ રહેણાંક વિસ્તારના ૫૦૦ મીટરની અંદર કોઈપણ ઈન્સીનેટર (વેસ્ટ નાશક યંત્ર) ન બનાવી શકાય. આ નિયમને ધ્યાને લીધા વગર અહીં કતલખાનું અને ઈન્સીનેટર બની રહ્યું છે. શાકમાર્કેટ પર અસર: આ જગ્યાથી માત્ર ૨૦૦ મીટર નજીક આણંદ જિલ્લાનું સૌથી મોટું શાકમાર્કેટ આવેલું છે.



કતલખાનામાં નાશ કરાતા વેસ્ટના ધુમાડા અને માંસ મટન પર બેઠેલી માંખી-મચ્છરને કારણે શાકભાજી દૂષિત થશે, જે નગરજનોના આરોગ્ય પર ગંભીર અસર કરી શકે છે.ગેરકાયદેસર કતલ: સંગઠનોએ એવો પણ આક્ષેપ કર્યો છે કે મનપા વિસ્તારમાં માત્ર ૨૫ લાયસન્સ હોવા છતાં ૨૦૦થી વધુ જગ્યાએ પશુઓની ગેરકાયદેસર કતલ થઈ રહી છે, જે મામલે તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે.

આ ઉપરાંત, CPCb અને GPCB ગાઈડલાઈનનું પણ ઉલ્લંઘન થઈ રહ્યું હોવાનું જણાવાયું છે. આ વિવાદ અંગે કરમસદ-આણંદ મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનરે ખુલાસો આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સ્લોટર હાઉસમાં બનાવવામાં આવેલી ચીમનીની ઊંચાઈ ૨૫ ફૂટથી વધુ છે, જેના કારણે વેસ્ટ કચરાનો ધુમાડો ખૂબ જ ઊંચે જતો રહેશે અને પ્રદૂષણની સમસ્યા સર્જાશે નહીં. મનપાએ જૂની જે જગ્યા હતી ત્યાં જ સ્લોટર હાઉસ ફાળવેલું છે.જોકે, આ પ્રોજેક્ટના ખર્ચને લઈને પણ વિવાદ ઊભો થયો છે. મનપા દ્વારા ચાર ગુંઠા જમીનમાં માત્ર શેડ અને પતરાં મારવા માટે રૂપિયા ૧.૦૨ કરોડના ખર્ચનું ટેન્ડર બહાર પાડ્યું હતું.

### બોટાદ એસપી વિરુદ્ધ ફરિયાદ

### એસપી, ડીવાયએસપી અને પીઆઈ સહિત ૭ વિરુદ્ધ કોર્ટનું શરણકોર્ટમાં ફરિયાદ

## મારામારી અને લૂંટ મામલે કાર્યવાહી ન થતાં ૭ અધિકારીઓ કોર્ટમાં ઘેરાયા

બોટાદ : બોટાદના પાળીયાદ રોડ વિસ્તારમાં રહેતા એક યુવાન પર હુમલો, લૂંટ અને મોટરસાઈકલમાં તોડફોડની ગંભીર ઘટના બાદ પોલીસ દ્વારા કોઈ જ કાર્યવાહી ન થતાં આ મામલો હવે કોર્ટના શરણે પહોંચ્યો છે. બનાવને દોઢ માસ ઉપરાંતનો સમય વીતી ગયો હોવા છતાં ફરિયાદ ન નોંધાતા, ભોગગ્રસ્ત યુવાને તેના વકીલ મારફત બોટાદના એસ.પી., ડી.વાય.એસ.પી., અને પી.આઈ. સહિત કુલ ૭ વ્યક્તિઓ વિરુદ્ધ ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં અરજી આપીને કોર્ટમાં ફરિયાદ નોંધાવી છે.ઘટનાની વિગતો મુજબ, બોટાદના પાળીયાદ રોડ પર કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા અને હીરાનું કામ કરતા બાબુભાઈ કેશુભાઈ પરમાર ગત તા. ૦૩ ઓક્ટોબરના રોજ બાઈક પર પોતાના ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન તુરખા રોડ પર મનસુખભાઈ વાલજીભાઈ પરમારે તેમને ઊભા રાખ્યા હતા. આ જ સમયે, ભૂપત ગોરધનભાઈ ચૌહાણે પાછળથી આવી બાઈકની ચાવી કાઢી લીધી અને ઢીકાપાટુંનો માર માર્યો. હુમલાખોરોએ શર્ટના ખિસ્સામાંથી બળજબરીપૂર્વક રોકડા રૂ. ૧૦,૦૦૦ કાઢી લીધા હતા. આ પછી, અન્ય ત્રણ અજાણ્યા શખ્સો પણ આવી ગયા હતા અને માર મારીને મોટરસાઈકલમાં તોડફોડ કરીને નુકસાન પહોંચાડ્યું હતું. પોલીસ કાર્યવાહીનો અભાવ અને ગંભીર આક્ષેપોઆ ઘટનાની જાણ થતાં બોટાદ પોલીસ હોસ્પિટલ પહોંચી તો હતી, પરંતુ યુવાનનું નિવેદન નોંધ્યા વગર જ પરત ફરી હતી. યુવાન બાબુભાઈ પરમારે આક્ષેપ કર્યો છે કે આરોપીઓ સાથે પોલીસ અધિકારીઓના સારા સંબંધ હોવાથી આ મામલે કાર્યવાહી કરવામાં આવી નથી. પ્રારંભિક રજૂઆત: બીજા દિવસે બાબુભાઈ પરમારે બોટાદ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી હતી અને ડીજીપીને ઈમેઈલ કરીને પણ અરજી મોકલી હતી. અધિકારીઓને રજૂઆત: બાબુભાઈએ ત્યારબાદ પી. આઈ., ડી.વાય.એસ.પી. તેમજ એસ.પી.ને રૂબરૂ રજૂઆતો કરવા છતાં, તેમનું નિવેદન લેવામાં આવ્યું નહોતું કે ગુનો પણ નોંધવામાં આવ્યો નહોતો.કોર્ટનું શરણ: સતત પોલીસ કાર્યવાહીનો અભાવ રહેતા અને ન્યાય ન મળતા, આખરે ભોગગ્રસ્ત યુવાને ન્યાય મેળવવા માટે કોર્ટનો દરવાજો ખખડાવવો પડ્યો છે. ૭ વ્યક્તિઓ વિરુદ્ધ કોર્ટમાં ફરિયાદબાબુભાઈ પરમારે તેમના વકીલ મારફત બોટાદના ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં જે ૭ વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે તેમાં ૪ આરોપીઓ અને ૩ પોલીસ અધિકારીઓનો સમાવેશ થાય છે:કેટેગરીનામહોદ્દો/સ્થિતિમુખ્ય આરોપીઓભૂપતભાઈ ગોરધનભાઈ ચૌહાણ અને ત્રણ અજાણ્યા શખ્સોલૂંટ અને હુમલાના આરોપીઓપોલીસ અધિકારીઓધર્મેન્દ્ર શર્માબોટાદ એસ.પી.મહષ નટવરભાઈ રાવલબોટાદ ડી.વાય.એસ.પી.શૌરીન રમેશભાઈ ખરાડીબોટાદ ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ.આ ગંભીર મામલામાં, જ્યાં સીધા જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પર જ કાર્યવાહી ન કરવાના આક્ષેપો થયા છે, ત્યાં હવે બોટાદ એસપી વિરુદ્ધ ફરિયાદ નોંધાતા સમગ્ર પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.

### એકતા યાત્રા: સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી

આણંદ : દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની આગામી ૧૫૦મી જન્મજયંતિની ભવ્ય ઉજવણીના ભાગરૂપે દેશભરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે, ૨૬ નવેમ્બર, બુધવારના રોજ વલ્લભવિદ્યાનગર થી એકતાનગર સુધીની ૧૧ દિવસીય રાષ્ટ્રીય એકતા પદયાત્રા (યુનિટી માર્ચ) નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યાત્રા એકતાના સંદેશ સાથે અંદાજિત ૧૫૨ કિલોમીટર નું અંતર કાપશે. આ ઐતિહાસિક રાષ્ટ્રીય એકતા પદયાત્રા નો ઉદ્ઘાટન સમારોહ આજે સવારે ૯ કલાકે વલ્લભ વિદ્યાનગરના શાસ્ત્રી મેદાન ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં રાજકીય અને વહીવટી સ્તરના મહત્ત્વના મહાનુભાવોની ઉપસ્થિતિ જોવા મળી હતી. આ ભવ્ય કાર્યક્રમમાં અનેક મોટા નેતાઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહેવાના હોવાથી આણંદ જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ વડા દ્વારા સભાખંડ તથા આજુબાજુના વિસ્તારોની સુરક્ષાની પૂર્વ ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

### લાંબા સમયથી રોડની સાઈડ ખોદાઈ, પણ કોઈ સુરક્ષા વ્યવસ્થા ન મૂકાઈ

## આંતરસુબાથી ખડાલ માર્ગ: ૧૦ કિ.મી.ના માર્ગ પર સુરક્ષાનો અભાવ અકસ્માત નોતરશે

કપડવંજ : કપડવંજ તાલુકામાં આંતરસુબાથી ખડાલ માર્ગ તરફનો આશરે ૧૦ કિલોમીટરનો માર્ગ હવે સ્થાનિકો અને વાહનચાલકો માટે જોખમી બની ગયો છે. વિમલ એજન્સી દ્વારા રૂ. ૧૨.૬૯ કરોડના ખર્ચે બની રહેલા આ માર્ગ પર સલામતીના પૂરતા પગલાં ન લેવાતા, ગંભીર માર્ગ અકસ્માત નોતરશે તેવી પરિસ્થિતિ ઊભી થઈ છે.વિમલ એજન્સી દ્વારા આંતરસુબાથી ખડાલ તરફનો ૧૦.૦૩ કિલોમીટર સુધીનો માર્ગ બનાવવામાં આવી રહ્યો છે. જોકે, સ્થાનિક લોકો આક્ષેપ કરી રહ્યા છે કે એજન્સીના આડેધડ વહીવટના કારણે લોકોની સલામતી જોખમાઈ છે.ખોદકામનો મુદ્દો: આંતરસુબા, ધોળાકુવા, કોસમ અને ખડાલ તરફના રસ્તાની બંને સાઈડો લાંબા સમય પહેલા ખોદી કાઢવામાં આવી છે. રોડની સાઈડમાં ખોદકામ બાદ અકસ્માત અટકાવવા માટે કોઈ સુરક્ષા



અવરોધો, બેરિકેડ્સ, કે રિફ્લેક્ટર જેવી કોઈ વ્યવસ્થા રાખવામાં આવી નથી. રાત્રિનું જોખમ: સુરક્ષાનો અભાવ હોવાથી ખાસ કરીને રાત્રિના સમયે રાહદારીઓ અને વાહનચાલકોએ અકસ્માત સર્જાવાના ભારે ભય હેઠળ આ માર્ગ પસાર કરવો પડે છે.સ્થાનિકોની માંગ છે કે આ ૧૦ કિલોમીટરનો માર્ગ લાખો રૂપિયાના ખર્ચે બની રહ્યો હોવા છતાં, એજન્સી દ્વારા બેદરકારી દાખવવામાં આવી રહી છે.

### ચરોતર મતદાર યાદી સુધારણા

## ખેડા જિલ્લામાં ૬૭% અને આણંદ જિલ્લામાં ૬૨.૬૯% કામગીરી પૂર્ણ, અંતિમ તબક્કો પૂરજોશમાં

આણંદ - ચરોતરના ખેડા અને આણંદ જિલ્લામાં હાલમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમનો બીજો મહત્ત્વનો તબક્કો પૂરજોશમાં ચાલી રહ્યો છે. ૦૪ નવેમ્બર ૨૦૨૫થી શરૂ થયેલી અને ૦૪ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલનારી આ કામગીરી અંતર્ગત BLO દ્વારા મતદારોના ઘરે ઘરે જઈને ગણતરી ફોર્મનું વિતરણ, પરત મેળવવાની અને તેને ઓનલાઈન કરવાની કામગીરી ચાલી રહી છે. અત્યાર સુધીમાં, ખેડા જિલ્લામાં ૬૭ ટકા અને આણંદ જિલ્લામાં ૬૨.૬૯ ટકા કામગીરી પૂર્ણ થઈ હોવાનું ચૂંટણી તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. ખેડા જિલ્લામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ હેઠળ કુલ ૧૬,૫૫,૦૬૨ મતદારો નોંધાયેલા છે. ૨૫ નવેમ્બર ૨૦૨૫ સુધીના આંકડા મુજબ:

**ફોર્મ પરત મળ્યા: કુલ ૧૨,૫૦,૩૮૩ ગણતરી ફોર્મ મતદારો પાસેથી પરત મેળવવામાં આવ્યા છે**

ઓનલાઈન પ્રક્રિયા: આ ફોર્મ પૈકી ૧૧,૦૮,૮૫૨ ફોર્મને ઓનલાઈન પ્રક્રિયા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જે કુલ મતદારોના ૬૭ ટકા જેટલી કામગીરી પૂર્ણ થયેલી દર્શાવે છે.બાકી કામગીરી: હજી પણ ૧,૪૧,૫૩૧ ફોર્મ ઓનલાઈન પ્રક્રિયા માટે બાકી છે. વધુમાં, ૪,૦૪,૬૭૯ ફોર્મ મતદારો પાસેથી પરત મેળવવાના બાકી છે.આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૨૫ની ડ્રાફ્ટ મતદાર યાદીમાં ૧૮,૧૨,૩૨૭ મતદારો રહેલા છે. આ પૈકી, ૧૧,૩૬,૧૪૮ જેટલા મતદારોના ઈન્યુમરેશન ફોર્મ એકત્રિત થઈને ડિજિટાઈઝ થઈ ગયા છે, જે લગભગ ૬૨.૬૯ ટકા કામગીરી પૂર્ણ થયાનું સૂચવે છે. નોંધનીય છે કે, આ ૬૨.૬૯ ટકા કામગીરીમાં પણ, ૫૧ ટકા મતદારો એવા છે જેમની ૨૦૦૨ની મતદાર યાદી સાથે લિંક કરવાની પ્રક્રિયા પણ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગઈ છે.

### ૬૩ લાખના વાહનો જપ્ત: તળાજામાં ખનન માફિયા વિરુદ્ધ ફોરેસ્ટ વિભાગની લાલ આંખ

## તળાજા ફોરેસ્ટ વિભાગ: મધ્ય રાત્રે દરોડો, ગેરકાયદે રેતી ખનન કરતા ત્રણ ટ્રક અને બે ટ્રેક્ટર જપ્ત કર્યા

(એજન્સી) ભાવનગર | તા.03

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં દરિયાકિનારાના વન વિભાગ હેઠળ આવતા વિસ્તારમાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદે રેતી ખનન પર આખરે તળાજા વન વિભાગે કડક કાર્યવાહી કરી છે. ફોરેસ્ટ વિભાગે ગત મધ્યરાત્રે ખનન માફિયાઓ વિરુદ્ધ લાલ આંખ કરીને ૩ ટ્રક અને ૨ ટ્રેક્ટર સહિત કુલ ૬૩ લાખના વાહનો જપ્ત કર્યા છે. આ મેગા ઓપરેશન બાદ ફોરેસ્ટ વિભાગે સમગ્ર મામલે ભૂસ્તર વિભાગને રિપોર્ટ મોકલી આપ્યો છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.મળતી વિગતો મુજબ, તળાજા પંથકના પાદરી (ગોહિલની) અને મીઠીવીરડી સહિતના દરિયાઈ વિસ્તારોમાં કુદરતી સંપદા સમાન રેતી (પણો) નું મોટા પાયે ખનન કરવામાં આવી રહ્યું છે. આ વિસ્તાર બૃહદ ગીરમાં સમાવિષ્ટ હોવાથી ફોરેસ્ટ વિભાગ, પોલીસ અને રેવન્યુ વિભાગ જેવા તમામ સંબંધિત વિભાગો ખનન



માફિયાઓ વિરુદ્ધ કાર્યવાહી કરી શકે છે. જોકે, અગાઉ આ વિભાગો માત્ર એકલ-દોકલ કેસ કરીને સામાન્ય દંડનીય કાર્યવાહી કરતા હતા. થોડા સમય અગાઉ નવા એસ.પી. આવ્યા બાદ પોલીસની ધાકને કારણે ખનન માફિયાઓ ભૂગર્ભમાં ચાલ્યા ગયા હતા. જેને કારણે ખનન માફિયાઓ અને કેટલાક ભ્રષ્ટ અધિકારીઓને દરરોજની લાખો રૂપિયાની ખોટ જતી હતી. આ ખોટને પહોંચી વળવા અને રાબેતા મુજબ ગેરકાયદેસર ખનન ફરી શરૂ થાય તે માટે છેક ગાંધીનગર સુધી દોડધામ કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. છેલ્લા છ-સાત દિવસથી ધીમે ધીમે આ ગેરકાયદેસર ખનન કાર્ય ફરી શરૂ થયું હતું. તેવા સમયે તળાજા ફોરેસ્ટ વિભાગ એ ગઈકાલે રાત્રે ઓપરેશન હાથ ધરીને ૩ ટ્રક અને ૨ ટ્રેક્ટર કબજે કરી કડક કાર્યવાહી શરૂ કરી છે. આ કાર્યવાહી બાદ સવાલ એ ઉઠ્યો છે કે નવા એસપીની ધાક બાદ શાંત પડેલા ખનન માફિયાઓને આ ગેરકાયદેસર ખનન કરવાની ફરી મંજૂરી કોણે આપી હતી? સરકારી તંત્ર દ્વારા જો આ ખનનકર્તાઓને કાયમી ધોરણે રોકવામાં નહીં આવે, તો દરિયાના પાણી જમીન અને ભૂગર્ભ જળ એમ બંને માર્ગે આગળ વધશે. જેના પરિણામે ખેતી માટેની ફળદ્રુપ જમીનને પણ ભારે નુકસાન પહોંચી શકે છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિ માત્ર કાયદાનું ઉલ્લંઘન નથી, પરંતુ સ્થાનિક પર્યાવરણ માટે પણ મોટો ખતરો છે. તળાજા ફોરેસ્ટ વિભાગ ની આ મધ્યરાત્રિની કાર્યવાહીએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે હવે ખનન માફિયાઓ પર કડક નજર રાખવામાં આવશે.

### ૧.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત

## પ્રતિબંધિત ચાઈનીઝ દોરી: આણંદમાં ૪૮૦ ફિરકી સાથે ૩ શખ્સો ઝડપાયા

આણંદ : રાજ્યમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી (માંજા) નું વેચાણ રોકવા માટે પોલીસ તંત્ર સક્રિય છે. આણંદ શહેરમાં એલસીબી (સ્થાનિક ગુના શોધક શાખા) દ્વારા રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન મોટી કાર્યવાહી કરીને પ્રતિબંધિત ચાઈનીઝ દોરી ની ૪૮૦ ફિરકી સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલા શખ્સોએ આ જથ્થો અમદાવાદના ઘી કાંટા ખાતેથી લાવ્યા હોવાની કબૂલાત કરી છે.પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આણંદ એલસીબીની ટીમ રાત્રિ પેટ્રોલિંગમાં હતી ત્યારે તેમને બાતમી મળી હતી કે સલાટીયા ફાટક નજીક આવેલી માહેરા રેસિડેન્સીની ખુલ્લી જગ્યામાં ત્રણ શખ્સો પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના જથ્થા સાથે હાજર છે.બાતમીના આધારે પોલીસે તાત્કાલિક સ્થળ પર તપાસ હાથ ધરતા ત્રણ શખ્સો ઝડપાયા હતા. પોલીસે તેમની પાસેથી તપાસ કરતા ૧૦ કાર્ટુન મળી આવ્યા હતા, જેમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરી ની ૪૮૦ નંગ ફિરકી કબજે કરવામાં આવી હતી. આ જપ્ત કરાયેલા માલની કિંમત રૂ. ૧.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.તમામ શખ્સો સ્થાનિક હોવાનું બહાર આવ્યું છે. પૂછપરછમાં તેમણે કબૂલ્યું હતું કે દોરીનો આ જથ્થો તેઓ અમદાવાદના ઘી કાંટા ખાતેથી લાવ્યા હતા. ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ હોવા છતાં, તહેવારો અને પતંગ ઉડાડવાની મોસમ નજીક આવતા તેની ગેરકાયદેસર હેરાફેરી અને વેચાણ શરૂ થઈ જાય છે, જે માત્ર પર્યાવરણ માટે જ નહીં, પણ માનવીઓ અને પશુ-પક્ષીઓ માટે પણ અત્યંત જોખમી છે. આણંદમાં પકડાયા બાદ પોલીસે આ ત્રણેય શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને જથ્થો ક્યાંથી આવ્યો અને ક્યાં વેચવાનો હતો તે અંગે વધુ તપાસ શરૂ કરી છે.

### ચાલુ વર્ષે અત્યાર સુધીમાં બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ૧૪ ટકાનો ઘટાડો નોંધાયો

# સપ્લાય વધતા 2027 સુધીમાં ક્રૂડ 30 ડોલર સુધી તૂટશે: મોર્ગનની આગાહી



અમદાવાદ : વિશ્વભરમાં અનિશ્ચિતતાના માહોલ વચ્ચે ક્રૂડ અને કોમોડિટીના ભાવમાં જોરદાર કરંટની અપેક્ષા હોય છે પરંતુ આગામી સમયમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ભારે કડાકાની આશંકા વ્યકત કરવામાં આવી છે. એક રિપોર્ટમાં આગામી બે વર્ષમાં ક્રૂડ ઓઇલના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થવાની આગાહી વ્યકત કરવામાં આવી છે. જેપી મોર્ગનનો અંદાજ છે કે ૨૦૨૭ સુધીમાં બ્રેન્ટ ક્રૂડ ઓઇલનો સપ્લાય એટલો બધો વધી જશે કે કિંમત પ્રતિ બેરલ ૩૦ ડોલર સુધી ઘટી શકે છે. રિપોર્ટ અનુસાર ૨૦૨૬માં બ્રેન્ટ ક્રૂડ ૬૦ ડોલરથી નીચે આવી શકે છે અને વર્ષના અંત સુધીમાં ૫૦ ડોલરની રેન્જમાં ગગડી શકે છે.

૨૦૨૭ના વર્ષમાં પરિસ્થિતિ વધુ ખરાબ થવાની શક્યતા છે. રિપોર્ટ અનુસાર વધતા સપ્લાય અને સરપ્લસને કારણે બ્રેન્ટનો સરેરાશ ભાવ ૪૨ ડોલર સુધી પહોંચી શકે છે. આ સિવાય ગોલ્ડમેન સાક્સે પણ ચેતવણી આપી હતી કે યુએસ બેન્ચમાર્ક ડબલ્યુટીઆઈ ક્રૂડનો સરેરાશ ભાવ ૨૦૨૬માં ૫૩ ડોલર થઈ શકે છે કારણકે બજારમાં દરરોજ આશરે ૨૦ લાખ બેરલનો સરપ્લસ સપ્લાય છે. ગોલ્ડમેન સાક્સે રોકાણકારોને હવે ક્ડ ઓઈલનો સંગ્રહ ઓછો કરવાની સલાહ આપી છે. ૨૦૨૬માં સરપ્લસ વધીને ૨૮ લાખ બેરલ પ્રતિ દિવસ થઈ શકે છે પરંતુ ૨૦૨૭માં બજાર ફરીથી સંતુલિત થઈ શકે છે. આ વર્ષે અત્યાર સુધીમાં બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ૧૪ ટકાનો ઘટાડો થયો છે.

ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો ભારત માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. બેરલ દીઠ પ્રત્યેક ૧ ડોલરનો ઘટાડો ભારતની ચાલુ ખાતાની ખાધ (સીએડી)માં વાર્ષિક આશરે ૧.૫થી ૧.૬ અબજ ડોલરનો ઘટાડો કરે છે. પ્રતિ બેરલ ભાવમાં ૧૦ ડોલરનો ઘટાડો ચાલુ ખાતાની ખાધને જીડીપીના ૦.૫ ટકા સુધી સુધારી શકે છે. ભાવમાં ઘટાડાનો ફાયદો રિફાઈનરી અને માર્કેટિંગ કંપનીઓ જેવી કે એચપીસીએલ, બીપીસીએલ અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનને થઈ શકે છે. સ્થાનિક ભાવ સ્થિર રહેશે તો કંપનીઓને ઓછા ઈનપુટ ખર્ચનો ફાયદો થશે, જે રિફાઈનિંગ અને માર્કેટિંગ માજનને વેગ આપી શકે છે.આ સિવાય એપોલો ટાયર્સ, જેકે ટાયર, એમઆરએફ જેવી ટાયર કંપનીઓ તેમના ખર્ચના ૫૦ ટકા માટે સિન્થેટિક રબર અને કાર્બન બ્લેક જેવા ક્રૂડ-આધારિત ઈનપુટ પર આધાર રાખે છે તેથી તેમને ભાવ ઘટાડાનો સીધો લાભ મળશે.પેઈન્ટ કંપનીઓના કુલ ખર્ચમાં ૩૦થી ૪૦ ટકા હિસ્સો માત્ર ક્રૂડ ઓઈલનો હોય છે તેથી એશિયન પેઈન્ટ્સ, બર્જર પેઈન્ટ્સ, કાન્સાઇ નેરોલેક, પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ જેવી કંપનીઓ માટે પડતર ઘટતા માર્જિનમાં સુધારો આવી શકે છે. સસ્તા તેલનો સૌથી વધુ ફાયદો એવિયેશન સેક્ટરને મળશે. ઈન્ડિગો અને સ્પાઈસજેટ જેવી લિસ્ટેડ એરલાઈન્સને સસ્તા ક્રૂડના નોંધપાત્ર લાભ મળી શકે છે.

## સપ્લાય ચેઇન પ્રતિભાને મજબૂત બનાવવા માટે ફેડએક્સ ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય સાથે ભાગીદારી કરે છે

નવી દિલ્હી : વિશ્વની સૌથી મોટી એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટેશન કંપની ફેડરલ એક્સપ્રેસ કોર્પોરેશન અને સંસદના અધિનિયમ દ્વારા સ્થાપિત કેન્દ્રીય યુનિવર્સિટી ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય (GSV) એ વિદ્યાર્થીઓ માટે લોજિસ્ટિક્સ શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગના સંપર્કમાં સહયોગની તકો શોધવા માટે લેટર ઓફ ઈન્ટેન્ટ (LoI) પર હસ્તાક્ષર કર્યા છે.

LoI શૈક્ષણિક-ઉદ્યોગ જોડાણના સંભવિત ક્ષેત્રોની રૂપરેખા આપે છે, જેમાં લર્નિંગ મોડ્યુલના સહ-વિકાસ, વાસ્તવિક-વિશ્વ કેસ સ્ટડીઝ, ગેસ્ટ લેક્ચર્સ, વર્કશોપ અને લોજિસ્ટિક્સ કામગીરીમાં વ્યવહારુ અનુભવ માટેની તકોનો સમાવેશ થાય છે. આ સંશોધનાત્મક ચર્ચાઓનો ઉદ્દેશ્ય એક એવી ઈકોસિસ્ટમને ટેકો આપવાનો છે જ્યાં વિદ્યાર્થીઓ લોજિસ્ટિક્સ ક્ષેત્રને આકાર આપતા વર્તમાન વલણો, પડકારો અને નવીનતાઓને વધુ સારી રીતે સમજી શકે.ફેડએક્સ, મધ્ય પૂર્વ, ભારતીય ઉપખંડ અને આફ્રિકાના ઈન્ડિયા ઓપરેશન્સ અને પ્લાનિંગ અને એન્જિનિયરિંગના વાઈસ પ્રેસિડેન્ટ સુવેન્દુ ચૌધરીએ જણાવ્યું હતું, 'ભારતનું લોજિસ્ટિક્સ લેન્ડસ્કેપ ઝડપથી વિકસિત થઈ રહ્યું છે, અને આગામી પેઢીના વ્યાવસાયિકો આ ક્ષેત્રના વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવશે. ઔપચારિક શિક્ષણમાં ઉદ્યોગની આંતરદૃષ્ટિનો સમાવેશ કરીને, આ પહેલ શૈક્ષણિક-ઉદ્યોગ વચ્ચેના અંતરને દૂર કરે છે અને વિદ્યાર્થીઓ આધુનિક લોજિસ્ટિક્સ ભૂમિકાઓ માટે વ્યવહારુ, નોકરી માટે તૈયાર કુશળતા વિકસાવે છે તેની ખાતરી કરે છે.

## સંપત્તિ સર્જનમાં હેલ્થકેરનો શેર બજારમાં પણ દબદબોઃ ઈક્વિરસનો રિપોર્ટ

મુંબઈ : હેલ્થ ઈઝ વેલ્થ અને નવા સંશોધનો સૂચવે છે કે આ કહેવત ભારતના મૂડીબજારોને પણ એટલી જ લાગુ પડે છે. અગ્રણી ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ અને ફાઈનાન્શિયલ સર્વિસીઝ પાવરહાઉસ ઈક્વિરસ દ્વારા કરાયેલા એક અભ્યાસમાં જણાયું છે કે એનએસઈ હેલ્થકેર ઈન્ડેક્સે 1,3 અને 5 વર્ષના સમયગાળામાં નિફ્ટી 50થી વધુ સારો દેખાવ કર્યો છે. શેરબજારની કામગીરીમાં આ મજબૂત ગતિએ વિક્રમજનક માત્રામાં ફંડ એકત્રીકરણને વેગ આપ્યો છે, જેમાં લાઈફ સાયન્સીસ અને હેલ્થકેર ક્ષેત્રે નાણાંકીય વર્ષ 2022માં નોંધાયેલા રૂ. 62,432 કરોડના કોવિડ-19 યુગની સર્વોચ્ચ સપાટીને વટાવી દીધી છે. ઈક્વિરસ કેપિટલના લાઈફ સાયન્સીસ અને હેલ્થકેરના સેક્ટર લીડ અને ડિરેક્ટર સિદ્ધાર્થ ઐયરે જણાવ્યું હતું કે "વર્તમાન નાણાંકીય વર્ષમાં ફાર્મામાં ઈસીએમ અને હોસ્પિટલોમાં બાયઆઉટ્સ દ્વારા ફંડ એકત્રીકરણ રૂ. 72,440 કરોડને વટાવી ગયું છે. તમામ પેટાક્ષેત્રોમાં કામગીરીમાં નોંધપાત્ર વધારા ઉપરાંત, અમે સરેરાશ ડીલ સાઈઝ ફાર્મા ક્ષેત્રમાં રૂ. 700 કરોડથી રૂ. 2,100 કરોડ અને હોસ્પિટલ્સ ક્ષેત્રમાં રૂ. 300 કરોડથી રૂ. 850 કરોડ સુધી લગભગ ત્રણ ગણી વધેલી જોઈ છે." રિપોર્ટમાં મર્જર અને એક્વિઝિશનના સ્કેલમાં પણ નોંધપાત્ર વધારો જોવાયો છે જેમાં સરેરાશ ટ્રાન્ઝેક્શન સાઈઝ ચાર ગણી વધીને રૂ. 700 કરોડથી રૂ. 3,000 કરોડ થઈ છે.નાણાંકીય વર્ષ 2026માં ફાર્માએ ઈક્વિટી મૂડી બજારોમાં પ્રભુત્વ મેળવ્યું હતું જે રૂ. 32,000 કરોડ અથવા આ માર્ગે એકત્ર કરાયેલા રૂ. 51,000 કરોડના લગભગ 63 ટકા જેટલું હતું.

### આ ઓર્ડર એનર્જી સ્ટોરેજ માર્કેટમાં વારી ગ્રુપની ક્ષમતાની પુનઃપુષ્ટિ કરે છે

## વારી ગ્રુપે 10 MWh બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (બીઈએસએસ)નો ઓર્ડર મેળવ્યો

નવી દિલ્હી : ભારતની અગ્રણી રિન્યૂએબલ એનર્જી સોલ્યુશન્સ પ્રોવાઈડર વારી ગ્રુપે આજે જાહેર કર્યુ હતું કે તેણે એક અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કંપની તરફથી 10 MWh બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ (બીઈએસએસ) નો ઓર્ડર મેળવ્યો છે જેને તમિળનાડુમાં લાગુ કરવામાં આવશે.

આ વ્યૂહાત્મક ઓર્ડર પ્રાપ્તિ ભારતની એનર્જી સ્ટોરેજ ઈકોસિસ્ટમમાં વારી ગ્રુપની હાજરીને વધુ મજબૂત બનાવે છે અને સોલર પીવી મેન્યુફેક્ચરિંગ અને ઈપીસીથી માંડીને નેક્સ્ટ-જનરેશન એનર્જી સ્ટોરેજ, ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીડ-સ્કેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધીની સમગ્ર ક્લીન એનર્જી વેલ્યુ ચેઈનમાં કંપનીની વધી રહેલી ક્ષમતાઓને દર્શાવે છે. વારી ડોમેસ્ટિક સ્ટોરેજ મેન્યુફેક્ચરિંગમાં પણ ઝડપથી વધારો કરી રહી છે જેમાં 4 GWh સેલ પ્રોડક્શન લાઈન અને 5 GWh પેક-એન્ડ-કન્ટેનર ફેસિલિટીને યુટિલિટી-સ્કેલ અને સીએન્ડઆઈ એપ્લિકેશન્સ માટે બનાવવામાં આવી છે. આ ઈન્ટિગ્રેટેડ મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓથી કંપની ઉચ્ચ ગુણવત્તાના સંપૂર્ણ સ્વદેશી બીઈએસએસ સોલ્યુશન્સને મોટાપાયે પૂરા પાડી શકે છે.

ભારતના સૌર-સંચાલિત વિકાસ માટે એક મહત્વપૂર્ણ પરિબળ: બીઈએસએસ પુનઃવપરાશી ઊર્જાની ચોવીસે કલાક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે, કાપ ઘટાડે છે અને સૌર સંપત્તિના થતા ઓછા ઉપયોગને અટકાવે છે.

ગ્રીડ સ્થિરતા વધારવી: જેમ જેમ પુનઃવપરાશી ઊર્જાનું ચલણ વધી રહ્યું છે તેમ તેમ સ્ટોરેજ ઈન્ટરમિટન્સી સરળ બનાવવા, તીવ્ર માંગને ટેકો આપવા અને ગ્રીડમાં વિક્ષેપ ટાળવા માટે જરૂરી બની ગયું છે.

### 24.11.2025 થી શ્રી પ્રમોદ કુમાર દ્વિબેદીએ ચાર્જ સંભાળ્યો છે

## બેંક ઓફ ઈન્ડિયાએ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે શ્રી પ્રમોદ કુમાર દ્વિબેદીને નિયુક્ત કર્યાં

અમદાવાદ :શ્રી પ્રમોદ કુમાર દ્વિબેદીની બેંક ઓફ ઈન્ડિયાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે અને તેમણે 24.11.2025થી ચાર્જ સંભાળ્યો છે. 57 વર્ષીય શ્રી દ્વિબેદી ઈકોનોમિક્સ અને એમબીએ (ફાઈનાન્સ)માં પોસ્ટગ્રેજ્યુએટ છે અને તેમણે વર્ષ 1995માં પ્રોબેશનરી ઓફિસર તરીકે બેંકિંગ કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. તેઓ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ બેંકર્સના સર્ટિફાઈડ એસોસિયેટ છે. તેઓ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ બેંકર્સ (CAIIB) ના સર્ટિફાઈડ એસોસિયેટ મેમ્બર પણ છે. તેઓ લંડનની ઈન્સ્ટિટ્યૂટ ઓફ રિસ્ક મેનેજમેન્ટમાંથી સિનિયર મેનેજમેન્ટ અને ફંડામેન્ટલ્સ ઓફ રિસ્ક મેનેજમેન્ટ માટે ઈન્સ્ટિટ્યૂટ ફોર ડેવલપમેન્ટ એન્ડ રિસર્ચ ઈન બેંકિંગ ટેકનોલોજી (IDRBT)માંથી આઈટી અને સાયબર સિક્યુરિટીમાં સર્ટિફિકેશન ધરાવે છે.આ 30 વર્ષની કારકિર્દીમાં તેમણે વિવિધ હોદ્દાઓ ઉપર દેશભરમાં કામ કર્યું છે.

### બેંક ઓફ બરોડા આઠમા બરોડા કિસાન પખવાડા દરમિયાન સમગ્ર ભારતમાંથી 3.65 લાખથી વધુ ખેડૂતો સાથે જોડાઇ

ભારતની જાહેર ક્ષેત્રની અગ્રણી બેંકો પૈકીની એક બેંક ઓફ બરોડા (બેંક)એ 3થી 15 નવેમ્બર, 2025 દરમિયાન ગ્રામીણ વિસ્તારો સુધી પહોંચ વધારવા માટેની તેની અગ્રણી પહેલ બરોડા કિસાન પખવાડાની આઠમી એડિશનનું સફળતાપૂર્વક સમાપન કર્યું હતું. આ સમગ્ર પખવાડિયા દરમિયાન બેંક દેશભરના 3.65 લાખથી વધુ ખેડૂતો સાથે જોડાઈ હતી અને રૂ. 5,636 કરોડથી વધુની કૃષિ લોન મંજૂર કરી હતી. આત્મનિર્ભરતા તરફની આ વર્ષની થીમ ભારતના ખેડૂત સમુદાયને ટેકો મજબૂત બનાવવા અને નાણાંકીય સમાવેશકતા વિસ્તારવા પર કેન્દ્રિત હતી. બેંકે દેશભરમાં કિસાન મેળા, કિસાન સભાઓ, ચૌપાલ, ક્રેડિટ કેમ્પ અને નાણાંકીય સાક્ષરતા સત્રો સહિત અનેક પ્રકારની પ્રત્યક્ષ સ્તરની પહેલ હાથ ધરી હતી.

## અમૂલ વિશ્વની નંબર વન સહકારી સંસ્થા: સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૦૨૫ માં સન્માન

આણંદ : ભારતની શ્વેત ક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરિયનના જન્મદિવસે, એટલે કે રાષ્ટ્રીય દૂધ દિવસ નિમિત્તે, ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (GCMMF) ના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતા એ મહત્વાકાંક્ષી વચન આપ્યું છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે ભારતીય ડેરી સહકારી મોડેલ માત્ર ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં ફેલાશે અને ભારત દુનિયા માટે ડેરી બનવા સજ્જ છે.મીડિયા અહેવાલ અનુસાર, મહેતાએ જણાવ્યું હતું કે, ભારત સરકારના સહકાર મંત્રાલય દ્વારા શ્વેત ક્રાંતિ ૨.૦ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે, જે ૨૦૨૪-૨૫ થી ૨૦૨૮-૨૯ સુધી પાંચ વર્ષ માટે ચાલશે. આ કાર્યક્રમની પાછળનું લક્ષ્ય સ્પષ્ટ છે. મહેતાએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી ૧૦ વર્ષમાં, ભારત વિશ્વના કુલ દૂધના ત્રીજા ભાગનું ઉત્પાદન કરશે, અને ખરેખર વિશ્વ માટે ડેરી બનીને વૈશ્વિક બજારો પર નજર રાખશે.

### ભારતનો આર્થિક વિકાસ મજબૂત, પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં ૭.૬% ના દરે વૃદ્ધિનું અનુમાન

## ભારત GDP વૃદ્ધિ: ICICI રિપોર્ટ મુજબ FY26 ના પ્રથમ છ મહિનામાં GDP વૃદ્ધિ ૭.૬% સુધી પહોંચવાની અપેક્ષા

નવી દિલ્હી - વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતાના માહોલ વચ્ચે પણ ભારતીય અર્થવ્યવસ્થા સતત મજબૂત ગતિ જાળવી રાખશે તેવો આશાવાદ વ્યક્ત થઈ રહ્યો છે. દેશની અગ્રણી નાણાકીય સંસ્થાઓ પૈકીની એક ICICI દ્વારા તૈયાર કરાયેલા એક રિપોર્ટ માં ભારતની આર્થિક વૃદ્ધિ અંગે સકારાત્મક અનુમાન લગાવવામાં આવ્યું છે.રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૬ (FY26) ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા દરમિયાન દેશના કુલ સ્થાનિક ઉત્પાદન (GDP) માં વૃદ્ધિ ૭.૬% સુધી પહોંચવાની પ્રબળ સંભાવના છે. આર્થિક નિષ્ણાતોના મતે, આ અનુમાન ભારતની અર્થવ્યવસ્થામાં રહેલા આંતરિક મજબૂત પરિબળો, જેમ કે સરકારી મૂડી ખર્ચમાં વધારો, મજબૂત ઘરેલું માંગ અને ઉત્પાદન ક્ષેત્રે આવેલી તેજી તરફ ઈશારો કરે છે.ICICI રિપોર્ટ માં આપવામાં આવેલો ૭.૬% GDP વૃદ્ધિ નો લક્ષ્યાંક આગામી નાણાકીય વર્ષમાં ભારત માટે મજબૂત પાયો દર્શાવે છે. જો આ અનુમાન સાચું ઠરશે, તો ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થાનું સ્થાન જાળવી રાખશે. આ પ્રકારના સકારાત્મક અનુમાનોથી વિદેશી રોકાણકારોનો ભારતીય બજારમાં વિશ્વાસ વધે છે અને દેશના શેરબજારમાં પણ તેજીનો માહોલ જોવા મળી શકે છે.

જોકે, આર્થિક વૃદ્ધિના આ ઊંચા દરને હાંસલ કરવા માટે સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા નીતિગત સમર્થન અને વૈશ્વિક બજારના અનુકૂળ સંજોગો પણ એટલા જ મહત્ત્વપૂર્ણ રહેશે. નાણાકીય વર્ષ ૨૦૨૬ ના પ્રથમ છ માસિક ગાળાના વાસ્તવિક આંકડાઓ પર હવે સમગ્ર આર્થિક જગતની નજર રહેશે.

## વેલ્યૂ ફેશન બ્રાન્ડોએ કાપડ રિટેલ વૃદ્ધિમાં આગેવાની લીધી: Q2FY26માં જોરદાર દેખાવ

નવી દિલ્હી : વસ્ત્રો ઉદ્યોગમાં વેલ્યૂ ફેશન બ્રાન્ડોએ કાપડ રિટેલ વૃદ્ધિમાં આગેવાની લીધી છે. નુવામા રિસર્ચના એક અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬ ના બીજા ત્રિમાસિક ગાળા (Q2FY26) માં, આ વેલ્યૂ ફેશન ખેલાડીઓએ વ્યાપક કાપડ રિટેલ ક્ષેત્ર કરતાં વધુ સારો દેખાવ કર્યો છે, જેનું મુખ્ય કારણ તહેવારોની સિઝન (ખાસ કરીને પૂજા/દુર્ગા પૂજા) નું વહેલું આગમન છે. કંપનીઓ દ્વારા મિશ્ર પરિણામોની જાહેરાત કરવામાં આવી હોવા છતાં, વેલ્યૂ ફેશન સેગમેન્ટ સૌથી મજબૂત પ્રદર્શન કરનાર તરીકે ઉભરી આવ્યું છે.વહેલા તહેવારોની શરૂઆતથી રિટેલ વૃદ્ધિને વેગ મળ્યો હતો, જેના પરિણામે રિટેલ સ્ટોર્સમાં લોકોની અવરજવર વધી હતી અને ખરીદીમાં સુધારો થયો હતો. વેલ્યૂ ફેશન રિટેલરોની પૂર્વીય બજારોમાં નોંધપાત્ર હાજરીને કારણે આ વૃદ્ધિ વધુ મજબૂત બની હતી. તેનાથી આ ખેલાડીઓ માટે મજબૂત આવક વૃદ્ધિ અને ઊંચી સમાન-સ્ટોર વેચાણ વૃદ્ધિ (SSSG) પ્રાપ્ત થઈ.

# News Brief

## અંબુજા સિમેન્ટ્સે હિમાચલ પ્રદેશમાં એફપીઓ સાથે ખેડૂતોની આજીવિકાને મજબૂત કરી

(એજન્સી) નવી દિલ્હી | તા 26

વિશ્વના ૭માં ક્રમના સૌથી મોટા બિલ્ડિંગ મટિરિયલ્સ સોલ્યુશન્સ પ્રોવાઈડર અને વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોનો હિસ્સો અંબુજા સિમેન્ટ્સ તેના સીએસઆર પ્રયાસો અને નાબાર્ડના સપોર્ટથી ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન્સ (એફપીઓ)ની સ્થાપનામાં સહયોગ કરીને નાના ખેડૂતોની આજીવિકામાં પરિવર્તન લાવી રહ્યું છે. દરલાઘાટની આસપાસના એફપીઓ ખેડૂતોને તેમનું ઉત્પાદનનું વેચાણ કરવા, વચેટિયાઓને દૂર કરવા, બજારમાં સારી કિંમતો મેળવવા અને તેમની આવકમાં વધારો કરવા સક્ષમ કરી રહ્યાં છે.આ પહેલ દ્વારા સોલન જિલ્લાના ગામડાઓમાં ચાર એફપીઓ અને એક ડેરી સહકારી સંસ્થાની રચના કરવામાં આવી છે, જેનાથી 533 મહિલાઓ સહિત 1,122 ખેડૂતોને લાભ થયો છે. આધુનિક કૃષિ તકનીકો, જથ્થાબંધ પ્રાપ્તિ અને સામૂહિક ભાવતાલની શક્તિનો ઉપયોગ કરીને આ સમૂહોએ ઉત્પાદકતા અને નફાકારકતામાં સુધારો કર્યો છે.



## પશ્ચિમ ભારતમાં ફ્લેવર્ડ મિલ્ક દૈનિક આદતઃ 81 ટકા લોકો નિયમિત સેવન કરે છેઃ ગોદરેજ જર્સી લેક્ટોગ્રાફ સર્વેનું તારણ

(એજન્સી) નવી દિલ્હી | તા 26

ગોદરેજ જર્સી ઈન્ડિયા લેક્ટોગ્રાફનાં 2025-26નાં તારણ પ્રમાણે પશ્ચિમ ભારતમાં 81 ટકા લોકો ફ્લેવર્ડ મિલ્કનું નિયમિત સેવન કરે છે. અભ્યાસમાં દૂધ વપરાશની પેટર્ન, પ્રસંગો અને પ્રોત્સાહનો બદલાઈ રહ્યા છે. કઈ રીતે નવી જીવનશૈલી પસંદગી અપનાવતી વખતે દૈનિક રૂટીનમાં દૂધનાં મહત્વ અંગે મુખ્ય આઠ શહેરોમાં સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. સર્વેમાં પશ્ચિમ ભારતમાં વપરાશ ટ્રેન્ડ જાણવા મળ્યો જે દેશનાં બાકીનાં ભાગ કરતા અલગ હતો. અહીં ફ્લેવર્ડ મિલ્ક દૈનિક આદત છે અને 81 ટકા લોકોએ જણાવ્યું કે, તેઓ મોટા ભાગે ફ્લેવર્ડ મિલ્ક પીવે છે. દેશનાં બાકીનાં ભાગોની સરખામણીમાં આ સૌથી વધુ છે. અન્ય પ્રદેશોમાં ફ્લેવર્ડ મિલ્કનું સેવન અલગ કારણોસર અને મર્યાદિત પ્રમાણમાં થાય છે.



## મહિન્દ્રા લાસ્ટ માઈલ મોબિલિટી લિમિટેડ અને પંજાબ નેશનલ બેંકે વ્હીકલ ફાઈનાન્સિંગ સોલ્યુશન્સ માટે એમઓયુ કર્યાં

(એજન્સી) નવી દિલ્હી | તા 26

ભારતના પ્રથમ ક્રમના ઈલેક્ટ્રિક કમર્શિયલ વ્હીકલ નિર્માતા મહિન્દ્રા લાસ્ટ માઈલ મોબિલિટી લિમિટેડ (MLMML) અને ભારતમાં બીજા ક્રમની સૌથી મોટી જાહેરક્ષેત્રની બેંક પંજાબ નેશનલ બેંક (પીએનબી)એ વ્હીકલ ફાઈનાન્સિંગ સોલ્યુશન્સ માટે સમજૂતી કરાર (એમઓયુ) ઉપર હસ્તાક્ષર કરવાની જાહેરાત કરી છે. ફાઈનાન્સિંગ વિકલ્પોની સરળ એક્સેસને સક્ષમ કરીને MLMML અને પીએનબી લાસ્ટ માઈલ કનેક્ટિવિટીમાં સકારાત્મક પરિવર્તન અને ઈનોવેશન માટે સજ્જ છે.MLMML એ તાજેતરમાં 3 લાખ કમર્શિયલ ઈવીના વેચાણના સીમાચિહ્નરૂપને પાર કરવાની જાહેરાત કરી હતી, જે ભારતમાં કોઈપણ કંપની દ્વારા પ્રથમ છે.



## એરન્ડા શિષ્યવૃત્તિ ખેડૂતોના બાળકોને શિક્ષણ અને સમુદાય વિકાસ દ્વારા સશક્ત બનાવવાનું ચાલુ રાખે છે

(એજન્સી) નવી દિલ્હી | તા 26

ઈહસેડુ એગ્રોકેમ પ્રા. લિમિટેડ દ્વારા સમર્થિત અને જયંત એગ્રો ગ્રુપના સસ્ટેનેબિલિટી મિશન (SATVA) હેઠળ સુવિધા આપવામાં આવતી આર્કેમા પહેલ, એરન્ડા શિષ્યવૃત્તિ, શિક્ષણ, સર્જનાત્મકતા અને સમુદાય વિકાસને પ્રોત્સાહન આપીને ખેડૂતોના બાળકોના જીવનમાં અર્થપૂર્ણ પરિવર્તન લાવવાનું ચાલુ રાખે છે. વર્ષોથી, આ કાર્યક્રમ જયંત એગ્રોની સમાવિષ્ટ અને ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનો મુખ્ય આધારસ્તંભ બની ગયો છે, જે ગ્રામીણ શિક્ષણ માળખાને ટેકો આપવાની સાથે યુવા મનને ઉછેરવામાં મદદ કરે છે.એરન્ડા શિષ્યવૃત્તિ આંતર-શાળા સ્પર્ધાઓ દ્વારા ખેડૂતોના બાળકોના શિક્ષણ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.



### અમેરિકાથી અહેવાલ આવતા જ ભારતીય શેરબજારમાં જોરદાર ઉછાળો

## સેન્સેક્સ-નિફ્ટી રોકેટ બન્યાં! સેન્સેક્સ 1022.50 પોઈન્ટના વધારા સાથે 85,609.51 અંકે બંધ થયો

(એજન્સી) નવી દિલ્હી | તા 26



ભારતીય શેરબજારમાં ખરીદીનો જોરદાર માહોલ જોવા મળી રહ્યો છે અને બજાર ઓલ-ટાઇમ હાઈની નજીક પહોંચી ગયું છે. સેન્સેક્સ 720 પોઈન્ટના ઉછાળા સાથે 85,300ની સપાટીને પાર કરી ગયો હતો. 30 શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ 1022.50 પોઈન્ટના વધારા સાથે 85,609.51 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 320.50 પોઈન્ટના વધારા સાથે 26,205.30 અંકે બંધ થયો. બજારમાં આવેલી આ શાનદાર તેજી પાછળ વૈશ્વિક બજારોનો મજબૂત સંકેત મુખ્ય કારણ છે. વૈશ્વિક બજારોમાં સતત ત્રીજા દિવસે તેજી જોવા મળી રહી છે. અમેરિકામાં રિટેલ વેચાણ અને ગ્રાહક વિશ્વાસ જેવા આર્થિક ડેટા નબળા આવતા, એવી આશા વધી છે કે યુએસ ફેડરલ રિઝર્વ બેંક ડિસેમ્બર 2025માં વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. આ સકારાત્મક સંકેતને કારણે અમેરિકાથી લઈને એશિયન બજારો સુધી તેજીનો માહોલ છે, જેની સીધી અસર ભારતીય બજાર પર પણ જોવા મળી રહી છે.

આજના કારોબારમાં ઘરેલુ બજારના તમામ સેક્ટર ગ્રીન ઝોનમાં ટ્રેડ કરી રહ્યા છે. સૌથી વધુ તેજી ઓટો, મેટલ, પીએસયુ બેંક, ફાર્મા અને કન્ઝ્યુમર સેક્ટરમાં જોવા મળી રહી છે. BSEના ટોચના 30 શેરોમાંથી માત્ર ભારતી એરટેલના શેરમાં 2 ટકાનો ઘટાડો છે, જ્યારે બાકીના તમામ 29 શેર તેજી સાથે કારોબાર કરી રહ્યા છે. અદાણી પોર્ટ્સ, ટ્રેન્ટ, ટાટા સ્ટીલ, એક્સિસ બેંક અને ટાટા મોટર્સના શેરમાં 2 ટકા સુધીનો ઉછાળો આવ્યો છે. બજારની આ તેજીમાં રોકાણકારોની સંપત્તિમાં મોટો ઉછાળો આવ્યો છે. 25 નવેમ્બરે બીએસઈનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન 469.41 લાખ કરોડ રૂપિયા હતું, જે આજે વધીને 473.65 લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. આનો અર્થ એ છે કે માત્ર આજના ટ્રેડિંગ સેશનમાં જ રોકાણકારોની સંપત્તિમાં 4.24 લાખ કરોડ રૂપિયાનો જંગી વધારો થયો છે.

### સપ્ટેમ્બર ક્વાર્ટરમાં નાની, મધ્યમ કદની કંપનીઓનું મોટી કરતાં સારું પ્રદર્શન

## સ્મોલ અને મિડકેપ કંપનીઓનો આ વખતે સૌથી વધુ નફો



અમદાવાદ : ભારતમાં કંપનીનો વિકાસ ધીમો પડયો છે, અને તેની અસર મોટી કંપનીઓ (ફ્રન્ટલાઈન કંપનીઓ) પર વધુ દેખાઈ રહી છે. સપ્ટેમ્બર ૨૦૨૫ ક્વાર્ટરમાં, નિફ્ટી-૫૦માં સામેલ મોટી કંપનીઓના નફામાં માત્ર ૧.૨% નો વધારો થયો છે, જે છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી નીચો વિકાસ છે. જો કે, દેશની તમામ લિસ્ટેડ કંપનીઓના નફામાં ૧૦.૮% નો વધારો થયો છે, જે ઘણો સારો છે. આનો અર્થ એ છે કે નાની અને મધ્યમ કદની કંપનીઓએ મોટી કંપનીઓ કરતાં સારું પ્રદર્શન કર્યું છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરમાં નિફ્ટી-૫૦ કંપનીઓના વેચાણમાં માત્ર ૬.૪% નો વધારો થયો છે, જે છેલ્લા ૧૭ ક્વાર્ટરમાં સૌથી નબળો વિકાસ છે. તેની તુલનામાં, દેશની અન્ય તમામ લિસ્ટેડ કંપનીઓના વેચાણમાં ૭.૨%નો વધારો થયો છે. છેલ્લા ચાર ક્વાર્ટરમાં, મોટી કંપનીઓ બાકીની કંપનીઓ કરતાં પાછળ રહી ગઈ છે. નિફ્ટી-૫૦ કંપનીઓએ ૧૦ ક્વાર્ટરમાંથી આઠમાં અન્ય કંપનીઓ કરતાં ખરાબ પ્રદર્શન કર્યું છે.નિફ્ટી-૫૦ માં મોટી કંપનીઓની કમાણી નબળી હોવાથી, એકંદર નફામાં તેમનો હિસ્સો પણ ઘટયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરમાં નિફ્ટી-૫૦ કંપનીઓનો હિસ્સો ઘટીને ૫૦% થયો, જે છેલ્લા પાંચ વર્ષમાં સૌથી ઓછો છે. ત્રણ વર્ષ પહેલાં, તે લગભગ ૬૦% હતો. આ ક્વાર્ટરમાં, નિફ્ટી-૫૦ કંપનીઓએ મળીને ૧.૮૧ ટ્રિલિયનનો નફો કર્યો હતો. આ ગયા વર્ષ કરતા થોડો વધારે છે, પરંતુ છેલ્લા ચાર ક્વાર્ટરમાં સૌથી ઓછો છે. તેની તુલનામાં, દેશની બાકીની ૨,૬૪૭ કંપનીઓનો કુલ નફો વધીને ?૩.૬૨ ટ્રિલિયન થયો છે.અહેવાલ મુજબ, મિડકેપ અને સ્મોલકેપ કંપનીઓએ આ વખતે સૌથી વધુ નફો કર્યો છે. મિડકેપ-૧૫૦ કંપનીઓના નફામાં ૨૭%નો વધારો થયો છે, અને સ્મોલકેપ-૨૫૦ કંપનીઓના નફામાં ૩૭%નો વધારો થયો છે. તેની સરખામણીમાં, મોટી કંપનીઓ (નિફ્ટી ૧૦૦)ની કમાણીમાં માત્ર ૧૦%નો વધારો થયો છે. વધુમાં, ખાનગી બેંકો અને મોટી ઓટો કંપનીઓનું નબળું પ્રદર્શન પણ મોટી કંપનીઓ માટે મુશ્કેલીઓમાં વધારો કરી રહ્યું છે.

વિશ્લેષકોના મતે, આ વખતે સૌથી વધુ કમાણી ઊર્જા, ધાતુઓ, સિમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મટિરિયલ્સ અને ઓટો જેવા ક્ષેત્રોમાંથી આવી છે. આ ક્ષેત્રોને ચક્રીય માનવામાં આવે છે, એટલે કે તેમની કમાણી સમયાંતરે વધઘટ થાય છે. આ ક્ષેત્રોની કંપનીઓ નિફ્ટી-૫૦માં ઓછું પ્રતિનિધિત્વ કરે છે. નિફ્ટી-૫૦માં મોટાભાગે બેંકો, આઈટી, એફએમસીજી અને તેલ અને ગેસ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે, અને આ ક્ષેત્રોમાં આ ક્વાર્ટરમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી નથી.મોટી અને નાની કંપનીઓ વચ્ચેનો આ તફાવત કાયમી નથી. વિશ્લેષકોના મતે, મિડ-કેપ અને સ્મોલ-કેપ કંપનીઓની મજબૂત કમાણી વૃદ્ધિ ગયા વર્ષે આ કંપનીઓ માટે નબળા આધારને કારણે છે, અને આ વખતે, કેટલાક ક્ષેત્રો ફક્ત ટૂંકા ગાળા માટે જ સારું પ્રદર્શન કરી રહ્યા છે. મોટી કંપનીઓની કમાણી આગામી મહિનાઓમાં પણ વધી શકે છે, જે બંને વચ્ચેના તફાવતને ઘટાડશે. જોકે, સિંહા જથ્થાબંધ બજારના ડેટા સૂચવે છે કે કર ઘટાડા પછી પણ, ખરીદીમાં ખાસ વધારો થયો નથી. વધુમાં, તાજેતરમાં નિકાસમાં ઘટાડો થયો છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, માગસર સુદ-07

# શહીદીની યાદમાં

શ્રીલંકાના સંકટને ઉકેલવા માટે ભારતીય શાંતિ સેનાની શ્રીલંકામાં તૈનાત કરવાનો નિર્ણય તત્કાલીન સરકાર દ્વારા લેવામાં આવ્યો હતો, પરંતુ ભારતીય સૈનિકો ખરેખર રાષ્ટ્રના હિતમાં અને તેમની લશ્કરી ફરજોની સેવામાં લડ્યા હતા. આ નિર્ણયનો હેતુ શ્રીલંકાના તમિલોના હિતોનું રક્ષણ કરવાનો અને તેમના ન્યાયી પુનર્વસન માટે પહેલ શરૂ કરવાનો પણ હતો. જો કે, એ પણ હકીકત છે કે ભારતીય શાંતિ સેના (IPKF) ના ભૂતપૂર્વ સૈનિકો લાંબા સમયથી રોષ ધરાવે છે કે IPKF સૈનિકોના બલિદાનનું યોગ્ય રીતે સન્માન કરવામાં આવ્યું નથી. હવે, સરકાર અને સેનાએ આ ખામીને દૂર કરવા માટે ઓછામાં ઓછી એક પહેલ કરી છે. પરમવીર ચક્ર વિજેતા મેજર રામાસ્વામી પરમેશ્વરનને તેમના શહીદી દિવસે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ શ્રદ્ધાંજલિ આપી હતી. આ દિશામાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પણ શોક સંદેશ મોકલ્યો હતો. જ્યારે ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ પહેલ ફક્ત એક પ્રતીકાત્મક સંકેત હોઈ શકે છે, તે યોગ્ય દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. મોડું થયું હોવા છતાં, શ્રીલંકામાં ઓપરેશન પવન દરમિયાન શહીદ થયેલા 1,171 ભારતીય સૈનિકો પ્રત્યે યોગ્ય આદરના અભાવને દૂર કરવા માટે આ પ્રયાસો કહી શકાય. એ નોંધનીય છે કે આ યુદ્ધમાં ત્રણ હજારથી વધુ સૈનિકો પણ ઘાયલ થયા હતા. ઘણા બહાદુર સૈનિકોને અગાઉ શૌર્ય ચંદ્રકો એનાયત કરવામાં આવ્યા છે. જોકે, ઘણીવાર વેદના સાથે કહેવામાં આવે છે કે આ યુદ્ધ ભૂલી ગયેલું છે. એ પણ નોંધનીય છે કે કોલંબોમાં ભારતીય શાંતિ રક્ષા દળ અને પલાલીમાં 10-પેરાના શહીદો માટે સ્મારકો બનાવવામાં આવ્યા હતા. વિડંબના એ છે કે IPKFના ભૂતપૂર્વ સૈનિકો, શહીદોની વિધવાઓ અને તેમના પરિવારો રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે ખાનગી સ્મારકોનું આયોજન કરી રહ્યા છે. ચોક્કસપણે, રાષ્ટ્રના હિત માટે હાથ ધરવામાં આવેલા કોઈપણ લશ્કરી કાર્યવાહીમાં શહીદ થયેલા સૈનિકોને સામાન્ય યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકો જેવો જ આદર મળવો જોઈએ. ખરેખર, ઓપરેશન પવનમાં શહીદ થયેલા સૈનિકોના પરિવારો તેમજ યુદ્ધમાં ભાગ લેનારા સૈનિકો લાંબા સમયથી તેમને પૂરતું સન્માન મળે તેવી ઈચ્છા રાખતા હતા. વર્ષોથી, તેઓ માંગ કરી રહ્યા છે કે ૧૯૭૧ના બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ અને ૧૯૯૯ના કારગિલ યુદ્ધના શહીદોની યાદમાં ઉજવાતા ખાસ દિવસોની જેમ, ઓપરેશન પવનની યાદમાં એક ખાસ દિવસ જાહેર કરવામાં આવે. દરમિયાન, શહીદ સૈનિકોના પરિવારો દાયકાઓથી શોક વ્યક્ત કરી રહ્યા છે. ઓપરેશન પવનમાં શહીદ થયેલા ઘણા સૈનિકોના અંતિમ સંસ્કાર અથવા દફન વિદેશી ધરતી પર કરવામાં આવ્યા હોવાથી, તેમના પરિવારો શહીદ સૈનિકોના નશ્વર અવશેષોને સ્વદેશ પરત મોકલવા માટેની નીતિને સુવ્યવસ્થિત કરવાની માંગ કરી રહ્યા છે. તેઓએ શહીદ સૈનિકોના નશ્વર અવશેષોને સ્વદેશ પરત મોકલવા માટેની નીતિને તર્કસંગત બનાવવા માટે એક કમિશનની રચના કરવાની પણ માંગ કરી છે. તેઓએ માંગ કરી છે કે અવશેષોને ભારતમાં લાવવામાં આવે અને IPKF સ્મારકમાં આદર સાથે દફનાવવામાં આવે. નિ:શંકપણે, કોઈપણ દેશના બહાદુર શહીદોના સ્મારકો સામૂહિક સ્મૃતિનું પ્રતીક છે. ખરેખર, રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક સશસ્ત્ર દળો દ્વારા આપવામાં આવેલા બલિદાનને કાયમી શ્રદ્ધાંજલિ તરીકે સેવા આપે છે, જે સન્માન અને સ્મૃતિ સ્થળ તરીકે સેવા આપે છે. નિ:શંકપણે, આ લાંબા સમયથી રાહ જોવાતી માંગણીને પૂર્ણ કરવાના પડકારો ગમે તેટલા જટિલ હોય, આપણા સૈનિકોની બહાદુરી અને બલિદાનને ઓછો આંકવાનું કોઈ બહાનું ન હોવું જોઈએ. જો આપણે આપણા બહાદુર સૈનિકોના બલિદાનનું યોગ્ય રીતે સન્માન કરીશું, તો તે બધા સૈનિકોનું મનોબળ વધારશે. આ દિશામાં તાત્કાલિક, અર્થપૂર્ણ પહેલ એ સમયની માંગ છે.

---

'હમારા સંવિધાન હમારા સ્વાભિમાન' થીમ હેઠળ કાર્યક્રમ યોજાયો

# મહીસાગરમાં 'સંવિધાન દિવસ'ની ભવ્ય ઉજવણીથી ગૌરવ વધ્યું

જગદીશ ત્રિવેદી | મહીસાગર તા.26

બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકર દ્વારા રચાયેલા ભારતના સર્વોચ્ચ કાયદા, બંધારણના સ્વીકારની યાદમાં દર વર્ષે 26 નવેમ્બરના દિવસને રાષ્ટ્રભરમાં સંવિધાન દિવસ તરીકે આદરપૂર્વક ઉજવવામાં આવે છે. ગુજરાત રાજ્ય ડાયરેક્ટોરેટ ઓફ પ્રોસીકયુશનની કચેરી અને મહીસાગર જિલ્લા સરકારી વકીલની કચેરીના સંયુક્ત ઉપક્રમે લુણાવાડા ખાતે આવેલી આદર્શ વિધાલયમાં સંવિધાન દિવસની ઉજવણીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ, પોલીસ કર્મચારીઓ, વકીલો સહિત મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું અધ્યક્ષપદ મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક સફિન હસન દ્વારા શોભાવવામાં આવ્યું હતું. પોલીસ અધિક્ષક સફિન હસનએ વર્તમાન યુગની સૌથી



મોટી જરૂરિયાત એવા સાયબર ક્રાઈમ વિષે પ્રેરક ઉદ્દબોધન આપીને વિદ્યાર્થીઓ અને અન્ય ઉપસ્થિતોને જાગૃત કર્યા હતા. તેમણે સાયબર ગુનાઓથી બચવા અને સાવચેતી રાખવા માટેના જરૂરી પગલાં સમજાવ્યા હતા. તેમણે ભાવનાત્મક અપીલ કરતા સૌ નાગરિકોને બંધારણમાં મળેલા અમૂલ્ય હકો અને ફરજોનું નિષ્ઠાપૂર્વક પાલન કરીને એક આદર્શ નાગરિક બનવા માટે હ્રદયપૂર્વક અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન, સરકારી વકીલ એસ. આર. ડામોર દ્વારા ભારતના બંધારણના આમુખનું વાંચન કરવામાં આવ્યું હતું. આ આમુખ વાંચનથી ઉપસ્થિત સૌમાં બંધારણ પ્રત્યે આદર, ગૌરવ અને રાષ્ટ્રીય એકતાની ભાવના મજબૂત બની હતી. આ ગૌરવશાળી પ્રસંગે આદર્શ વિધાલયના ટ્રસ્ટી ઋષિરાજ પંડ્યા સહિત એજીપી જે. જે. સોલંકી, કે.એફ. ડામોર, સી.જી. જોશી, એપીપી કે.એમ. રાણા, એ.આર. તળપદા, વાય.એસ. ગોંસાઈ, એસ.એસ. પંડ્યા, જે.જી. ડોડીયા, કે.કે. ડાભી, આર.એ. ભાટીયા, તેમજ પોલીસકર્મીઓ, સરકારી વકીલ કચેરીના સ્ટાફ અને શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ પવિત્ર દિવસના સાક્ષી બન્યા હતા. મહીસાગર જિલ્લા સરકારી વકીલની કચેરી દ્વારા કરવામાં આવેલી આ ઉજવણીએ જિલ્લામાં કાયદાના શાસન અને બંધારણીય મૂલ્યો પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

---

ચાણસ્મા તાલુકાના ધાર્મિક કાર્યક્રમે ઈતિહાસ રચ્યો

# ગોગા મહારાજની ભવ્ય પ્રતિષ્ઠાથી ખારી ધારીયાલ ઝૂમી ઉઠ્યું

નિતીન ઠાકર, ચાણસ્મા | તા.26

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના પાવન ધામ ખારી ધારીયાલ ગામે હાલમાં જ એક એવો ભવ્ય ધાર્મિક પ્રસંગ યોજાયો જેણે સમગ્ર પંથકમાં ભક્તિમય માહોલ સર્જી દીધો. વોરા પટેલ ઈશ્વરદાસ પરિવાર દ્વારા નવનિર્મિત ગોગા મહારાજના મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ ત્રણ દિવસના ઉત્સાહ અને ઉલ્લાસ સાથે સંપન્ન થયો હતો. આ ત્રિદિવસીય ધાર્મિક કાર્યક્રમમાં માત્ર ખારી ધારીયાલના જ નહીં, પરંતુ આસપાસના અનેક ગામોના શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા, જેણે આ મહોત્સવને ખરા અર્થમાં ઐતિહાસિક બનાવી દીધો છે.

ગોગા મહારાજ પ્રતિષ્ઠા મહોત્સવની શરૂઆત ભારે ધામધૂમ પૂર્વક કરવામાં આવી હતી. સમગ્ર વિસ્તારમાં જ્યાં જુઓ ત્યાં શ્રદ્ધા અને આસ્થાનું વાતાવરણ છવાઈ ગયું હતું. આ ભવ્ય ધાર્મિક કાર્યક્રમની મુખ્ય પ્રવૃત્તિઓમાં ગોગા મહારાજની મૂર્તિની શોભાયાત્રાનો સમાવેશ થતો હતો, જેણે ગામના મુખ્ય



માર્ગો પર ફરીને વાતાવરણને પવિત્રતાથી ભરી દીધું હતું. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા અને દેવના જયઘોષ સાથે ચાણસ્મા વિસ્તારને ગુંજાવી મૂક્યો હતો.

આ ઉત્સવની ભવ્યતામાં વધારો કરવા માટે રામેલ રાસ-ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક કલાકારો અને ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભક્તિ અને લોક સંસ્કૃતિના આ અદ્ભુત સંગમથી સમગ્ર વાતાવરણ જીવંત બની ગયું હતું.

---

ગૌમાતાના કલ્યાણ અર્થે ઉદાર હાથે દાન પ્રવાહ વહ્યો

# કચ્છના નખત્રાણા ગૌસેવા કેન્દ્રને દાતાઓએ દિલ ખોલીને દાન આપ્યું

મહેશ એલ. સોની | નખત્રાણા તા.26

કચ્છ જિલ્લાના નખત્રાણા ખાતે આવેલ નખત્રાણા ગૌસેવા કેન્દ્રને તાજેતરમાં બે ઉદાર દાતાઓ તરફથી નોંધપાત્ર અનુદાન પ્રાપ્ત થતાં સંસ્થાની ગૌસેવાની પ્રવૃત્તિઓને નવું બળ મળ્યું છે. ગૌમાતાની સેવા અને કલ્યાણના આ પવિત્ર કાર્યમાં મણીલાલ કરસન લીંબાણી અને ધનજીભાઈ પેથાભાઈ કેસરાણીએ દિલ ખોલીને દાન આપ્યું છે, જે સમગ્ર પંથક માટે એક પ્રેરણારૂપ ઘટના બની છે. આર્થિક સહાય મળવાથીસંસ્થાનાવહીવટકર્તાઓમાં અને ગૌભક્તોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. નખત્રાણા ગૌસેવા કેન્દ્રને મળેલા આ અનુદાનમાં બે મોટા દાનનો સમાવેશ થાય છે. જેમાં નખત્રાણા સ્થિત શ્રી ટ્રેક્ટર તથા શ્રી ટ્રેડર્સના સંચાલક શ્રી મણીલાલ કરસન લીંબાણી તરફથી ગૌસેવા અર્થે રૂપિયા ૨૫૦૦૦/-નું મોટું અનુદાન જાહેર કરવામાં આવ્યું છે.



તદુપરાંત, મૂળ નખત્રાણાના અને હાલમાં મુંબઈ ખાતે વસતા શ્રી ધનજીભાઈ પેથાભાઈ કેસરાણી તરફથી પણ રૂપિયા ૫૫૫૫/-નું ઉદાર દાન સંસ્થાને મળ્યું છે. આ બંને દાતાશ્રીઓએ સમાજ અને ગૌમાતા પ્રત્યેની પોતાની ફરજ નિભાવીને અન્ય લોકોને પણ આ પ્રેરક કાર્યમાં જોડાવા માટેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ પ્રેરણાત્મક અનુદાન મળ્યા બાદ નખત્રાણા ગૌસેવા કેન્દ્રના પ્રમુખશ્રી નારાયણ ભાઈ માનાણી અને મહામંત્રી શ્રી લાલજીભાઈએ સંયુક્ત રીતે બંને દાતાશ્રીઓનો હ્રદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

---

# કડાણા તાલુકામાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ તલાટી ફરજમુક્ત

મહીસાગર » મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાની ગ્રામ પંચાયતોમાં છેલ્લા ઘણા સમયથી વિકાસના કામોમાં ચાલી રહેલા ભય વગરના ભ્રષ્ટાચાર અને નાણાકીય ગેરરીતિઓની ગંભીર ફરિયાદો બાદ આખરે વહીવટી તંત્ર સફાળું જાગ્યું છે. ગાંધીનગર અને જિલ્લા સ્તરે કરવામાં આવેલી વિવિધ રજૂઆતોના પગલે કડક તપાસ હાથ ધરવામાં આવી હતી, જેના અંતે માલવણ ગ્રામ પંચાયતના તલાટી-કમ-મંત્રી તાવિયાડ ઉષાબેનને તાત્કાલિક અસરથી ફરજ મુક્ત કરવાનો આદેશ કરવામાં આવતા સમગ્ર જિલ્લામાં ભારે ચકચાર મચી જવા પામી છે. તલાટીની આ બરતરફીથી ભ્રષ્ટાચાર આચરનારા અન્ય કર્મચારીઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. કડાણા તાલુકાની માલવણ, દધાલિયા અને રણકપુર જેવી ગ્રામ પંચાયતોમાં વિકાસના કામોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર અને નિયમોનું ઉલ્લંઘન થતું હોવાની ફરિયાદો ઉઠી હતી. આ ગંભીર બાબતની રજૂઆતો રાજ્ય સ્તરે તેમજ જિલ્લા સ્તરે થતાં જિલ્લા પંચાયત દ્વારા આ મામલાની તપાસનું કામગીરી કડાણા તાલુકા વિકાસ અધિકારીને સોંપવામાં આવી હતી.

---

ભાજપ સરકાર તાયફાઓમાં વ્યસ્ત | ખેડૂતો હજુ રાહત પેકેજની રાહમાં

# AAP નેતા મનોજ સોરઠીયાએ વધુ એક કિસાન મહાપંચાયતનું કર્યું એલાન

(એજન્સી) અમદાવાદ/આણંદ તા.26

ગુજરાતમાં ખેડૂતોના પ્રશ્નો અને અતિવૃષ્ટિના વળતરને લઈને સત્તા પક્ષ સામે જોરદાર સંઘર્ષ ચલાવી રહેલી આમ આદમી પાર્ટી દ્વારા વધુ એક કિસાન મહાપંચાયતનું એલાન કરવામાં આવ્યું છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ તારીખ 26/11/2025 ના રોજ પત્રકાર પરિષદ યોજીને જાહેરાત કરી હતી કે, ગુજરાતના ખેડૂતોને ન્યાય અપાવવા માટે આગામી તારીખ 29 નવેમ્બરે આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના કહાનવાડી ગામે ભવ્ય કિસાન મહાપંચાયત યોજવામાં આવશે. આ પ્રસંગે મનોજ સોરઠીયાએ સત્તાધારી ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે સરકાર રાહત પેકેજની જાહેરાતો કરીને માત્ર ઢાંકપિછોડો કરી રહી છે, જ્યારે ખેડૂતો હજુ પણ એક પણ રૂપિયો મળ્યા વિના ખાલી હાથે બેઠા છે. આમ આદમી પાર્ટી દ્વારા છેલ્લા છ મહિનાથી ગુજરાતના ખેડૂતો, ખેત મજૂરો અને ભાગીયાઓના હિતમાં સતત સંઘર્ષ કરવામાં આવી રહ્યો છે. પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'બોટાદ જિલ્લાથી શરૂ થયેલું અમારું ખેડૂત આંદોલન હવે ગુજરાતના અલગ અલગ ખૂણાઓ સુધી પહોંચી રહ્યું છે.' આ આંદોલનને વધુ વેગ આપવા માટે કિસાન મહાપંચાયતની શ્રૃંખલાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ મહાપંચાયતને ખેડૂત આંદોલનના એક અગત્યના મણકા તરીકે ગણાવીને મનોજ સોરઠીયાએ ખેડૂતો અને ખેડૂતોનું સારું ઈચ્છતા તમામ હિતેચ્છુઓને મોટી સંખ્યામાં કિસાન મહાપંચાયતમાં પધારવા માટે ભાવભર્યું આમંત્રણ આપ્યું હતું. તેમનો મુખ્ય ધ્યેય એવા લોકોને એક મંચ પર લાવવાનો છે, જેઓ ખેડૂતોને આ વર્તમાન કપરી સ્થિતિમાંથી મુક્ત કરવા ઈચ્છે છે. મનોજ સોરઠીયાએ ભાજપ સરકાર પર ગંભીર આક્ષેપો લગાવતા જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતો અતિવૃષ્ટિને કારણે પાક નિષ્ફળ ગયો છે, ત્યારથી સહાયની રાહ જોઈને બેઠા છે, જેથી તેઓ નવો પાક વાવી શકે. પરંતુ, 'આ બહેરી મૂંગી સરકાર માત્ર તાયફાઓમાં જ વ્યસ્ત છે.' તેમણે રાહત પેકેજની ગંભીર અનિયમિતતાઓ પર આંકડાકીય વિગતો રજૂ કરી હતી. મનોજ સોરઠીયાના કહેવા મુજબ, સરકારે ભલે રૂપિયા 10,000 કરોડનું મોટું રાહત પેકેજ જાહેર કર્યું હોય, પરંતુ હજી સુધી એક પણ રૂપિયો ખેડૂતોના ખાતામાં ચૂકવાયો નથી.

---

# ગુજરાતમાં મતદાર યાદી સુધારણા ઝુંબેશ ચરમસીમાએ

(એજન્સી) અમદાવાદ/જૂનાગઢ તા.26

લોકશાહીના પાયા સમાન મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાલમાં સમગ્ર ગુજરાતમાં પુરજોશમાં ચાલી રહી છે. આ ઝુંબેશમાં નામ નોંધણી, સુધારા-વધારા અને ગણતરીનો તબક્કો આગામી તારીખ 4 ડિસેમ્બર 2025 સુધી ચાલુ રહેવાનો છે. હાલમાં આ ઝુંબેશમાં જિલ્લા ચૂંટણી અધિકારીઓથી લઈને ચૂંટણી તંત્રના સૈનિકો સમાન બી.એલ.ઓ. (BLO) સુધીનું સમગ્ર ચૂંટણીતંત્ર સંપૂર્ણ સુમેળ અને સહકારની ભાવના સાથે નાગરિકોને મદદરૂપ બનવા માટે અથાગ પ્રયાસ કરી રહ્યું છે. રાજ્યભરના બી.એલ.ઓ. ગણતરી ફોર્મના વિતરણ, ફોર્મ ભરવામાં મદદ કરવા તથા 2002ની યાદીમાંથી નામ શોધવામાં સહાય પૂરી પાડીને ફોર્મમાં ભરવાની થતી વિગતો બાબતે નાગરિકોને સચોટ માર્ગદર્શન આપી રહ્યા છે.

---

લાખો શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે હાઈટેક વ્યવસ્થા ગોઠવાઈ

# સોમનાથનો કાર્તિકી પૂર્ણિમા મેળો 27 નવેમ્બરથી ધમધમશે

નરેન્દ્ર દવે, જૂનાગઢ તા.26

સૌરાષ્ટ્રના સૌથી પ્રસિદ્ધ અને ભવ્ય લોકમેળાઓમાંના એક એવા 'કાર્તિકી પૂર્ણિમા મેળા 2025'નો પ્રારંભ આજથી શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે. આ મેળો ખરા અર્થમાં ભજન, ભોજન, ભક્તિ અને આનંદની સરવાણી વહાવે છે. આ વર્ષે કાર્તિકી પૂર્ણિમાના મૂળ સમયે થયેલા ભારે વરસાદના કારણે મેળાની તારીખોમાં ફેરફાર કરીને તારીખ 27/11/2025 થી 01/12/2025 સુધી એટલે કે, પાંચ દિવસ માટે આ ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ મેળામાં અનેકવિધ મનોરંજનના માધ્યમો થકી સૌરાષ્ટ્ર ભરની જનતાને ઉત્સાહ અને પ્રમોદ પૂરો પાડવામાં આવશે. કાર્તિકી પૂર્ણિમા મેળાનું ભવ્ય ઉદ્ઘાટન જૂનાગઢ રેન્જ આઈ.જી. શ્રી નિલેશકુમાર ઝાઝડિયાના શુભ હસ્તે તારીખ 27 નવેમ્બર, 2025ના રોજ



સાંજે 5 વાગ્યે કરવામાં આવશે. વર્ષ 1955થી શરૂ થયેલો આ મેળો લોક સંસ્કૃતિ, અધ્યાત્મ અને મનોરંજનના ત્રિવેણી સંગમ તરીકે જાણીતો છે. આ વર્ષે પણ કાર્તિકી પૂર્ણિમા મેળો સોમનાથ બાયપાસના સદભાવના ગ્રાઉન્ડ ખાતે યોજાશે. મેળામાં બાળકોની મોજમસ્તી માટે 50થી વધુ મનોરંજન માટેની રાઈડ્સ ઉપલબ્ધ રાખવામાં આવી છે, જેમાં તમામ સુરક્ષા તકેદારીનું સખતપણે પાલન કરવામાં આવ્યું છે. મેળાને વધુ આકર્ષક બનાવવા માટે 200 જેટલા ખાણી-પીણીના સ્ટોલ, રમકડાં, અને હસ્તકલા-ગૃહઉદ્યોગના ઈન્ડેક્ષ-સી વિભાગના વિવિધ સ્ટોલ્સ ગોઠવવામાં આવ્યા છે.

---

ભુજ નારાયણ સરોવર બસ પ્રશ્ને ઉગ્ર આંદોલન

# નખત્રાણામાં વિદ્યાર્થીઓએ ST બસ રોકી વિરોધ નોંધાવ્યો

મહેશ એલ. સોની, નખત્રાણા તા.26

કચ્છ જિલ્લાના નખત્રાણા પંથકમાં ગુજરાત રાજ્ય પરિવહન નિગમની ઘોર બેદરકારી અને લાંબા સમયની નિષ્ક્રિયતાના કારણે આજે સ્થાનિક લોકો અને ખાસ કરીને શાળા-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિરોધ ચરમસીમાએ પહોંચ્યો હતો. ભુજથી નારાયણ સરોવર તરફ જતી જે બસ સેવા આ વિસ્તારના નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે આવન-જાવનનું મુખ્ય સાધન છે, તે છેલ્લા ઘણા સમયથી અત્યંત અનિયમિત હોવાના કારણે લોકોએ ના છૂટકે બસ રોકો આંદોલન કરવાની ફરજ પડી હતી. સ્થાનિક સૂત્રો અને મીડિયા અહેવાલ મુજબ, તસવીરોમાં દૃશ્યમાન થતાં વિદ્યાર્થીઓનો સમુદાય રસ્તા વચ્ચે એસ.ટી. બસને રોકીને ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે પોતાની માંગણીને



બુલંદ બનાવી રહ્યો હતો. છેલ્લા આઠ વર્ષથી વધુ સમયથી આ જ બસને નિયમિત કરવા માટે એસ.ટી. તંત્ર સમક્ષ અનેકવિધ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતાં આ વિરોધનો સળગતો માહોલ સર્જાયો છે. ભુજ નારાયણ સરોવર બસ સેવા આ વિસ્તારના અનેક ગામોના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ મેળવવાના એકમાત્ર આધાર સમાન છે. આ રૂટ પરની બસ સેવા જો અનિયમિત બને તો વિદ્યાર્થીઓના અભ્યાસ પર સીધી અને ગંભીર અસર પડે છે. વિદ્યાર્થીઓ સમયસર શાળા-કોલેજ પહોંચી શકતા નથી અને પરીક્ષા તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાંથી વંચિત રહે છે. સ્થાનિક જાગૃત નાગરિકો દ્વારા એસ.ટી. નિગમના ડિવિઝનલ કચેરીથી માંડીને ગાંધીનગર સ્તર સુધી આ બસ સેવાને નિયમિત કરવા માટે અનેક રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ સરકારી તંત્ર દ્વારા આ ગંભીર પ્રશ્નની સતત ઉપેક્ષા કરવામાં આવી. આઠ વર્ષનો લાંબો સમયગાળો પસાર થયા છતાં તંત્રએ આંખ આડા કાન કરતા, લોકોનો ધીરજ ખૂટી ગયો અને તેમણે લોકશાહી ઢબે પોતાનો વિરોધ દર્શાવવા માટે રસ્તો રોકવાનો આકરો નિર્ણય લીધો હતો. નખત્રાણા અને આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓનો વિરોધ એ માત્ર બસની અનિયમિતતાનો પ્રશ્ન નથી, પરંતુ તેમના શૈક્ષણિક ભવિષ્યનો ગંભીર સવાલ છે.

---

ગુજરાતમાં ડ્રગ્સની ઘૂસણખોરી પર સનસનાટીપૂર્ણ આક્ષેપ

# ચૈતર વસાવાએ બંધારણના અમલકર્તાની ઈચ્છાશક્તિ પર સવાલ ઉઠાવ્યો

અમદાવાદ/નર્મદા/દાહોદ તા.26

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના રાજપુર ગામે ક્રિકેટ ટુર્નામેન્ટનું ઓપનિંગ કરવા આવેલા આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ પત્રકાર પરિષદ યોજીને રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. તારીખ 26/11/2025ના રોજ, બંધારણ દિવસ અને આમ આદમી પાર્ટીના સ્થાપના દિવસના પવિત્ર અવસર પર તેમણે દેશ અને રાજ્યને શુભકામનાઓ પાઠવવાની સાથે જ બંધારણના અમલકર્તાઓની ઈચ્છાશક્તિ પર સીધા સવાલો ઉઠાવ્યા હતા. ચૈતર વસાવાએ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેનારા તમામ ખેલાડી મિત્રોને ખેલદિલીથી રમવા અને રમતગમતના ક્ષેત્રમાં કારકિર્દી આગળ વધારવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. જોકે, તેમણે આદિવાસી સમાજ અને અન્ય પછાત વર્ગોના હકોને લઈને રાજકીય અને



સામાજિક મુદ્દાઓને જોરદાર રીતે ઉઠાવ્યા હતા. ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, બંધારણમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગ અને લઘુમતી માટે જે વિશેષ પ્રાવધાન કરવામાં આવ્યા છે, તેની અમલવારી આજે યોગ્ય રીતે થતી નથી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, 'બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે બંધારણ ખૂબ સારું બન્યું છે, પરંતુ એના અમલકર્તાઓની ઈચ્છાશક્તિ હશે તો જ આની અમલવારી થશે. આજે દુઃખ સાથે કહેવું પડે છે કે અમલકર્તાઓની ઈચ્છાશક્તિનો અભાવ દેખાઈ રહ્યો છે.


---

ધ્વજારોહણ સમારંભમાં રામભક્તિનો માહોલ | ડાંગ જિલ્લાના પી.પી. સ્વામીજીની વિશેષ ઉપસ્થિતિ

# રામમંદિરના ધ્વજારોહણમાં ડાંગ જિલ્લાના સ્વામીજીની હાજરી

સુશીલ પવાર, ડાંગ તા.26

દેશની આસ્થા અને સંસ્કૃતિનું કેન્દ્ર બની ચૂકેલા અયોધ્યા ખાતે આજે ભવ્ય રામમંદિર પર ધ્વજારોહણ સમારંભનો પવિત્ર અને ઐતિહાસિક પ્રસંગ સંપન્ન થયો હતો. આ પુણ્ય અને ગૌરવશાળી અવસરના સાક્ષી બનવા માટે સમગ્ર દેશમાંથી સંતો-મહંતો ઉમટી પડ્યા હતા, ત્યારે ગુજરાતના આદિવાસી બહુલ ડાંગ જિલ્લાનું ગૌરવ વધારતા પી.પી. સ્વામીજી પણ આ સમારંભમાં વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. પી.પી. સ્વામીજી, જે પ્રયોશા પ્રતિષ્ઠાન અને સંતોકબા ધોળકિયા વિધામંદિર જેવી ડાંગ જિલ્લાની પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે સંકળાયેલા છે, તેમની હાજરીએ આ ધ્વજારોહણ સમારંભમાં ડાંગ જિલ્લાની ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્રભાવનાની છબિને વધુ ઉજળી બનાવી હતી. ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્રભાવના સાથે જોડાયેલા આ



પાવન પ્રસંગે તેમની ઉપસ્થિતિથી સ્થાનિક ડાંગ જિલ્લાનું ગૌરવ દેશ સ્તરે વધ્યું હતું. અયોધ્યા રામમંદિરના પરિસરમાં આ ઐતિહાસિક સમારંભ દરમિયાન સમગ્ર વાતાવરણ રામભક્તિના રંગમાં રંગાયેલું હતું. તમામ ધાર્મિક વિધિઓ પૂર્વાચાર્યોના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ શાસ્ત્રોક્ત અને વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂર્ણ કરવામાં આવી હતી. ધ્વજારોહણ સમારંભ દરમિયાન હજારોની સંખ્યામાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓ દ્વારા 'જય શ્રી રામ'ના ઘોષથી અયોધ્યા નગરી ગૂંજી ઉઠી હતી, જેણે આ પવિત્ર ક્ષણને વધુ દિવ્યતા બક્ષી હતી.

પી.પી. સ્વામીજીએ આ પુણ્યકાર્યમાં હાજરી આપીને સમગ્ર ડાંગ જિલ્લા અને ગુજરાતની ધાર્મિક લાગણીઓનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે આ ઐતિહાસિક ઘડીની ગરિમાને બિરદાવતા રામભક્તો અને સમગ્ર રાષ્ટ્રને તેમના આશીર્વચન પાઠવ્યા હતા. પી.પી. સ્વામીજીએ રામમંદિરના નિર્માણને માત્ર એક મંદિર નહીં, પરંતુ ભારતીય આસ્થા, એકતા અને ભવ્ય સંસ્કૃતિનો જીવતો પ્રતીક ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આ મંદિરનું નિર્માણ એ કરોડો ભારતીયોની આસ્થા અને અદમ્ય સંકલ્પશક્તિનું ફળ છે.


### ડાંગ જિલ્લાનું રાષ્ટ્ર સ્તરે ગૌરવ

પી.પી. સ્વામીજીની અયોધ્યાના આ પવિત્ર પ્રસંગમાં હાજરી માત્ર વ્યક્તિગત નહીં, પરંતુ આદિવાસી સંસ્કૃતિ અને ડાંગ જેવા પછાત ગણાતા પ્રદેશ માટે પણ એક ગૌરવવંતી ઘટના છે. સ્વામીજી દ્વારા ચલાવવામાં આવતી પ્રયોશા પ્રતિષ્ઠાન અને સંતોકબા ધોળકિયા વિધામંદિર જેવી સંસ્થાઓ ડાંગના આદિવાસી યુવાનોને ધર્મ, સંસ્કૃતિ અને શિક્ષણના માર્ગે જોડીને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપી રહી છે. આવા પ્રદેશના સંતની દેશના સૌથી મોટા ધાર્મિક સમારંભમાં હાજરી મળવી, તે ડાંગની ધાર્મિક અને સાંસ્કૃતિક ઓળખને રાષ્ટ્ર સ્તરે પ્રસ્થાપિત કરે છે.

---

# આયુષ્માન આરોગ્ય મંદિર ફુલરા દ્વારા કિશોરી સ્વાસ્થ્યની તપાસ

બનાસકાંઠા | આજરોજ આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ, સી.ડી.એચ.ઓ. શ્રી ડો. મિતેશ ભંડેરી સાહેબ, આર.સી.એચ.ઓ શ્રી ડો. દિનેશ પટેલ સાહેબ, તેમજ ટી.એચ.ઓ શ્રી ડો. કે. કે. પટેલ સાહેબના સઘન માર્ગદર્શન હેઠળ પી.એચ.સી. ઘડૂલીના કાર્યક્ષેત્રમાં આવતા આયુષ્માન



આરોગ્ય મંદિર ફુલરા દ્વારા મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ફુલરાના ધારેશી ગામની આંગણવાડી કેન્દ્ર ખાતે 'એડોલેસન્ટ હેલ્થ એન્ડ વેલનેસ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી, જેમાં કિશોરીઓને તેમના સ્વાસ્થ્ય અંગે જાગૃત કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ધારેશી ગામની કિશોરીઓના સ્વાસ્થ્યનું સંપૂર્ણ નિદાન અને ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો સૌથી મહત્વપૂર્ણ ભાગ આયર્ન ફોલિક એસિડ ગોળીઓનું મહત્વ સમજાવવાનો હતો. આરોગ્ય કર્મચારીઓ દ્વારા કિશોરીઓને સમજાવવામાં આવ્યું હતું કે IFA ગોળી શા માટે લેવી જોઈએ અને તેનાથી લોહીની ઉણપ દૂર કરવામાં શું ફાયદાઓ થાય છે.


---

જી.આઈ.ડી.સી. વિસ્તારમાં સીસીટીવી પર ભાર

# એસ.પી. ડૉ. સૈનીની અધ્યક્ષતામાં પંચકોશી B ડિવિઝનનો લોક દરબાર

વિશાલ જે હરવરા | જામનગર તા.26

જામનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બને તે હેતુથી જિલ્લા પોલીસ વડા ડૉ. રવિમોહન સૈનીના માર્ગદર્શન હેઠળ આજરોજ પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા વિશેષ લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ અધિક્ષકશ્રી દ્વારા પોલીસ સ્ટેશનના વાર્ષિક ઈન્સ્પેક્શનના ભાગરૂપે આ લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક જનતા સાથે સીધો સંવાદ સાધીને સુરક્ષા અને ટ્રાફિક સંબંધિત મહત્વના સૂચનો કરવામાં આવ્યા હતા. આ લોક દરબારમાં આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના સરપંચો તેમજ જી.આઈ.ડી.સી. અને અન્ય ઔદ્યોગિક વિસ્તારના અગ્રણી ઉદ્યોગપતિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પોલીસ વડાએ નાગરિકો અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ પાસેથી વિસ્તારની સમસ્યાઓ સાંભળી હતી અને તેના નિરાકરણ માટે જરૂરી માર્ગદર્શન



આપ્યું હતું. એસ.પી. ડૉ. રવિમોહન સૈનીએ જામનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વધી રહેલા ટ્રાફિકના પ્રશ્નોને ધ્યાનમાં રાખીને ટ્રાફિક એવરનેશ (જાગૃતિ) અંગે જરૂરી સૂચનો કર્યા હતા. તેમણે નાગરિકોને ટ્રાફિકના નિયમોનું સખતપણે પાલન કરવા અને માર્ગ સલામતી જાળવવા માટે સહયોગ આપવા અપીલ કરી હતી. આ ઉપરાંત, સમગ્ર વિસ્તારમાં સુરક્ષા બાબતે કાયમી સુધારાઓ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. જિલ્લા પોલીસ વડાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, પોલીસ એકલા હાથે સુરક્ષા જાળવી શકતી નથી, તેમાં નાગરિકોનો સહયોગ અનિવાર્ય છે.

ધ્વજારોહણ એવમ ત્રિદિવસીય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઉજવાયો

# ચાણસ્મામાં વિજયા વાડી જિનાલયની 100મી સાલગીરીની ભવ્ય ઉજવણી

નીતીન ઠાકર | ચાણસ્મા તા.26

ઐતિહાસિક ધાર્મિક વિરાસત ધરાવતા ચાણસ્મા નગરમાં આવેલ અતિપ્રાચીન ભટેવા દાદાના જિનાલય અને વિજયા વાડી જિનાલયના આંગણે શ્રદ્ધા અને ભક્તિનો અપૂર્વ માહોલ સર્જાયો હતો. શ્રી ચાણસ્મા જૈન મહાસંઘના નેજા હેઠળ વિજયા વાડી જિનાલયના સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસર નિમિત્તે ધ્વજારોહણ એવમ ત્રિદિવસીય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ચાણસ્મા જૈન મહાસંઘ દ્વારા છેલ્લા કેટલાક સમયથી જૈન ધર્મના ઉત્થાન અને પ્રચાર માટે અવારનવાર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, ત્યારે આ ૧૦૦મી



સાલગીરીનો ઉત્સવ માત્ર ચાણસ્મા પૂરતો સીમિત ન રહેતા સમગ્ર જૈન સમુદાય માટે ગૌરવનો વિષય બન્યો હતો. જિનેન્દ્ર ભક્તિ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આયોજિત ધ્વજારોહણ કાર્યક્રમ આ ઉત્સવનું મુખ્ય આકર્ષણ રહ્યું હતું. ધાર્મિક વિધિઓ અને પૂજન-અર્ચન બાદ પવિત્ર ધજાજીનું આરોહણ કરવામાં આવ્યું હતું. વિજયા વાડી જિનાલય કે જેને સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થયા છે, તે જિનાલયને વિશેષ સુશોભન અને રોશનીથી શણગારવામાં આવ્યું હતું. આ ત્રિદિવસીય મહોત્સવ દરમિયાન જૈન ધર્મના સિદ્ધાંતોનું પાલન અને ધર્મ પ્રત્યેની આસ્થા વધુ મજબૂત થાય તેવા ધાર્મિક પ્રવચનો, ભક્તિસંગીત અને પૂજાના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ઉત્સવના પ્રારંભ રૂપે બુધવારના દિવસે ચાણસ્મા નગરમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેણે આખા નગરમાં આસ્થાનો માહોલ ફેલાવ્યો હતો. આ શોભાયાત્રાની શરૂઆત અતિપ્રાચીન ભટેવા જિનાલયથી થઈ હતી અને રેલવે સ્ટેશન રોડ પર આવેલ વિજયા વાડી જિનાલય ખાતે સમાપ્ત થઈ હતી.

તમારી મુડી તમારો અધિકાર: S.B.I. પહેલ

# જૂનાગઢમાં અનક્લેમ્ડ એસેટ્સ માટે 28 નવેમ્બરે મેગા કેમ્પ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.26

નાણા મંત્રાલયના નાણાકીય સેવા વિભાગના સીધા માર્ગદર્શન હેઠળ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા અને લીડ બેંક જૂનાગઢ દ્વારા એક જનહિતકારી અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. બેંક ખાતાઓમાં લાંબા સમયથી બિનવારસી પડેલી રકમોને તેના કાયદેસરના માલિકો સુધી પહોંચાડવાના ઉમદા હેતુ સાથે અનક્લેમ્ડ ફાઈનાન્શિયલ એસેટ્સ અભિયાન અંતર્ગત આગામી તારીખ 28 નવેમ્બરના રોજ એક ભવ્ય મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેગા કેમ્પ શુક્રવાર, 28 નવેમ્બરના રોજ સવારે 10.00 કલાકે આર-સેટી બિલખા રોડ, જૂનાગઢ ખાતે યોજવામાં આવશે. આ અભિયાનનું શીર્ષક 'તમારી મુડી તમારો અધિકાર' રાખવામાં આવ્યું છે, જેનો મુખ્ય હેતુ જૂનાગઢ જિલ્લાના નાગરિકોને તેમની હકક અને મિલકત પર પોતાનો અધિકાર પ્રાપ્ત થાય અને સાથે જ વ્યાપક સ્તરે નાણાકીય જાગૃતિ વધે તેવો છે. વર્તમાન સમયમાં દેશની બેંકો અને નાણાકીય સંસ્થાઓમાં કરોડો રૂપિયાની રકમ લાંબા સમયથી બિનવારસી પડી રહેલી છે, જેના કાયદેસરના માલિકોએ કોઈ કારણસર દાવા કર્યા નથી. આ રકમ સરવાળે ડી.ઈ.એ.એફ. ફંડમાં જમા થાય છે. આ રાષ્ટ્રીય સમસ્યાને ધ્યાનમાં રાખીને નાણા મંત્રાલયે આ અભિયાન શરૂ કર્યું છે. જેથી સામાન્ય નાગરિકોને તેમની ભૂલાઈ ગયેલી કે બિનવારસી રકમનું વળતર મેળવવામાં મદદ મળી શકે. એસ.બી.આઈ. અને લીડ બેંક જૂનાગઢ દ્વારા આયોજિત આ મેગા કેમ્પ આ દિશામાં એક મહત્ત્વનું પગલું છે.

# ફૂડ પોઇઝનિંગથી જવાહર નવોદયના 18 બાળકો બીમાર

કમલેશ પેટલ | સંખેડા/છોટાઉદેપુર તા.26

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના બહાદરપૂર ગામે આવેલી પ્રતિષ્ઠિત જવાહર નવોદય વિદ્યાલયમાં ગંભીર બેદરકારીની ઘટના સામે આવી છે. શાળાની હોસ્ટેલમાં રહેતા 18 જેટલા વિદ્યાર્થીઓ એકસાથે ફૂડ પોઇઝનિંગના કારણે બીમાર પડ્યા હતા, જ્યારે અન્ય બીમારીઓ સહિત કુલ 12 બાળકો સારવાર હેઠળ આવ્યા હતા. સૌથી ગંભીર બાબત એ છે કે શાળા સંચાલકોએ આ ગંભીર મામલાને રફે દફે કરી દેવાનો પ્રયાસ કર્યો હતો અને બાળકોના વાલીઓને જાણ પણ કરી નહોતી. જોકે, આરોગ્ય વિભાગની સતર્કતાના કારણે આખો મામલો બહાર આવ્યો અને સમયસર બાળકોને સારવાર મળી શકી. ઘટનાની જાણ થતાં જ સંખેડા તાલુકાના આરોગ્ય વિભાગની ટીમો તાત્કાલિક જવાહર નવોદય વિદ્યાલય ખાતે દોડી ગઈ હતી અને બીમાર બાળકોને સ્થળ પર જ સારવાર પૂરી પાડવામાં આવી હતી.

બગસરાના હામાપુર ગામે ખેતમજૂર પરિવારમાં કરૂણ બનાવ

# માતાની નજર સામે પાંચ વર્ષના લાડકા દીકરાને સિંહણે ફાડી ખાધો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.26

બગસરા પંથકમાં વન્યપ્રાણીઓના આંટાફેરા અને હુમલા હવે સામાન્ય બની રહ્યા છે, ત્યારે મંગળવારના રોજ હામાપુર ગામે એક અત્યંત અરેરાટીભરી અને કરૂણ ઘટના સામે આવી છે.

ગામની સીમમાં ખેત મજૂરી કરી રહેલા એક પરિવારના પાંચ વર્ષીય લાડકા દીકરા કનકને તેની જનેતાની નજર સામે જ સિંહણે ફાડી ખાધો હતો. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. ઘટનાની વિગતો મુજબ, હામાપુર ગામે રમેશભાઈ સોજીત્રાની વાડીમાં ભાગિયું રાખીને રહેતા પરપ્રાંતીય ખેતમજૂર વિનોદભાઈ ડામોર (રહે. ફતેપુરા)નો પરિવાર બપોરના સમયે કામ કરી રહ્યો હતો. મંગળવારે બપોરે આશરે 3:15 વાગ્યાના અરસામાં માતા ખેતરમાં કામ કરી રહી હતી, ત્યારે પાંચ વર્ષીય કનક તેની માતાની નજીક જ પાણીની કુંડી પાસે રમતો હતો. આ જ સમયે શિકારની શોધમાં એક સિંહણ અચાનક ત્યાં ધસી આવી હતી.

# જાફરાબાદમાં માછીમાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.26

દરિયાઈ સુરક્ષાના મહત્ત્વને ધ્યાનમાં રાખીને પીપાવાવ કોસ્ટ ગાર્ડ દ્વારા જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરીના સહયોગથી માછીમાર જાગૃતિ અંગેના અવેરનેશ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૨૬/૧૧/૨૦૨૫ના રોજ બપોરે ૩:૦૦ કલાકે મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, જાફરાબાદ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં માછીમાર ભાઈઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ખારવા સમાજ, કોળી સમાજ અને મુસ્લિમ સમાજના આગેવાનો સહિત માછીમારોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ અવસરે પીપાવાવ કોસ્ટ ગાર્ડના અધિકારીશ્રીઓ, મરીન પોલીસ જાફરાબાદના સ્ટાફ અને મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી જાફરાબાદના સ્ટાફ દ્વારા માછીમાર ભાઈઓને દરિયાઈ પ્રવૃત્તિઓ દરમિયાન રાખવાની થતી સુરક્ષા અને નિયમો અંગે વિસ્તૃત માહિતગાર કરવામાં આવ્યા હતા.

# ભારતનાં શ્રમબળ માટે એક નવો ઉદય: શ્રમ સંહિતા એક આધુનિક અને દૂરંદેશી યુગનું આગમન કરે છે

ભારત સ્વતંત્રતા પછીના તેના સૌથી મોટા પરિવર્તનકારી શ્રમ સુધારાઓમાંના એકની આરે ઊભું છે. ચાર એકીકૃત શ્રમ સંહિતાઓ - વેતન સંહિતા ઔદ્યોગિક સંબંધ સંહિતા, સામાજિક સુરક્ષા સંહિતા અને વ્યવસાયિક સુરક્ષા, સ્વાસ્થ્ય અને કાર્યકારી પરિસ્થિતિ સંહિતા - નો આસન્ન પ્રારંભ, 29 કેન્દ્રીય શ્રમ કાયદાઓની જટિલ શ્રેણીમાંથી એક સરળ, ટેક્નોલોજી-સક્ષમ અને શ્રમિક-કેન્દ્રિત માળખા તરફના નિર્ણાયક પરિવર્તનને ચિહ્નિત કરે છે. આ સુધારો માત્ર વહીવટી અપડેટ નથી, પરંતુ એક માળખાકીય પુન:ગોઠવણી છે જે આત્મનિર્ભર ભારતના લક્ષ્યોને આધાર આપતા, એક ન્યાયી, સ્પર્ધાત્મક, સર્વસમાવેશક અને ભવિષ્ય માટે તૈયાર શ્રમબળ ઈકોસિસ્ટમનું નિર્માણ કરવાની ભારતની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

## વિભાજનમાંથી સુસંગતતા તરફ

દાયકાઓ સુધી ભારતના શ્રમ કાયદાનો લેન્ડસ્કેપ ઓવરલેપિંગ કાયદાઓથી ભરેલો હતો, જેનાથી સાહસો માટે ભારે નિયમનકારી બોજ ઊભો થતો હતો અને અનુપાલનના પ્રયાસો જટિલ બનતા હતા. કેન્દ્રીય અને રાજ્ય અધિનિયમો હેઠળ બહુવિધ નોંધણીઓ, લાઈસન્સ અને નિરીક્ષણોએ ખર્ચમાં વધારો કર્યો, શ્રમિક કલ્યાણ પરથી ધ્યાન હટાવ્યું અને ઘણીવાર ઉદ્યોગ અને નિયમનકારો વચ્ચે અવિશ્વાસ પેદા કર્યો. વિભાજિત કાયદાઓમાં રહેલી અસ્પષ્ટતાઓને કારણે નબળો અમલ થયો, જેનાથી 'ઈન્સ્પેક્ટર રાજ' તરીકે ઓળખાતી વિવેકાધીન પ્રથાઓ ચાલુ રહી અને પારદર્શિતા મર્યાદિત થઈ.



- સુશ્રી વીણુ જયચંદ

નવી શ્રમ સંહિતાઓ સમગ્ર દેશમાં વ્યાખ્યાઓ અને અનુપાલન આવશ્યકતાઓને સુમેળ સાધે છે, જે "એક રાષ્ટ્ર, એક શ્રમ કાયદો" ના સિદ્ધાંતને રજૂ કરે છે. નોકરીદાતાઓ અને કર્મચારીઓ બંનેને સ્પષ્ટતા, નિષ્પક્ષતા અને સરળ પ્રક્રિયાઓનો લાભ મળે છે. યુનિફાઇડ રજિસ્ટ્રેશન અને ડિજિટલ ગવર્નન્સ ડુપ્લિકેશનને દૂર કરે છે, પ્રક્રિયાઓને ઝડપી બનાવે છે અને જવાબદેહીને મજબૂત બનાવે છે. વેતન, લાભો અને કાર્યકારી પરિસ્થિતિઓ માટેની પ્રમાણભૂત વ્યાખ્યાઓ હવે સમગ્ર ભારતમાં લાગુ થાય છે, જેનાથી વિવાદો ઘટે છે અને અનુપાલન એકસમાન બને છે. આવશ્યકપણે, શ્રમ સંહિતાઓ જટિલતાના ભૂતપૂર્વ વસાહતી વારસાને એક સુવ્યવસ્થિત, કાર્યક્ષમ આર્કિટેક્ચર સાથે બદલે છે જે નવીનતા, રોજગાર સર્જન અને ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપે છે.

## કાર્યની બદલાતી દુનિયાને ઓળખવી

આ સંહિતાઓ ડિજિટલ અર્થતંત્રમાં કાર્યની વિકસતી પ્રકૃતિને સ્વીકારે છે, જેમાં ગીગ (gig) અને પ્લેટફોર્મ શ્રમિકોનો વધારો થઈ રહ્યો છે. પ્રથમ વખત, આ શ્રમિકોને કાનૂની માન્યતા મળે છે અને તેઓને ડિજિટલ એગ્રીગેટર્સ દ્વારા અંશતઃ ભંડોળ પૂરું પાડવામાં આવતી વિશિષ્ટ સામાજિક સુરક્ષા પદ્ધતિઓ દ્વારા ટેકો મળે છે. રાષ્ટ્રીય ઈ-શ્રમ પોર્ટલ ગીગ અને અસંગઠિત શ્રમિકો માટે અનન્ય ઓળખ બનાવે છે, જે તેમને લક્ષિત લાભોની ઍક્સેસ મેળવવામાં સક્ષમ બનાવે છે જેથી સામાજિક સુરક્ષાની પોર્ટેબિલિટી પ્લેટફોર્મ અને સ્થાનો પર ઉપલબ્ધ થાય.

કલ્પના કરો કે એક ડિલિવરી કાર્યકર સામાજિક સુરક્ષાની ઍક્સેસ ગુમાવ્યા વિના શહેરો અથવા એપ્લિકેશન્સ વચ્ચે વિના પ્રયાસે સ્થાનાંતરિત થાય છે.આંતર-રાજ્ય સ્થળાંતર કરનારા શ્રમિકોને પણ લાભ પોર્ટેબિલિટી, વાર્ષિક મુસાફરી ભથ્થાં અને તેમની નબળાઈઓ ઘટાડવા માટે સમર્પિત રાષ્ટ્રીય હેલ્પલાઈનની જોગવાઈઓ સાથે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. વ્યવસાયિક સુરક્ષા, સ્વાસ્થ્ય અને કાર્યકારી પરિસ્થિતિ સંહિતા કાર્યસ્થળ સલામતીના ધોરણોને ઉન્નત બનાવે છે, જે ભારતની વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ઉત્પાદન હબ બનવાની આકાંક્ષાને સમર્થન આપે છે. ઔદ્યોગિક સંબંધ સંહિતા દ્વારા નિશ્ચિત-ગાળાના રોજગારની રજૂઆત, શ્રમિકોના કાયદાકીય અધિકારોનું રક્ષણ કરતી વખતે નોકરીદાતાઓ માટે લવચીકતા ઉમેરે છે.

## મહિલાઓ, યુવાનો અને વસ્તી વિષયક ડિવિડન્ડ

શ્રમ સંહિતાઓ મહિલાઓ અને યુવા શ્રમિકોને અપ્રમાણસર લાભ આપે છે, જે ભારતની વિકાસ ગાથા માટે નિર્ણાયક શ્રેણીઓ છે. સમાન વેતનની બાંયધરી અને વધેલ લઘુત્તમ વેતન મહિલાઓની આર્થિક ભાગીદારીને મજબૂત બનાવે છે. સુધારેલા પ્રસૂતિ લાભો, સુરક્ષિત કાર્યસ્થળની પરિસ્થિતિઓ અને રાત્રિ શિફ્ટની નિયંત્રિત ઍક્સેસ વધુ સમાવેશને પ્રોત્સાહન આપે છે. યુવાનો માટે, ઔપચારિક રોજગાર, એપ્રેન્ટિસશિપ અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમોમાં સ્પષ્ટ માર્ગો રોજગારક્ષમતામાં સુધારો કરે છે અને લાંબા ગાળાની કારકિર્દી ગતિશીલતાને સમર્થન આપે છે.

સંરક્ષણોનું આધુનિકીકરણ કરીને અને કાર્યની તકોનું વિસ્તરણ કરીને, આ સુધારાઓ ભારતને તેના વસ્તી વિષયક ડિવિડન્ડનો વધુ સારી રીતે ઉપયોગ કરવા સક્ષમ બનાવે છે, જ્યારે શ્રમિકની ગરિમા, સુરક્ષા અને સલામતીનું રક્ષણ કરે છે ત્યારે ગુણવત્તાયુક્ત નોકરીના સર્જનને પ્રોત્સાહિત કરે છે.

## આત્મનિર્ભર ભારત અને 5 ટ્રિલિયન અર્થતંત્રને સક્ષમ બનાવવું

આ સુધારાઓ આત્મનિર્ભર ભારતના પાંચ સ્તંભો સાથે એકીકૃત રીતે સંરેખિત થાય છે. તેઓ અનુપાલન ખર્ચ ઘટાડીને અને રોકાણને આકર્ષિત કરીને આર્થિક વિકાસને ઉત્તેજીત કરે છે. તેઓ આધુનિક સલામતી ધોરણો અને રાષ્ટ્રીયકૃત શ્રમિક ડેટાબેઝ સાથે માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવે છે. તેઓ યુનિફાઇડ નિરીક્ષણ માળખાં અને દેશવ્યાપી ડિજિટલ પ્લેટફોર્મ્સ દ્વારા શાસનને ડિજિટલ યુગમાં લાવે છે. સૌથી મહત્ત્વપૂર્ણ રીતે, તેઓ ઉભરતા કાર્ય સ્વરૂપોને ઓળખીને, સ્થળાંતર કરનારા શ્રમિકોનું રક્ષણ કરીને અને મહિલાઓ અને યુવાનો માટે સમાવેશને આગળ વધારીને ભારતના વસ્તી વિષયક લાભને મૂડીકૃત કરે છે. શ્રમ સંહિતાઓ આવકમાં વધારો કરીને, વેતન સુરક્ષાને મજબૂત કરીને અને વિસ્તૃત સામાજિક સુરક્ષા દ્વારા ઘરેલું આત્મવિશ્વાસ વધારીને માંગને પણ ઉત્તેજીત કરે છે. સાથે મળીને, તેઓ ભારતના વિકાસ માર્ગ માટે વૃદ્ધિ અને સમાનતાનું સદ્ગુણ ચક્ર બનાવે છે.

## 2047માં ભારત માટે એક નવો સામાજિક કરાર

ચાર શ્રમ સંહિતાઓનું લોન્ચિંગ એક ઐતિહાસિક ક્ષણ છે, જે ભારતીય શ્રમબળ માટે એક નવા સામાજિક કરારનો સંકેત આપે છે. તેઓ 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' અને 'ઈઝ ઓફ લિવિંગ' (ease of living) બંનેને વધારે છે, શ્રમિકોના અધિકારોનું રક્ષણ કરે છે, સાહસોને સશક્ત બનાવે છે, અને પારદર્શક, ટેક્નોલોજી-સંચાલિત અને રાષ્ટ્રીય સ્તરે સુસંગત શાસનની શરૂઆત કરે છે. આ માત્ર શ્રમ સુધારો નથી, તે ખરેખર આધુનિક શ્રમબળ ઈકોસિસ્ટમનો પાયો છે. તે એક પરિવર્તનકારી ક્ષણ છે જે આવનારા દાયકાઓ સુધી ભારતના આર્થિક અને સામાજિક વિકાસમાં પડઘાશે. જેમ જેમ ભારત 5 ટ્રિલિયન અર્થતંત્ર બનવા અને 2047માં તેની સ્વતંત્રતાની શતાબ્દીની તૈયારી કરવા તરફ નજર કરે છે, તેમ તેમ આ શ્રમ સંહિતાઓ એક સમૃદ્ધ, સર્વસમાવેશક અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રાષ્ટ્રની આકાંક્ષાઓને મૂર્તિમંત કરે છે.

* (લેખક EYમાં ભાગીદાર છે, આફ્રિકા, ભારત અને દક્ષિણ-પૂર્વ એશિયામાં પ્રદર્શન સુધારણા અને કૌશલ્ય વિકાસમાં વ્યાપક વિશેષજ્ઞતા ધરાવે છે. તેઓ સર્વસમાવેશક આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે મોખરે રહ્યા છે)

# સર્વોચ્ચ બ્લૂચિપ્સમાં સમજદારીભર્યું રોકાણ – નિફ્ટી ટોપ 15 ઇક્વલ વેઈટ

સ્ટોક માર્કેટમાં રોકાણ કરવું ક્યારે સરળ નથી. છેલ્લા 12-15 મહિનામાં બજારની ઉથલપાથલ વધવાથી સામાન્ય રોકાણકારો માટે સ્થિતિ વધુ જટિલ બની છે. વૈશ્વિક સ્તરે વેપાર શુલ્ક અને જીઓપોલિટિકલ તણાવ વચ્ચે પણ થોડી શાંતિ જોવા મળી છે, પરંતુ AIથી ઉભા થતા બિઝનેસ અને નોકરી સંબંધિત પડકારો યથાવત છે. બીજી તરફ, દેશીય સંકેતો ગતિ પકડી રહ્યા છે. GDP વૃદ્ધિ, GST અને ઇન્કમ ટેક્સમાં રાહત અને નિયંત્રિત મોંઘવારી–બધાએ મળીને બજારમાં ઉર્જા ભરી છે. તેમ છતાં, વ્યાપક બજારમાં મૂલ્યાંકનનું માન સરસ દેખાતું નથી. તેની સરખામણીએ લાર્જ કેપ્સ હજુ પણ વાજબી મૂલ્યે ઉપલબ્ધ છે. આ કારણસર Nifty Top 15 Equal Weight Index હાલ રોકાણકારો માટે આકર્ષક વિકલ્પ બની શકે છે.



**ચિન્તન હરિયા**
પ્રિન્સિપલ – ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજી, ICICI પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડ

## શા માટે લાર્જ કેપ્સ?

NSEના ઓક્ટોબર 2025ના ડેટા મુજબ Nifty 100નો PE 22.29 છે, જ્યારે મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડિસિસ ઘણાં ઊંચા મૂલ્યાંકન પર ટ્રેડ થાય છે. પોતાની સ્થિર આવક, મજબૂત કેશફ્લો અને વૈશ્વિક અનિશ્ચિતતાઓનો સામનો કરવાની ક્ષમતાને કારણે લાર્જ કેપ્સ વધુ ટકાઉ રહે છે.

લાંબા ગાળે પણ લાર્જ કેપ્સની વજનદારી ઓછી થઈ છે–2015માં Nifty 500માં તેમનો હિસ્સો 78% હતો, જે હવે લગભગ 69% રહ્યો છે. આ ઘટાડો ભવિષ્યમાં 'કેચ-અપ'નું સ્થાન બનાવે છે.

## Nifty Top 15 Equal Weight – ખરેખર શ્રેષ્ઠ બ્લૂચિપ્સ

આ ઇન્ડેક્સ Nifty 50માંથી મુક્ત બજાર મૂડીકરણના આધારે ટોચના 15 સ્ટોક્સ પસંદ કરે છે. દરેક કંપનીને સમાન વજન–6.6% થી 7%–મળે છે. છ મહિને રી-કોન્સ્ટિટ્યુશન અને ત્રિમાસિક રી-બેલેન્સિંગથી કોઈ એક કંપનીનું પ્રભાવ વધારે નહિ બને.

## મુખ્ય લાભો

- કોઈ એક સ્ટોક ઇંડેક્સને હાવી નથી થતો
- મોટા અને નાના—બધા સ્ટોક્સનો સમાન પ્રભાવ
- સામાન્ય રીતે વધુ ડિવિડન્ડ યિલ્ડ
- ઓછી કન્સન્ટ્રેશન રિસ્ક
- બજાર ઘટે ત્યારે વધારે સુરક્ષા

સાતથી વધુ સેક્ટર્સનો સમાવેશ હોવાથી ડાયવર્સિફિકેશન ઉત્તમ મળે છે. મુખ્ય સેક્ટર્સમાં ફાઇનાન્શિયલ સર્વિસિસ, IT, FMCG અને ઓટો સામેલ છે.

## ETF અથવા ઇન્ડેક્સ ફંડ – સરળ રસ્તો

રિટેલ રોકાણકારો માટે ETF માર્ગ યોગ્ય છે–ઓછો ખર્ચ અને સરળ ટ્રેડિંગ. જેમની પાસે ડીમેટ નથી, તેઓ ઇન્ડેક્સ ફંડ દ્વારા પણ આ ઇન્ડેક્સમાં રોકાણ કરી શકે છે.

# વૃંદાવનમાં નિત્ય રાધા અને ગોપીઓ સાથે શ્રી કૃષ્ણની રાસલીલાનું વર્ણન કરાયું છે



શ્રી ગોપિકા વલ્લભમ..

સામન્ય રીતે વ્યાકરણ ના અનુસંધાન માં ગોપી શબ્દ નો અર્થ કરીએ તો આ શબ્દ ગોપ એટલે પશુપાલક પરથી પડ્યો છે.લોક મુખે ગોપની પત્ની ને "ગોવાળણ" બોલવામાં આવે છે પરંતુ ગોવાળણ અને ગોપી શબ્દ માં ફર્ક ઘણો ફર્ક છે. ઋગ્વેદ માં ભગવાન વિષ્ણુ નો ગોપ, ગોપતી અને ગોપા શબ્દ નામ થી ઉલ્લેખ થયો છે એટલે ગોપી શબ્દ નું બંધન ભગવાન વિષ્ણુ સાથે જોડાયું છે.

ધર્મ અનુસાર ગોપી શબ્દ નો વાસ્તવિક અર્થ કૃષ્ણ ભક્તિ માં તલ્લીન સ્ત્રી તત્વ નો પરિચય. જેનું સુખ,આનંદ, શૃંગાર વગેરે સ્ત્રી સહજ સાચું સુખ "કૃષ્ણ" છે એનું નામ ગોપી છે.આમપણ જેનો ધ્યેય "પરમાત્મા" બની જતો હોય એનું નામ "ગોપી" પડી જતું હોય છે. દક્ષિણ ના અલવાર ના ભક્તિગીતો માં ગોપી કૃષ્ણ લીલા નું મનોહર વર્ણન કર્યું છે.

યોગીઓ અને સિદ્ધો "ગોપી" શબ્દ નો અર્થ આત્મા ની સાનિધ્ય માં રહેતો જીવ એવો અર્થ કરે છે. જે રીતે કાચ ના અરીસા માં મુખ દર્શન કરીએ છીએ ત્યારે ખુદ નું સૌંદર્ય નિહાળી ને મુગ્ધ બની જઈએ છીએ એજ રીતે જ્યારે પરમાત્મા નું દર્શન કર્યા બાદ જીવ પરમાત્મા મય બની જાય છે. ગાથા સપ્તસદી કાવ્ય માં સૌ પ્રથમ વાર ગોપી અને એના વિશિષ્ટ નામ ધરાવતા રાધાજી નું કૃષ્ણ સાથે મિલન અને વિરહ ના પ્રસંગ નું લૌકિક વર્ણન થયું છે. ૧૨ મી સદી માં સંસ્કૃત ભાષા માં લખાયેલ ગીત ગોવિંદ માં રાધા કૃષ્ણ નું મનોરમ ચિત્રણ નું વર્ણન થયું છે.

ગોલોક નું પદ્મ પુરાણ અને બ્રહ્મવૈવર્તન પુરાણ માં નિત્ય વૃંદાવન માં નિવાસ નું વર્ણન થયું છે. વૃંદાવન માં નિત્ય રાધા અને ગોપીઓ સાથે ભગવાન શ્રી કૃષ્ણની રાસલીલાનું વર્ણન કરવામાં આવ્યું છે.ચૈતન્ય ગૌડીય સંપ્રદાય માં ગોપીઓ ને ભગવાન શ્રી કૃષ્ણ ની પ્રગટ અને અપ્રગટ સઘળી લીલા ના પરિકર રૂપે નિરંતર સાથે રહેનારો સખી સમુદાય સહાયક માન્યા છે. પુષ્ટિ સંપ્રદાય માં ગોપીઓ ને ભગવાન શ્રી કૃષ્ણ નો પરમાનંદ સ્વરૂપ અને સામર્થ્ય શક્તિ માનવામાં આવે છે એટલે જ તો પુષ્ટિ સંપ્રદાય ના અનુયાયીઓ ખુદ ને ભગવાન ની ગોપી સમજી ને એની સાત પ્રહાર ની પૂજા,ભોગ અને આરતી ગોપી બની ને કરતા હોય છે.વહેલી સવારે ઊઠી ને વ્રજ ની ગોપીઓ કૃષ્ણ સ્મરણ કરી ને વસ્તુ પૂજા કર્યા બાદ દધી મંથન કરતા કરતા નિત્ય મનોરથ કરતી હતી કે આજ મારા ઘરે કનૈયો આવશે ને "તાજુ માખણ" જરૂર આરોગશે.જ્યારે કનૈયો બીજી ગોપી ના ઘરનું માખણ આરોગતા ત્યારે ગોપીઓ ગાતી હતી :



**ગોપી શબ્દ નો અર્થ**
**- રુપાલી દવે**

**એરી સખી બડભાગ તિહારો,**
**આજ તેરે ઘર લાલન આયો..**

પુષ્ટિ સંપ્રદાય માં ગોપી શબ્દ એટલે ભગવાન શ્રી કૃષ્ણની માતા,પ્રેયસી અને સખી સ્વરૂપ ની ભક્તિ સમજે છે. એકવાર મીરાંબાઇ વારાણસી આવ્યા ત્યારે એના પગ એક જગ્યા એ સ્થિર થઇ ને ઊભા રહી ગયા ને એ ભક્તિ રસમાં તલ્લીન બની ગયા. આ જગ્યા પર ચૈતન્ય મહાપ્રભુ એની ભક્ત મંડળી સાથે મૃદંગ ના તાલે "હરે કૃષ્ણ..હરે કૃષ્ણ.."..મંત્ર ના સ્મરણ માં તલ્લીન હતા. મીરાંબાઇ કૃષ્ણ સ્મરણ કરતા કરતા એ આવાસ તરફ અંદર ચાલવા લાગ્યા ત્યારે ચૈતન્ય મહાપ્રભુ ના આવાસ ની બહાર ઉભેલ વ્યક્તિ એ એમને ઊભા રાખીને કહ્યું કે માતાજી, આ ચૈતન્ય મહાપ્રભુ નો આવાસ છે એટલે પુરુષ જ અંદર પ્રવેશી શકે છે. મીરાંબાઇ બોલ્યા કે કૃષ્ણ ભક્તિ માં શું સ્ત્રી કે પુરુષ? આપને બધા કૃષ્ણ ભક્ત એટલે "ગોપીઓ" છીએ. જ્યારે ચૈતન્ય મહાપ્રભુ ના કાન માં મીરાંબાઈ ના બોલાયેલ શબ્દ પડ્યા ત્યારે એમની વાત ને સમર્થન આપીને "ગોપી" શબ્દ નો ભગવો રંગ ધારણ કર્યો હતો.

**વેણુ મહીં સ્વરને ઇંગિત તવ ગાય મનોરમ નામ,**
**રજ પવને જે વહે, લહે તે તવ પદની અભિરામ..**

એકવાર બલરામજી ને વ્રજની સાથે નંદ યશોદા ની યાદ સખત સતાવવા લાગી ત્યારે એ દ્વારિકા થી વ્રજ ગયા. વરસો બાદ બલરામજી ને જોતાજ સમગ્ર વ્રજ માં આનંદ આનંદ છવાઈ ગયો સ્વજનો એ બલરામજી ને આશીર્વાદ આપ્યા,ભાઈબંધો હર્ષઘેલા બની બલરામજી ને ભેટ્યા,નાની વય ના બધાએ બલરામજી ના ચરણોમાં પડીને આશીર્વાદ લીધા બધાએ બલરામજી ની હર્ષાઘેલા થઈને ખૂબ આગતાસ્વગતા કરી.ગોપીઓ ના વૃંદ એ પણ બલરામજી નું સ્વાગત કર્યું હતું પરંતુ એમના કુશળ મંગળ પૂછવા ને બદલે બલરામજી ને પૂછ્યું હતું કે દ્વારિકા માં અમારા કૃષ્ણ સુખી તો છે ને..એ ત્યાં આનંદિત તો છે ને માન્યું કે એ ૧૬૧૦૮ રાણીઓના પતિ છે પરંતુ વૈકુંઠપતિ ના સુખ આનંદ ને અમ ગોપીઓથી વધારે અન્ય થી જાણવું સમજવું અશક્ય છે.આ નિર્દોષ વાત ને ભાગવતજી ના "વેણુ ગીત" સમર્થન આપે છે. જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ વૃંદાવન ના જંગલો માં ગોપ સખાઓ સાથે ગાયો ચરાવવા જતા ત્યારે ગોપીઓ સવાર થી સાંજ સુધી ની ભગવાન શ્રી કૃષ્ણ ની દિનચર્યા નું વેણુ ગીત સ્વરૂપે ગાતા ગાતા વર્ણન કરતી હતી. ભાગવતજી અનુસાર ભગવાન શ્રી કૃષ્ણ એ એના બે ભક્તો સંજય અને ગોપીઓ ને દિવ્ય દૃષ્ટિ આપી હતી. સંજય ના મનમાં ભક્તિ થી વધારે મદ હતો એટલે તો ધર્મ કહે છે કે સંગ એવો રંગ. સંજય એ દિવ્ય દ્રષ્ટીની મદદ થી યુદ્ધ મેદાન ના રચાઈ રહેલ યુદ્ધ ના દ્રશ્યો નું અંધ ધૃતરાષ્ટ્ર ની સામે વર્ણન કર્યું હતું. યુદ્ધ મેદાન માં નિર્દોષ અભિમન્યુ નો ચક્રવ્યૂહ માં ફસાઈને વધ થતા નિહાળતા જ દિવ્ય દૃષ્ટિ અભિશાપ સમાન લાગી હતી.

દિવસ થી લઈને રાત્રિ ગોપીઓ નું તનમન કૃષ્ણ ભક્તિ માં તલ્લીન રહેતું હતું એટલે એના મન હદય માં સુખ દુઃખ,ન્યાય અન્યાય,લાભ કામ વગેરે વિકાર પ્રવેશ્યો નહતો. ગોપીઓ એ દિવ્ય દૃષ્ટિ દ્વારા માત્ર ને માત્ર એના આરાધ્ય પરમાત્મા ના જ દર્શન સતત કર્યા છે.નિત્ય વૃંદાવન થી મથુરા ની બઝાર માં મહી વેચવા જતી ગોપીઓ એ જીવન પર્યંત ક્યારેય મથુરા ના મહેલ માં પ્રવેશ કર્યો નહતો અને વૃંદાવન છોડ્યા બાદ ભગવાન શ્રી કૃષ્ણ ને મળવા પ્રયત્ન પણ કર્યો નહતો. મહી.. મહી..લ્યોમહી લ્યો બોલતા બોલતા અચાનક કૃષ્ણ લ્યો..કૃષ્ણ લ્યો કૃષ્ણ સ્મરણ માં ગોપીઓ બોલવા લાગતી હતી. ગોપી શબ્દ નું ઉચ્ચારણ મજાક મસ્તી માં કરવું સહેલું છે પરંતુ ભગવાન શ્રી કૃષ્ણ ની અંતરંગ શક્તિઓ ગોપીઓ શબ્દ નો અર્થ સમજવો એ કદાચ કળયુગી મનુષ્ય માટે અશક્ય છે.

**ચૌદ લોકના નાથ ને વેચે રે આહિર ની નારી રે..રે.**
**શેરીએ શેરી એ સાદ પાડે છે લેવા છે મુરારી રે..રે..**




રાંઝણાની ટીમે ફરી કરી કમાલ ૧૭,૦૦૦ ટિકિટો વેચાઈ

# ધનુષ-કૃતિની 'તેરે ઈશ્ક મેં'એ એડવાન્સ બુકિંગમાં ધમાકો કર્યો

## ફિલ્મ રૂ. ૧૨ થી ૧૫ કરોડની ધમાકેદાર ઓપનિંગ કરી શકે છે

ધનુષ અને કૃતિ સેનન અભિનીત અને આનંદ એલ. રાય દ્વારા નિર્દેશિત ફિલ્મ **'તેરે ઈશ્ક મેં'**એ રિલીઝના ત્રણ દિવસ અગાઉ જ એડવાન્સ બુકિંગમાં જોરદાર સફળતા હાંસલ કરી છે. આ મ્યુઝિકલ રોમાન્સે ટોચની બે રાષ્ટ્રીય સિનેમા ચેઇન, પીવીઆર આઇનોક્સ અને સિનેપોલિસમાં ઓપનિંગ ડે માટે લગભગ ૧૭,૦૦૦ ટિકિટોનું વેચાણ કર્યું છે. માત્ર પીવીઆર આઇનોક્સે જ ૧૪,૦૦૦ ટિકિટો નોંધાવી છે. **'તેરે ઈશ્ક મેં'**નું આ પ્રી-સેલ્સ બોક્સ ઓફિસ પર એક મજબૂત શરૂઆતનો સંકેત આપી રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આ ફિલ્મનું ઓપનિંગ કલેક્શન આશરે રૂ. ૧૨ કરોડથી રૂ. ૧૫ કરોડની વચ્ચે રહેવાની સંભાવના છે, જેમાંથી ઊંચો આંકડો પાર થવાની વધુ શક્યતા છે. રસપ્રદ વાત એ છે કે, **'તેરે ઈશ્ક મેં'**નું ઓપનિંગ કલેક્શન આ વર્ષે રિલીઝ થયેલી કેટલીક મોટા સ્ટાર્સની ફિલ્મો કરતાં પણ વધારે હોઈ શકે છે. ફિલ્મનું મજબૂત એડવાન્સ બુકિંગ ફરી એકવાર સાબિત કરે છે કે ફિલ્મોમાં ગુણવત્તાયુક્ત સંગીતનું કેટલું મહત્વ છે. 'સૈયારા' અને 'એક દીવાને કી દીવાનીયત' જેવી ફિલ્મોમાં પણ સારા સંગીતની અસર જોવા મળી હતી. 'તેરે ઈશ્ક મેં' હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે આ વર્ષે એક વધુ 'ક્લીન હિટ' સાબિત થવાની પૂરી સંભાવના ધરાવે છે, જેની અત્યારે ખુબ જ જરૂર છે. જોકે, નિર્માતાઓ માટે એકમાત્ર ચિંતાનો વિષય એ છે કે ફિલ્મ રિલીઝ થયાના માત્ર એક સપ્તાહ પછી રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર' પણ આવવાની છે. **'તેરે ઈશ્ક મેં'**નું ભાગ્ય એ વાત પર પણ નિર્ભર કરશે કે દર્શકો 'ધુરંધર'ને કેવો પ્રતિસાદ આપે છે.

ડૉનલ બિષ્ટનો અભિષેક બજાજ સાથેના સંબંધો પર મોટો ખુલાસો

# ડૉનલ બિષ્ટએ સોશિયલ મીડિયા પોસ્ટથી અફવાઓને ફેક ગણાવી

## બિગ બોસના કન્ટેસ્ટન્ટ સાથે નામ જોડવા બદલ ચેતવણી આપી



ટીવીની જાણીતી એક્ટ્રેસ ડૉનલ બિષ્ટએ તાજેતરમાં જ સોશિયલ મીડિયા પર એક લાંબી પોસ્ટ શેર કરીને 'બિગ બોસ ૧૯'ના કન્ટેસ્ટન્ટ અભિષેક બજાજ સાથેના પોતાના કથિત સંબંધોની અફવાઓ પર ખુલ્લીને વાત કરી છે. ડૉનલે પોતાના ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં આ તમામ અહેવાલોને 'ખોટા અને પાયાવિહોણા' ગણાવ્યા છે અને વિનંતી કરી છે કે તેમનું નામ આવી પાયાવિહોણી બાબતો સાથે જોડવામાં ન આવે, નહીં તો તે કાયદાકીય પગલાં લેશે. ડૉનલે જણાવ્યું કે તે શૂટિંગમાં વ્યસ્ત હોવાને કારણે આ બાબતો પર ધ્યાન આપી શકી નહોતી, પરંતુ હવે તે સ્પષ્ટ કરવા માંગે છે કે તેમનું નામ ખોટી બકવાસમાં ઘસડવું બંધ કરવામાં આવે. એક્ટ્રેસે ચેતવણી આપી છે કે, 'જો તમને સત્ય ન ખબર હોય, તો ટિપ્પણીઓ ન કરો અને ખોટી અફવાઓ ન ફેલાવો. કોઈ પણ ખોટા આરોપો કે બદનક્ષી પર કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.' તેમણે દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે લોકો પોતાના નાના-નાના ફાયદા માટે તેમનો કે તેમના નામનો ઉપયોગ કરી લે છે અને હવે તે આ બધાથી કંટાળી ગઈ છે. ડૉનલ બિષ્ટ સન્માનિત પરિવારમાંથી આવે છે અને સારા સંસ્કાર ધરાવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે તેમણે આટલા વર્ષોની સખત મહેનતથી પોતાનું નામ બનાવ્યું છે. એક્ટ્રેસે સ્પષ્ટતા કરી કે તે આ ઈન્ડસ્ટ્રીમાં ફક્ત કામ કરવા આવી છે, કોઈના પણ અંગત જીવનના ડ્રામાનો હિસ્સો બનવા નહીં. તે પોતાના સિનેમા, ક્રિએટિવિટી અને કલા પ્રત્યેના પ્રેમને કારણે અહીં છે. એક્ટ્રેસે અંતે વિનંતી કરી કે તેમને આ તમામ ફર્જી કહાનીઓથી દૂર રાખવામાં આવે. હકીકતમાં, થોડા સમય પહેલા મીડિયા અહેવાલ દ્વારા એવી ચર્ચા હતી કે પરિણીત હોવા છતાં અભિષેક બજાજ અને ડૉનલ બિષ્ટ એકબીજાને ડેટ કરી રહ્યા હતા, જે બાદમાં તૂટી ગયું હતું. હવે ડૉનલે પોતે આ વાત પર પ્રતિક્રિયા આપીને તમામ અફવાઓનો અંત લાવી દીધો છે.

# શિલ્પા શેટ્ટીએ બોમ્બે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો



બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટીએ પોતાની પર્સનાલિટી રાઈટ્સ (વ્યક્તિત્વ અધિકારો)ની સુરક્ષા માટે બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. શિલ્પાનો આક્ષેપ છે કે અનેક વેબસાઈટ્સ તેમની તસવીરોનો ગેરકાયદેસર રીતે ઉપયોગ કરી રહી છે અથવા કરી ચૂકી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, શિલ્પા શેટ્ટીએ ફરિયાદ કરી છે કે તેમની ઘણી તસવીરો સાથે છેડછાડ કરીને વીડિયો પણ સામે આવ્યા છે, જેના કારણે તેમને કોર્ટમાં જવાનો નિર્ણય લેવો પડ્યો છે. શિલ્પાના વકીલ સના રઈસ ખાને જણાવ્યું કે, 'શિલ્પા શેટ્ટીએ દાયકાઓ સુધી કામ કરીને પોતાની નામના બનાવી છે. કોઈ પણ તેમની મંજૂરી વિના વ્યાવસાયિક ફાયદા માટે તેમના નામ કે છબીનો ઉપયોગ કરી શકે નહીં. તેમની ઓળખનો ગેરકાયદેસર ઉપયોગ તેમની ઈજ્જત અને મહેનતથી કમાયેલી પ્રતિષ્ઠા પર હુમલો છે.' શિલ્પાએ ખોટા ઉપયોગને રોકવા માટે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ અમિતાભ બચ્ચન, ઐશ્વર્યા રાય, હૃતિક રોશન સહિત અનેક કલાકારોએ પોતાના પર્સનાલિટી રાઈટ્સની સુરક્ષા માટે કોર્ટનો સહારો લીધો છે. બોમ્બે હાઈકોર્ટે તાજેતરમાં જ આ કલાકારોના નામ, છબી અને અવાજનો ઉપયોગ મંજૂરી વિના ન કરવા માટે આદેશ આપ્યો છે. શિલ્પા શેટ્ટીને છેલ્લે ૨૦૨૩માં ફિલ્મ 'સુખી'માં જોવા મળ્યા હતા અને હવે તે આગામી કન્નડ ફિલ્મ **'કેડી: ધ ડેવિલ'**માં સંજય દત્ત સાથે અભિનય કરતા જોવા મળશે.


### અભિનેત્રીએ પર્સનાલિટી રાઈટ્સની સુરક્ષા માટે કેસ કર્યો



# અભિનેત્રી ગિરિજા ઓકનો ખુલાસો: વાયરલ થવા છતાં કામની ઓફરો નથી મળી


છેલ્લા બે દાયકાથી મરાઠી અને હિન્દી સિનેમામાં કામ કરી રહેલી અભિનેત્રી ગિરિજા ઓક તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન પહેરેલી બ્લુ સાડીને કારણે ઈન્ટરનેટ પર વાયરલ થઈ હતી અને તે યુવાનોની નવી ઈન્ટરનેટ ક્રશ બની હતી. આ અચાનક મળેલી પ્રસિદ્ધિએ તેના અંગત અને વ્યવસાયિક જીવનમાં શું બદલાવ લાવ્યો છે, તે અંગે અભિનેત્રીએ ખુલાસો કર્યો છે. ગિરિજા ઓકે એક નવા ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, 'કોઈએ મને પૂછ્યું કે શું કંઈ બદલાયું છે? મેં કહ્યું, ના, મને વધારાના કામની કોઈ ઓફર નથી મળી.' વધુમાં, અભિનેત્રીએ ખુલાસો કર્યો કે આ નવી પ્રસિદ્ધિની એક નકારાત્મક બાજુ પણ છે, કારણ કે તેને સોશિયલ મીડિયા પર કેટલાક અપમાનજનક મેસેજ મળ્યા છે. અભિનેત્રીએ જણાવ્યું, 'કોઈએ કહ્યું, 'હું તમારા માટે કંઈ પણ કરી શકું છું, મને તક આપો.' તો વળી કોઈએ તો મારો રેટ પણ પૂછ્યો - 'તમારી સાથે એક કલાક વિતાવવાની કિંમત શું છે?' આવા ઘણા મેસેજ આવ્યા છે. આ એક વિચિત્ર ક્ષેત્ર છે. આપણે આ વર્ચ્યુઅલ સ્પેસને કેટલી ગંભીરતાથી લેવી જોઈએ તેના પર મોટી ચર્ચા થઈ શકે છે.' ગિરિજા ઓકે કહ્યું કે ૨૦-૨૫ વર્ષથી અભિનયના ક્ષેત્રમાં હોવાથી તે હવે 'જાડી ચામડીની' બની ગઈ છે અને આવી બાબતોને હળવાશથી લે છે. જોકે, પુરુષો દ્વારા મેસેજ મોકલવામાં આવતો હકનો ભાવ આઘાતજનક છે. અભિનેત્રી મરાઠી ફિલ્મો 'ગુલમહોર,' 'લજ્જા' અને 'નવરા માઝા ભાવરા' તેમજ કન્નડ ફિલ્મ 'હાઉસ ફૂલ' માટે જાણીતી છે.

# રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર'નું નવું ગીત 'ઈશ્ક જલાકર કારવાં' રિલીઝ



બોલીવુડ અભિનેતા રણવીર સિંહની બહુપ્રતીક્ષિત ફિલ્મ **'ધુરંધર'**ના નિર્માતાઓએ ચાહકોની માંગને ધ્યાનમાં રાખીને ફિલ્મનું નવું ગીત 'ઈશ્ક જલાકર કારવાં' રિલીઝ કરી દીધું છે. ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયા બાદ દર્શકો દ્વારા તેને ખૂબ જ પ્રેમ આપવામાં આવ્યો હતો, જેના કારણે મેકર્સે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને આ કવ્વાલી ટ્રેક રિલીઝ કરવાની જાણકારી આપી હતી. 'ધુરંધર'ના આ નવા ગીત 'ઈશ્ક જલાકર કારવાં'ની વાત કરીએ તો, તે એક સુંદર કવ્વાલી ટ્રેક છે અને દર્શકો તેને પસંદ કરી રહ્યા છે. આ ગીતને શાશ્વત સચદેવ, શહજાદ અલી, સુભદીપ દાસ ચૌધરી અને અરમાન ખાન જેવા જાણીતા ગાયકોએ પોતાનો અવાજ આપ્યો છે. તેનું સંગીત શાશ્વત સચદેવ અને રોશન લાલએ આપ્યું છે, જે યુઝર્સને ગમી રહ્યું છે. આ ગીત રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર યુઝર્સની મિશ્ર પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, કેટલાક યુઝર્સ આ કવ્વાલી ટ્રેકને ખૂબ જ પસંદ કરી રહ્યા છે, જ્યારે અમુક નેટિઝન્સ મેકર્સ પાસે ફિલ્મમાં એક સારો રોમેન્ટિક ટ્રેક રિલીઝ કરવાની માંગ કરી રહ્યા છે. મેકર્સ હવે આ અંગે શું નિર્ણય લે છે તે જોવું રસપ્રદ રહેશે. આદિત્ય ધર દ્વારા લેખિત અને નિર્દેશિત ફિલ્મ **'ધુરંધર'**માં રણવીર સિંહની સાથે સંજય દત્ત, અર્જુન રામપાલ, અક્ષય ખન્ના, આર. માધવન અને સારા અર્જુન જેવી મોટી સ્ટારકાસ્ટ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ ૫ ડિસેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. જોકે, ફિલ્મની વાર્તા વિશે વધુ માહિતી બહાર આવી નથી

# 'નાગિન ૭' શોમાં અભિનેતા પુનીત તેજવાનીની શોમાં એન્ટ્રી



એકતા કપૂરના મોસ્ટ અવેટેડ સુપરનેચરલ શો **'નાગિન ૭'**ની કાસ્ટિંગને લઈને દરરોજ નવા અપડેટ્સ સામે આવી રહ્યા છે. જ્યારે પ્રિયંકા ચાહર ચૌધરીને મુખ્ય અભિનેત્રી તરીકે ઘોષિત કરવામાં આવ્યા છે, ત્યારે બાકીની સ્ટાર કાસ્ટને લઈને ચાહકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. હવે આ ચર્ચામાં વધુ એક મોટા અભિનેતાનું નામ જોડાઈ ગયું છે. મીડિયા રિપોર્ટ અનુસાર, ટીવીના હેન્ડસમ હંક અભિનેતા પુનીત તેજવાનીની **'નાગિન ૭'**માં એન્ટ્રી થવાની છે. જોકે, મેકર્સ શોની કાસ્ટિંગને સંપૂર્ણપણે સિક્રેટ રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે, તેથી પુનીતની ભૂમિકા અંગે સત્તાવાર રીતે કોઈ જાહેરાત કરવામાં આવી નથી. એવા કયાસ લગાવવામાં આવી રહ્યા છે કે પુનીત તેજવાની આ શોમાં અગત્યની ભૂમિકામાં જોવા મળશે. ઘણા ચાહકોનું માનવું છે કે પુનીત શોમાં વિલનની ભૂમિકામાં દેખાશે અને મુખ્ય અભિનેત્રી પ્રિયંકા ચાહર ચૌધરી સાથે ફ્લર્ટ કરશે અથવા તેમના માટે મોટી મુસીબતો ઊભી કરશે. 'નાગિન ૭' માટે પ્રિયંકા ચાહર ચૌધરીની સાથે-સાથે ઈશા સિંહ અને નોમિક પોલનું નામ પણ કન્ફર્મ માનવામાં આવે છે. આ ઉપરાંત રિભુ મહેરા અને કુશાગ્રે દુઆ જેવા કલાકારોના નામની પણ ચર્ચા છે. મેકર્સ તરફથી માત્ર પ્રિયંકાના નામ પર જ મહોર લગાવવામાં આવી છે. રિપોર્ટ અનુસાર, આ શો ડિસેમ્બર મહિનામાં ઓન એર થવાની શક્યતા છે.



# શાહરુખની ફિલ્મ 'કિંગ'માં અક્ષય ઓબેરોયની એન્ટ્રી

બોલિવૂડના કિંગ ખાન શાહરુખ ખાનની આગામી એક્શન ફિલ્મ **'કિંગ'**ને લઈને દર્શકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. આ ફિલ્મમાં હવે એક વધુ મોટા કલાકારની એન્ટ્રી થઈ હોવાની માહિતી સામે આવી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, અભિનેતા અક્ષય ઓબેરોયે સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે તે શાહરુખ ખાનની આ બહુપ્રતીક્ષિત ફિલ્મનો એક ભાગ છે. છેલ્લા ઘણા દિવસોથી આ અંગે ચર્ચા ચાલી રહી હતી, જેના પર હવે મહોર લાગી ગઈ છે. આ ફિલ્મમાં શાહરુખ ખાન અને તેમની દીકરી સુહાના ખાનની સાથે હવે અક્ષય ઓબેરોયનું નામ પણ જોડાઈ ગયું છે. ફિલ્મ 'કિંગ'નું દિગ્દર્શન સિદ્ધાર્થ આનંદ કરી રહ્યા છે, જેમણે શાહરુખ સાથે અગાઉ 'પઠાણ' જેવી બ્લોકબસ્ટર ફિલ્મ આપી હતી. આ ફિલ્મ રસપ્રદ છે, કારણ કે તેમાં શાહરુખ ખાન પહેલીવાર તેમની દીકરી સુહાના ખાન સાથે સ્ક્રીન શેર કરવા જઈ રહ્યા છે. આ ઉપરાંત, ફિલ્મમાં દીપિકા પાદુકોણ, રાની મુખર્જી, અનિલ કપૂર અને અભિષેક બચ્ચન જેવા મોટા કલાકારો પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. અક્ષય ઓબેરોય અગાઉ 'ફાઈટર', 'ગુડગાંવ' જેવી ફિલ્મો અને વેબ સિરીઝમાં કામ કરી ચૂક્યા છે અને તે સુપરસ્ટાર યશની ફિલ્મ 'ટોક્સિક'માં પણ જોવા મળશે. 'કિંગ' ફિલ્મ વર્ષ ૨૦૨૬માં સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે.


# સેલિના જેટલીએ પતિ પીટર પર ઘરેલુ હિંસાનો આરોપ લગાવ્યો

### અભિનેત્રીએ મુંબઈની કોર્ટમાં ક્રૂરતા બદલ કાનૂની ફરિયાદ કરી પત્નીને શારીરિક-માનસિક ત્રાસ આપવા બદલ નોટિસ અપાઈ



બોલીવુડની જાણીતી અભિનેત્રી સેલિના જેટલીએ પોતાના પતિ પીટર હા ગ પર ઘરેલુ હિંસાનો ગંભીર આરોપ લગાવીને મુંબઈની અદાલતમાં અરજી દાખલ કરી છે. અભિનેત્રીનો આરોપ છે કે તેમને તેમના પતિ દ્વારા ભાવનાત્મક, શારીરિક, જાતીય અને મૌખિક દુર્વ્યવહારનો સામનો કરવો પડ્યો છે. આર્જીની સુનાવણી મંગળવારે કોર્ટ સમક્ષ આવી હતી. અદાલતે પીટર હા ગને નોટિસ પાઠવી છે અને આ કેસની આગામી સુનાવણી ૧૨ ડિસેમ્બરના રોજ નક્કી કરી છે. સેલિનાએ એક લો ફર્મ મારફતે અરજી દાખલ કરી છે, જેમાં તેમણે ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટના કાયદા હેઠળ ઘરેલુ હિંસા અને ક્રૂરતાનો આરોપ લગાવ્યો છે. એક્ટ્રેસની વકીલ, એડવોકેટ નિહારિકા કરંજાવાલાના જણાવ્યા અનુસાર, શારીરિક અને ભાવનાત્મક એમ બંને પ્રકારની હિંસા માટે અંધેરી કોર્ટમાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સમક્ષ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ૪૭ વર્ષીય સેલિનાએ દાવો કર્યો કે પતિ દ્વારા કરાતા માનસિક અને શારીરિક ત્રાસને કારણે તેમને ઓસ્ટ્રિયામાં પોતાનું ઘર છોડીને ભારત પાછા ફરવું પડ્યું હતું. પૂર્વ મિસ ઈન્ડિયાએ અરજીમાં એવો પણ આરોપ મૂક્યો છે કે લગ્ન પછી તેમના પતિએ તેમને કામ કરતાં રોક્યા હતા. સપ્ટેમ્બર ૨૦૧૦માં લગ્ન કરનાર આ કપલના ત્રણ બાળકો છે. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે પીટર હા ગ એકાંતમાં રહેનાર, ગુસ્સાવાળા સ્વભાવના અને શરાબ પીવાની આદત ધરાવતા હોવાથી સેલિના જેટલી સતત તણાવમાં રહેતા હતા. વધુમાં, અરજીમાં એવો પણ ઉલ્લેખ છે કે પીટર હા ગએ આ વર્ષે ઓગસ્ટ મહિનામાં ઓસ્ટ્રિયાની એક અદાલતમાં તલાકની અરજી પણ દાખલ કરી હતી.

# બિગ બોસ ૧૯ને મળ્યો પહેલો ફાઈનલિસ્ટ : ગૌરવ ખન્નાએ ફિનાલેમાં સીધી જગ્યા બનાવી લીધી



દર્શકોના સૌથી લોકપ્રિય રિયાલિટી શો **'બિગ બોસ ૧૯'**ના ચાહકો માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. શોને તેનો પહેલો ફાઈનલિસ્ટ મળી ગયો છે. આ સિઝનના ગ્રાન્ડ ફિનાલેને હવે ગણતરીના અઠવાડિયાં બાકી છે, ત્યારે ઘરમાં હાજર કુલ આઠ સ્પર્ધકોમાંથી એક ખેલાડીએ ટિકિટ ટુ ફિનાલે ટાસ્ક જીતીને સીધી ફિનાલેમાં જગ્યા બનાવી લીધી છે. મીડિયા અહેવાલ મુજબ, આ મહત્વપૂર્ણ ટાસ્કમાં ચાર સ્પર્ધકો - અશ્નૂર કૌર, પ્રણીત મોરે, ગૌરવ ખન્ના અને ફરહાના ભટ્ટ - એ દાવેદારી રજૂ કરી હતી. રિપોર્ટ્સનું માનીએ તો, ટીવી જગતનો લોકપ્રિય ચહેરો ગૌરવ ખન્ના આ ટાસ્કનો વિજેતા બન્યો છે. આ જીત સાથે ગૌરવ ખન્નાએ શોના ગ્રાન્ડ ફિનાલેમાં પહોંચનાર પ્રથમ સ્પર્ધક બનવાનું બહુમાન મેળવ્યું છે. ટિકિટ ટુ ફિનાલે ટાસ્ક કુલ ત્રણ રાઉન્ડમાં વહેંચાયેલો હતો, અને દરેક રાઉન્ડ ૨૦ મિનિટનો હતો. પ્રથમ રાઉન્ડ: આ રાઉન્ડમાં ફરહાના ભટ્ટ ટાસ્કમાંથી બહાર થઈ હતી. બીજો રાઉન્ડ: આ રાઉન્ડમાં પ્રણીત મોરે બહાર થયા હતા. ત્રીજો રાઉન્ડ: અંતિમ અને નિર્ણાયક રાઉન્ડમાં ગૌરવ ખન્ના અને અશ્નૂર કૌર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. જેમાં અશ્નૂર કૌર બહાર થતાં, ગૌરવ ખન્નાએ આ ટાસ્ક જીતી લીધો હતો.

## ધર્મ પરિવર્તનને લઈને દીપિકાના નિવેદન પર નહીં થાય વિશ્વાસ

# શોએબ સાથે નિકાહ કરવા દીપિકા કક્કડનું 'ફૈઝા' નામ લખાવ્યું



'સસુરાલ સિમર કા' શોથી ઘરે-ઘરે લોકપ્રિયતા મેળવનાર અભિનેત્રી દીપિકા કક્કડ તાજેતરમાં લીવર કેન્સર સામે ઝઝૂમી રહી છે. હાલમાં તેઓ બે વર્ષ સુધી ચાલનારા ટ્રીટમેન્ટના મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે, જેમાં પતિ શોએબ ઈબ્રાહિમ તેમનો ખૂબ ખ્યાલ રાખી રહ્યા છે. દીપિકા અને શોએબની પ્રેમ કહાણી કોઈ ફિલ્મી સ્ટોરીથી ઓછી નથી. હિંદુ ધર્મમાંથી આવતા દીપિકાએ મુસ્લિમ ધર્મમાંથી આવતા શોએબ સાથે લગ્ન કરવા માટે ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ ધર્મ પરિવર્તન કર્યું હતું. મીડિયા રિપોર્ટ અનુસાર, શોએબ સાથે નિકાહ કરવા માટે દીપિકાએ ઈસ્લામ ધર્મ અપનાવ્યો હતો અને પોતાનું નામ પણ બદલીને ફૈઝા રાખ્યું હતું. કપલના વેડિંગ કાર્ડ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા, જેમાં દીપિકાનું નામ 'ફૈઝા' લખેલું હતું. દીપિકાએ પોતે એક ઈન્ટરવ્યૂમાં આ વાતની પુષ્ટિ કરતા કહ્યું હતું કે, 'હા, મેં ઈસ્લામ ધર્મ કબૂલ કર્યો છે. પણ મેં ઈસ્લામ ક્યારે અને શા માટે કબૂલ કર્યો, તેનાથી કોઈને કોઈ ફરક પડવો ન જોઈએ. આ મારો અંગત મામલો છે.' દીપિકાએ એ વાતનો પણ ઈનકાર કર્યો હતો કે શોએબના કારણે તેમની પહેલી શાદી તૂટી હતી. દીપિકાએ કહ્યું હતું કે શોએબે તેમની પહેલી શાદી તૂટ્યાના ઘણા સમય પછી તેમને ડેટ કરવાનું શરૂ કર્યું હતું.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## ડિફેન્ડિંગ ચેમ્પિયન ગાયત્રી-ટ્રીસાની સૈયદ મોદીમાં વિજયી શરૂઆત

● ભારતીય મહિલા ડબલ્સ જોડી બીજા રાઉન્ડમાં પહોંચી, મલેશિયાને હરાવ્યું : પાંચ મહિનાની ઈજા બાદ ગાયત્રી ગોપીચંદનું જોરદાર કમબેક



લખનઉ:

ભારતીય મહિલા ડબલ્સ જોડી ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદએ ૨,૪૦,૦૦૦ યુએસ ડોલરની સૈયદ મોદી ઈન્ટરનેશનલ સુપર ૩૦૦ ટૂર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન આ જોડીએ મંગળવારે રમાયેલી રોમાંચક પ્રથમ રાઉન્ડની મેચમાં મલેશિયાની ચેંગ સુ હુઇ અને તાન ઝીંગ યીને ૧૯-૨૧, ૨૨-૨૦, ૨૧-૯ થી હરાવી હતી. આ જીત ભારતીય જોડી માટે ખૂબ જ પ્રોત્સાહક છે, ખાસ કરીને ગાયત્રી ગોપીચંદ માટે, જેઓ ખભાની ઈજાને કારણે પાંચ મહિનાના લાંબા વિરામ બાદ ગયા અઠવાડિયે ઓસ્ટ્રેલિયન ઓપનથી સ્પર્ધાત્મક એક્શનમાં પરત ફર્યા હતા. સખત લડતવાળા પ્રથમ સેટમાં હાર્યા બાદ, આ ભારતીય જોડીએ શાનદાર કમબેક કર્યું અને પછીના બે સેટમાં પોતાનું વર્ચસ્વ જમાવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં અન્ય ભારતીય ખેલાડીઓ માટે પણ મંગળવારનો દિવસ સફળ રહ્યો હતો. મહિલા ડબલ્સ: પ્રિયા કોન્જેન્ગબમ અને શ્રુતિ મિશ્રાએ સાથી દેશવાસી પીવા એન્જેલિન અને સમૃદ્ધિ સિંહને ૨૧-૮, ૨૧-૧૧ થી એકતરફી મુકાબલામાં હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો.

## ટેમ્બા બાવુમાએ કોચના 'ગ્રોવલ' નિવેદન પર કર્યો 'બૌના' વિવાદનો ઉલ્લેખ



ગુવાહાટી: દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમાએ બુધવારે તેમના કોચ શુકરી કોનરાડની વિવાદાસ્પદ ટિપ્પણીને સામાન્ય ગણાવી હતી, જેમાં કોચે કહ્યું હતું કે તેઓ ભારતને 'ખરેખર ગ્રોવલ (આજીજી કરે)' કરાવવા માંગતા હતા. બાવુમાએ કહ્યું કે કોચ 'પોતાના નિવેદનો પર ધ્યાન આપશે.' હાલમાં જ સમાપ્ત થયેલી ટેસ્ટ શ્રેણીમાં દક્ષિણ આફ્રિકાના 2-0 થી પ્રભુત્વનું વર્ણન કરવા માટે કોનરાડે 'ગ્રોવલ' શબ્દનો ઉપયોગ કર્યો હતો, જેનો ઐતિહાસિક સંદર્ભ છે. અનિલ કુંબલે અને ડેલ સ્ટેન સહિત ભારત અને દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ ખેલાડીઓએ આ શબ્દના ઉપયોગ પર નિરાશા વ્યક્ત કરી હતી. કોનરાડની ટિપ્પણી વિશે પૂછવામાં આવતા બાવુમાએ મેચ પછીની પત્રકાર પરિષદમાં કહ્યું, 'કોચ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ આજે સવારે મારા ધ્યાન પર આવી છે. હું રમત પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો હતો અને મને તેમની સાથે વાતચીત કરવાની તક મળી નથી.

## પથુમ નિસાન્કાના અણનમ ૯૮ રને શ્રીલંકાને ટી૨૦ ટ્રાઇ-સિરીઝમાં જીત આપી

હરારે: ટી૨૦ ટ્રાઇ-સિરીઝમાં શ્રીલંકાએ આખરે પોતાની પ્રથમ જીત નોંધાવી છે. ઓપનિંગ બેટ્સમેન પથુમ નિસાન્કાએ માત્ર ૫૮ બોલમાં અણનમ ૯૮ રનની તોફાની ઈનિંગ્સ રમીને ઝિમ્બાબ્વેને ૯ વિકેટે હરાવ્યું હતું. નિસાન્કાની આ ઈનિંગ્સમાં ચાર છગ્ગા અને ૧૧ ચોગ્ગા સામેલ હતા, જેના જોરે શ્રીલંકાએ ૧૪૭ રનના લક્ષ્યને ૨૨ બોલ બાકી રાખીને ૧૪૮-૧ રન બનાવી આસાનીથી હાંસલ કરી લીધો હતો. જ્યાં ઝિમ્બાબ્વેના બેટ્સમેનો ૧૪૬-૫ રન બનાવવામાં સંઘર્ષ કરી રહ્યા હતા, ત્યાં નિસાન્કા અને કુસલ મેન્ડિસ (૨૫ અણનમ) એ બીજી વિકેટ માટે ૬૪ બોલમાં ૮૯ રનની ભાગીદારી કરીને જીત નિશ્ચિત કરી હતી. કેપ્ટન દાસુન શનાકાએ જણાવ્યું કે, 'શરૂઆતથી જ આત્મવિશ્વાસ હતો. અમે યોગ્ય એરિયામાં બોલિંગ કરી, ખાસ કરીને મહિષ થિક્શણાએ. અમે તે ગતિ જાળવી રાખી.' નિસાન્કાએ ઝડપી બોલરો સામે જોરદાર આક્રમકતા બતાવી, પરંતુ સિકંદર રઝાની સ્પિન સામે મધ્ય ઓવરોમાં સાવચેતીપૂર્વક રમત રમી હતી. નિસાન્કાએ પાવર પ્લેની અંદર જ શ્રીલંકાને ૫૯ રનની ઝડપી શરૂઆત આપી હતી.

### એશિઝ... ટીમ ઈન્ડિયાનો અત્યાર સુધીનો સૌથી શરમજનક દેખાવ, મિડલ ઓર્ડરની નિષ્ફળતા અને બોલરોની બેઅસરી

# દક્ષિણ આફ્રિકા સામે 408 રનની કારમી હાર, ટીમ ઈન્ડિયા 140માં ખખડી




ગુવાહાટી

ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં ઘરઆંગણે રનના માર્જિન દ્વારા આ સૌથી મોટી હાર છે. ગુવાહાટીમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં દક્ષિણ આફ્રિકા એ ભારતને 408 રનના વિશાળ અંતરથી હરાવ્યું છે. આ હાર સાથે જ ટીમ ઈન્ડિયા બે મેચની ટેસ્ટ સીરિઝ 0-2 થી હારી ગઈ છે, જેનાથી ભારતીય ક્રિકેટ પર મોટું પ્રશ્નાર્થ ચિહ્ન લાગી ગયું છે. કેપ્ટન ટેમ્બા બાવુમા ના નેતૃત્વ હેઠળ દક્ષિણ આફ્રિકાએ 25 વર્ષમાં પ્રથમ વખત ભારતીય જમીન પર ટેસ્ટ શ્રેણી જીતવાનો રેકોર્ડ બનાવ્યો છે. ભારતને જીતવા માટે 549 રનનો અશક્ય લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો, જેના જવાબમાં ટીમ ઈન્ડિયા માત્ર 140 રનમાં જ સમેટાઈ ગઈ. આ ટેસ્ટમાં ભારતીય બેટ્સમેનોનું પ્રદર્શન અત્યંત નિરાશાજનક રહ્યું હતું. પ્રથમ ઈનિંગમાં માત્ર યશસ્વી જાયસ્વાલ (58) અને બીજી ઈનિંગમાં રવીન્દ્ર જાડેજા (54) જ અર્ધસદી ફટકારી શક્યા હતા. પ્રથમ ઈનિંગ્સ: દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરતા 489 રનનો મોટો સ્કોર બનાવ્યો હતો. સેનુરન મુથુસામી (109) એ તેનું પ્રથમ ટેસ્ટ શતક ફટકાર્યું, જ્યારે પૂંછડિયા બેટ્સમેન માર્કો યાન્સેન એ પણ 93 રનની ધમાકેદાર ઈનિંગ રમી, જેમાં તેણે 7 છગ્ગા ફટકારીને ઈતિહાસ રચ્યો. ભારતીય બોલરો સંપૂર્ણપણે બેઅસર સાબિત થયા, કુલદીપ યાદવને 4 વિકેટ મળી પણ તેણે 115 રન ખર્ચ્યા. ભારતની બેટિંગ: ભારતની પ્રથમ ઈનિંગ 201 રનમાં સમેટાઈ ગઈ. એક સમયે 95/1 ના સ્કોર પર સ્થિર દેખાતી ટીમ 122 રનના સ્કોર સુધીમાં 7 વિકેટ ગુમાવીને ધબડકો કરી બેઠી. માત્ર 27 રનમાં 6 વિકેટ પડી હતી, જે મિડલ ઓર્ડરની નબળાઈ દર્શાવે છે. માર્કો યાન્સેને 6 વિકેટ લઈને ભારતની કમર તોડી નાખી હતી. બીજી ઈનિંગમાં પણ ભારતીય બેટ્સમેનોનો ફ્લોપ શો ચાલુ રહ્યો. દક્ષિણ આફ્રિકાએ 260/5 પર ઈનિંગ્સ ડિકલેર કરી હતી અને 549 રનનો પહાડ જેવો લક્ષ્યાંક આપ્યો હતો. બીજી ઈનિંગમાં સાયમન હાર્મર એ 6 વિકેટ ઝડપીને ભારતીય બેટિંગ લાઈન-અપને વેરવિખેર કરી નાખી. આ સીરિઝની હાર સાથે જ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) 2025-2027 ની પોઈન્ટ ટેબલમાં ટીમ ઈન્ડિયા 5મા સ્થાને સરકી ગઈ છે.

## દ. આફ્રિકા સામેની કારમી હાર બાદ ગંભીરે કહ્યું: "મારું નહીં, BCCI ભારતીય ક્રિકેટનું ભવિષ્ય જુએ"

ગુવાહાટી: દક્ષિણ આફ્રિકાએ ભારતમાં 25 વર્ષમાં પ્રથમ ટેસ્ટ શ્રેણી 2-0 થી જીતી લેતા, ભારતીય ટેસ્ટ ક્રિકેટનો ગ્રાફ ઓલ-ટાઈમ નીચા સ્તરે પહોંચી ગયો છે. ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીર ને પ્રેસ કોન્ફરન્સમાં મુશ્કેલ સવાલોનો સામનો કરવો પડ્યો હતો, જેમાં એક સવાલ તેમના ભવિષ્ય વિશે હતો.



જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે લાંબા ફોર્મેટમાં કોચ તરીકે તેમનું ભવિષ્ય શું છે, ત્યારે ગંભીરે કહ્યું કે તેઓ પદ પર રહેવાને લાયક છે કે નહીં, તે નક્કી કરવાનું કાર્ય ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) નું છે. ગૌતમ ગંભીર એ ગુવાહાટીમાં ભારતની 408 રનની હાર પછીની પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'આ નિર્ણય લેવાનું BCCI નું કામ છે. મેં પહેલા પણ કહ્યું છે, ભારતીય ક્રિકેટ મહત્વપૂર્ણ છે, હું મહત્વપૂર્ણ નથી.' તેમણે ઉમેર્યું, 'હું એ જ વ્યક્તિ છું જેણે ઈંગ્લેન્ડમાં પરિણામો મેળવ્યા, ચેમ્પિયન્સ ટ્રોફી અને એશિયા કપ જીત્યા. આ એક ટીમ છે જે શીખી રહી છે.' પ્રેસ કોન્ફરન્સની શરૂઆતમાં, ગંભીરે કહ્યું હતું કે 0-2ની શ્રેણી હાર માટે ભારતીય ટીમના દરેક વ્યક્તિને જવાબદાર ગણવા જોઈએ, પરંતુ દોષની શરૂઆત તેમનાથી થાય છે. તેમણે કહ્યું, 'દોષ દરેકને લાગે છે, તેની શરૂઆત મારાથી થાય છે.' ગંભીર વ્યક્તિગત ખેલાડીઓને દોષ આપવા માટે ઉત્સુક નહોતા.

પાકિસ્તાન ચોથા સ્થાને, ભારત પાંચમા ક્રમાંક પર સરક્યું

## ગુવાહાટીમાં કારમી હાર: WTC ટેબલમાં ભારત પાકિસ્તાનથી પણ નીચે!

ગુવાહાટી: દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટેસ્ટ મેચમાં ૪૦૮ રનથી શરમજનક હાર મળ્યા બાદ ટીમ ઈન્ડિયા ને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) પોઈન્ટ્સ ટેબલ માં મોટું નુકસાન થયું છે. આ હારને કારણે ભારત અંક તાલિકામાં એક સ્થાન નીચે સરકી ગયું છે અને હવે તે તેના કટ્ટર હરીફ પાકિસ્તાન થી પણ પાછળ થઈને પાંચમા ક્રમાંક પર પહોંચી ગયું છે. કોલકાતા ટેસ્ટમાં ૩૦ રનથી હાર્યા બાદ ઋષભ પંત ની કપ્તાની હેઠળ ગુવાહાટીમાં ભારતીય ટીમને ૫૪૯ રનનો વિશાળ લક્ષ્યાંક મળ્યો હતો, પરંતુ ટીમની બીજી ઈનિંગ માત્ર ૧૪૦ રન પર જ સમેટાઈ ગઈ. દક્ષિણ આફ્રિકાએ ૨૫ વર્ષ બાદ ભારતની ધરતી પર ટેસ્ટ સીરિઝ માં ભારતનો ક્લીન સ્વીપ કરીને (૦-૨ થી) ઈતિહાસ રચ્યો છે. આ ટેસ્ટ સીરિઝ પહેલા ટીમ ઈન્ડિયા WTC અંક તાલિકામાં ચોથા સ્થાને હતી, પરંતુ ૦-૨ થી હાર્યા બાદ હવે તે પાંચમા સ્થાને આવી ગયું છે. ભારતની પોઈન્ટ્સ ટકાવારી (Points Percentage) ઘટીને ૪૮.૧૫% થઈ ગઈ છે. બીજી તરફ, પાકિસ્તાન ૫૦% પોઈન્ટ્સ ટકાવારી સાથે ચોથા સ્થાને છે, જેના કારણે ભારત એક સ્થાન નીચે પહોંચ્યું છે. અગાઉની ત્રણ ફાઈનલને યાદ કરીએ તો, ટીમ ઈન્ડિયા હાલમાં ફાઈનલની રેસથી ઘણી દૂર દેખાઈ રહી છે. આ હાર ભારતીય ક્રિકેટના ભાવિ માટે ચિંતાનો વિષય છે. ભારતને હરાવીને દક્ષિણ આફ્રિકા એ WTC ટેબલમાં બીજા સ્થાને મજબૂત પકડ બનાવી છે.

વેસ્ટ ઈન્ડિઝ સામેની 3 મેચની સિરીઝ માટે 14 સભ્યોની ટીમ જાહેર

## સાયમન હાર્મર 'પ્લેયર ઓફ ધ સિરીઝ': 27 વિકેટો ઝડપી લીધી

ભારતીય બેટ્સમેનોની નબળાઈનો લાભ: સાયમન હાર્મરની સફળતા પાછળનું મગજ

ગુવાહાટી

દક્ષિણ આફ્રિકાના અનુભવી ઓફ-સ્પિનર સાયમન હાર્મર ગુવાહાટી ટેસ્ટમાં ભારતની 408 રનની કારમી હારનું સૌથી મોટું કારણ બન્યા હતા. બીજી ઈનિંગમાં 6 સહિત મેચમાં કુલ 9 વિકેટ ઝડપીને હાર્મરે ભારતની બેટિંગ લાઈન-અપને તોડી પાડી હતી. આ સિરીઝમાં કુલ 17 વિકેટ લેવા બદલ 36 વર્ષીય હાર્મરને 'પ્લેયર ઓફ ધ સિરીઝ'નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો છે. આ જીત સાથે દક્ષિણ આફ્રિકાએ ભારતીય ધરતી પર 25 વર્ષ બાદ ટેસ્ટ શ્રેણી જીતી છે. હાર્મરની આ સફળતા ભારતીય ટીમની સ્પિન બોલિંગ રમવાની કુશળતામાં આવેલા સતત ઘટાડાનો પુરાવો આપે છે. હાર્મર અગાઉ પણ ભારતમાં ટેસ્ટ મેચ રમી ચૂક્યા છે અને અત્યાર સુધી રમેલી કુલ 4 ટેસ્ટ મેચોમાં 27 વિકેટ ઝડપી ચૂક્યા છે. 'પ્લેયર ઓફ ધ સિરીઝ' બન્યા પછી સાયમન હાર્મરે પોતાની લાગણી વ્યક્ત કરી: 'મેં છેલ્લી ટેસ્ટમાં કહ્યું હતું કે, આ એક લાંબી સફર રહી છે. 10 વર્ષ પછી આ એકદમ અલગ અનુભવ છે. અહીંથી ઘણી સારી યાદો લઈને જઈશ. બહુ સારી ભારતીય ટીમને હરાવવાનો આ મોટો પ્રયાસ હતો. ભારતમાં પાંચ વિકેટ લેવી અને જીતમાં યોગદાન આપવું ખૂબ જ સારું લાગ્યું.' તેમણે ભારતીય બેટ્સમેનો સામેની વ્યૂહરચના



સમજાવતા કહ્યું કે, બીજી ઈનિંગમાં તેમનો પ્લાન સરળ હતો: 'અમને ખબર હતી કે જો અમે લાંબા સમય સુધી રમતમાં ટકી રહ્યા, સાચા એરિયામાં પૂરતા બોલ નાખ્યા, તો અમારા માટે વસ્તુઓ બદલાઈ શકે છે.' હાર્મરે પિચની સ્થિતિ પર પણ ટિપ્પણી કરી: 'મને લાગ્યું કે 40 ઓવર પછી બોલ થોડો નરમ થઈ ગયો છે. પિચ તૂટવાના કારણે અને પગના નિશાનોને લીધે હંમેશા અમુક બોલ એવા આવતા હતા.' તેમણે રિષભ પંત ને મળેલો બોલ ખાસ હતો તેમ ગણાવીને પોતાની ખુશી વ્યક્ત કરી. વિકેટનો છેડો બદલવાના નિર્ણય વિશે હાર્મરે કેપ્ટન ટેમ્બા બાવુમા નો આભાર માન્યો: 'જ્યારે હું બીજા છેડેથી બોલિંગ કરી રહ્યો હતો, ત્યારે મને લાગ્યું કે આ ડાબા હાથના બેટ્સમેનો માટે સારી વિકેટ છે.

ક્લબ અને એમબાપ્પે વચ્ચે $304 મિલિયનના વિવાદની અસર

## પીએસજી અને એમબાપ્પેની કાયદાકીય લડાઈ ફેબ્રુઆરી સુધી ખેંચાઈ!

પેરિસ

ફ્રેન્ચ ફૂટબોલ લીગ (LFP) ના એક નિર્ણય પર પેરિસ સેન્ટ-જર્મન (PSG) દ્વારા વિનંતી કરાયેલ પ્રાથમિક કોર્ટ સુનાવણી ફેબ્રુઆરી 23 માટે નક્કી કરવામાં આવી છે. આ નિર્ણય ફ્રેન્ચ સ્ટાર કિલિયન એમબાપ્પે અને ક્લબ વચ્ચેના કડવા વિવાદ સાથે સંબંધિત છે. આ અલગ કેસની કડી ગયા અઠવાડિયે ફ્રેન્ચ મજૂર કોર્ટમાં ચાલેલી સુનાવણી સાથે જોડાયેલી છે, જ્યાં ફ્રાન્સના આ સ્ટારે વળતર તરીકે $304 મિલિયન (263 મિલિયન યુરો) નો દાવો કર્યો હતો અને ક્લબે વળતા જવાબમાં તેમની પાસેથી 440 મિલિયન યુરોની માંગણી કરી હતી. મજૂર કોર્ટના કેસનો ચુકાદો 16 ડિસેમ્બરના રોજ આવવાની અપેક્ષા છે. ફેબ્રુઆરીમાં થનારી પ્રાથમિક સુનાવણી સપ્ટેમ્બર 2024 માં શરૂ થયેલા વિવાદ સાથે સંબંધિત છે, જ્યારે ખેલાડીએ, જે પેરિસમાં સાત સીઝન પછી ફ્રી ટ્રાન્સફર પર રીઅલ મેડ્રિડ ગયો, તેણે ક્લબ પાસેથી ન ચૂકવાયેલા વેતન અને બોનસમાં 55 મિલિયન યુરોનો દાવો કર્યો હતો.



**LFPના ચુકાદાને PSGએ પડકાર્યો...** ફ્રેન્ચ લીગ દ્વારા પીએસજી ને આ રકમ એમબાપ્પેને ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો હતો, જે નિર્ણય તેના સંયુક્ત અપીલ કમિશન દ્વારા ઓક્ટોબર 2024 માં માન્ય રાખવામાં આવ્યો હતો. જોકે, પીએસજીએ ચૂકવણી કરવાનો ઈનકાર કર્યો હતો અને આ નિર્ણયને પડકારતા પેરિસ ન્યાયિક કોર્ટમાં LFP સામે દાવો માંડ્યો હતો. આ દાવાને પગલે, LFP ની શિસ્ત સમિતિ અને ત્યારબાદ ફ્રેન્ચ ફૂટબોલ ફેડરેશનની (FFF) અપીલ સમિતિએ આ અપીલ પર શાસન કરવા માટે પોતાને સક્ષમ ગણ્યા ન હતા. આવનારી પ્રાથમિક સુનાવણીમાં કેસની યોગ્યતા પર ચર્ચા કરવામાં આવશે, જે પછી સામાન્ય રીતે કેટલાક અઠવાડિયા પછી થાય છે.

**માનસિક સતામણીનો આરોપ...** મીડિયા રિપોર્ટ અનુસાર, માનસિક સતામણી માટે અનામી વ્યક્તિઓ સામેની તપાસ હજી પણ ચાલુ છે, જોકે એમબાપ્પેએ જુલાઈમાં તેની ફરિયાદ પાછી ખેંચી લીધી હતી. 26 વર્ષીય આ ફૂટબોલરે શરૂઆતમાં જૂનમાં ફરિયાદ દાખલ કરી હતી કે 2023-24 સીઝનની શરૂઆતમાં PSG દ્વારા તેની સાથે કેવું વર્તન કરવામાં આવ્યું હતું.

બાર્સેલોના સામેના વિજયમાં વન્ડર કિડ એસ્ટેવાઓનો શાનદાર ગોલ

## ચેલ્સિના મેનેજર એન્ઝો મારેસ્કાએ એસ્ટેવાઓને મેસ્સી સાથે સરખાવવાનો કર્યો ઈનકાર

લંડન

ચેલ્સિ ફૂટબોલ ક્લબના મેનેજર એન્ઝો મારેસ્કાએ બાર્સેલોના સામેની ચેમ્પિયન્સ લીગમાં ૩-૦ની જોરદાર જીત બાદ પોતાના ટીમના યુવા ખેલાડી એસ્ટેવાઓની સરખામણી ફૂટબોલના મહાન ખેલાડી લિયોનેલ મેસ્સી સાથે કરવાની વાતને નકારી કાઢી હતી. આ મેચમાં એસ્ટેવાઓએ શાનદાર સોલો ગોલ ફટકાર્યો હતો, જે તરત જ ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો ૧૮ વર્ષીય બ્રાઝિલિયન ખેલાડી એસ્ટેવાઓ અને લામિન યમલ વચ્ચેની યુવા પ્રતિભાઓની આ લડાઈમાં લંડન ક્લબનો વિજય થયો હતો. એસ્ટેવાઓની જાદુઈ ક્ષણ હાફ-ટાઈમ પછી ૧૦ મિનિટમાં આવી, જ્યારે તેણે જમણી બાજુએ બોલ મેળવ્યો, બે ડિફેન્ડરોને હરાવ્યા અને જોઆન ગાર્સિયાની જાળીમાં બોલ ધકેલી



દીધો. સ્ટામફોર્ડ બ્રિજ ખાતેની આ તેની પ્રથમ સિઝનમાં ક્લબ અને દેશ માટે આ તેનો ૧૦મો ગોલ હતો. ચેલ્સિના બોસ મારેસ્કાને પૂછવામાં આવ્યું કે શું એસ્ટેવાઓનો આ ગોલ તેમને આર્જેન્ટિનાના મહાન ખેલાડી મેસ્સીની યાદ અપાવે છે, ત્યારે તેમણે કહ્યું કે આ ગોલ તેમને પાછલા ક્લબ પાલ્મીરાસ સાથે ક્લબ વર્લ્ડ કપમાં એસ્ટેવાઓએ કરેલા ગોલ જેવો લાગ્યો હતો. મારેસ્કાએ પોતાના યુવા ખેલાડી પરનું દબાણ ઘટાડવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું કે એસ્ટેવાઓએ 'આરામ' કરવો જોઈએ અને તેના ફૂટબોલનો આનંદ માણવો જોઈએ. મારેસ્કાએ ભારપૂર્વક કહ્યું કે, 'એસ્ટેવાઓ અને લામિન જેવા યુવાન ખેલાડીઓ માત્ર ૧૮ વર્ષના છે. જો તમે તેમની સરખામણી મેસ્સી, રોનાલ્ડો સાથે કરવાનું શરૂ કરો, તો મને લાગે છે કે તે તેમના માટે ખૂબ વધારે દબાણ છે.

## રોનાલ્ડો ૨૦૨૬ના વિશ્વકપની પ્રથમ મેચ રમી શકશે

ઝુરિચ

પોર્ટુગલના સુપરસ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો માટે એક સારા સમાચાર છે. ફૂટબોલની વૈશ્વિક સંચાલક સંસ્થા ફિફાએ લાલ કાર્ડ મળ્યા બાદ તેના પર લગાવવામાં આવેલા પ્રતિબંધને આંશિક રીતે 'સ્થગિત' કરતાં, તે ૨૦૨૬ના વિશ્વકપની શરૂઆતની મેચોમાં રમી શકશે. રોનાલ્ડોને નવેમ્બરની શરૂઆતમાં ડબલિનમાં આયર્લેન્ડ સામેની મેચમાં ડારા ઓ'શીઆને કોણી મારવા બદલ લાલ કાર્ડ મળ્યો હતો. ૪૦ વર્ષીય આ દિગ્ગજ ખેલાડીની ૨૨૬ આંતરરાષ્ટ્રીય મેચોમાં આ પ્રથમ વખત હકાલપટ્ટી થઈ હતી. ફિફાએ રોનાલ્ડો પર ત્રણ મેચનો પ્રતિબંધ લગાવ્યો હતો, જેમાંથી બે મેચનો પ્રતિબંધ સ્થગિત કરવામાં આવ્યો છે, અને એક મેચનો પ્રતિબંધ રોનાલ્ડોએ પોર્ટુગલની આર્મેનિયા



સામેની ક્વોલિફિકેશન મેચમાં પહેલેથી જ ભોગવી લીધો છે. મીડિયા અહેવાલ મુજબ, ફિફાએ એક નિવેદનમાં જણાવ્યું કે, 'ફિફા શિસ્ત સંહિતાના આર્ટિકલ ૨૭ અનુસાર, બાકીની બે મેચોનો પ્રતિબંધ એક વર્ષની પ્રોબેશન અવધિ હેઠળ સ્થગિત કરવામાં આવ્યો છે.' ફિફાએ આ સાથે જ સ્પષ્ટ ચેતવણી પણ આપી છે કે, 'જો ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પ્રોબેશન અવધિ દરમિયાન સમાન સ્વરૂપના અને ગંભીરતાનો અન્ય કોઈ ઉલ્લંઘન કરશે.

સદી ફટકારીને મચાવ્યો તહેલકો // ઉર્વિલે ૧૦ છગ્ગા અને ૧૨ ચોગ્ગાની મદદથી ૧૦૮ રન બાઉન્ડ્રીથી બનાવ્યા

## ગુજરાતના કપ્તાન ઉર્વિલ પટેલે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં સદી ફટકારી!

અમદાવાદ

આઈપીએલ ૨૦૨૬ માં ચેન્નઈ સુપર કિંગ્સ ટીમમાં જાળવી રાખવામાં આવેલા ગુજરાત ના કપ્તાન ઉર્વિલ પટેલ એ સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ૨૦૨૫-૨૬ ની શરૂઆત ધમાકેદાર રીતે કરી છે. સર્વિસિસ ટીમ સામે રમાયેલી ગ્રુપ સ્ટેજની મેચમાં ઉર્વિલે માત્ર ૩૧ બોલમાં સદી ફટકારીને પોતાની તોફાની બેટિંગથી ક્રિકેટ જગતમાં તહેલકો મચાવ્યો છે. કપ્તાન ઉર્વિલની આ વિસ્ફોટક ઈનિંગમાં તેમણે માત્ર છગ્ગા અને ચોગ્ગા દ્વારા જ કુલ ૧૦૮ રન બનાવ્યા હતા. આ ધમાકેદાર પ્રદર્શનથી એમએસ ધોની અને ચેન્નઈ સુપર કિંગ્સનું મેનેજમેન્ટ પણ ખુશ હશે, જેણે આ ખેલાડીમાં વિશ્વાસ રાખીને તેને રિટેન કર્યો છે. ગુવાહાટીમાં રમાયેલી આ મેચમાં સર્વિસિસ દ્વારા ગુજરાતને જીત માટે ૧૮૩ રનનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. આ લક્ષ્યાંકને ઓછો સાબિત કરતા ઓપનર આર્ય દેસાઈ (૬૦ રન) અને કપ્તાન ઉર્વિલ પટેલે પ્રથમ વિકેટ માટે ૧૭૪ રનની વિશાળ ભાગીદારી કરી હતી.ઉર્વિલ પટેલે ૩૭ બોલમાં ૧૦ છગ્ગા (૬૦ રન) અને ૧૨ ચોગ્ગા (૪૮ રન) ની મદદથી કુલ ૧૧૯ રન ની અણનમ ઈનિંગ રમી. તેમણે દોડીને માત્ર ૧૧ રન જ લીધા હતા, જ્યારે ૧૦૮ રન તો બાઉન્ડ્રીથી જ બનાવ્યા હતા. ઉર્વિલે માત્ર ૩૧ બોલમાં પોતાનું શતક પૂરું કર્યું અને ગુજરાતને ૮ વિકેટથી મોટી જીત અપાવી.



### સૌથી ઝડપી સદીના રેકોર્ડમાં સહભાગી

આ ઉર્વિલનું સૈયદ મુશ્તાક અલી ટ્રોફી માં બીજું સૌથી ઝડપી શતક છે. તેઓ આ ટુર્નામેન્ટમાં સંયુક્ત રીતે સૌથી ઝડપી સદી ફટકારનારા બેટ્સમેન છે, જેમણે ૨૦૨૪ માં ત્રિપુરા સામે માત્ર ૨૮ બોલમાં સદી ફટકારી હતી. આ રેકોર્ડમાં તેમની સાથે અભિષેક શર્મા પણ ટોચ પર છે. ઉર્વિલ પટેલને ગત વર્ષે મેગા ઓક્શનમાં કોઈ ખરીદનાર નહોતું મળ્યું, પરંતુ બાદમાં ચેન્નઈ સુપર કિંગ્સે તેમને તેમના મૂળ કિંમત (૩૦ લાખ રૂપિયા) પર રિપ્લેસમેન્ટ તરીકે ટીમમાં સામેલ કર્યા હતા. તેમણે આઈપીએલ ૨૦૨૫ માં ૩ મેચમાં ૨૧૨ ના સ્ટ્રાઈક રેટથી ૬૮ રન બનાવ્યા હતા.

ભારતના ટોચના સિંગલ્સ ખેલાડીએ ક્વાર્ટર ફાઇનલમાં મેળવી એન્ટ્રી

## ઓસ્ટ્રેલિયન ઓપન વાઈલ્ડ કાર્ડ પ્લે-ઓફમાં સુમિત નાગલની શાનદાર શરૂઆત



ચેંગડુ:

ભારતના ટોચના સિંગલ્સ ખેલાડી સુમિત નાગલએ ઓસ્ટ્રેલિયન ઓપન એશિયા-પેસિફિક વાઈલ્ડ કાર્ડ પ્લે-ઓફમાં શાનદાર શરૂઆત કરીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. મંગળવારે રમાયેલી મેચમાં નાગલે ચીનના ઝાંગ મિંગહુઈ સામે પહેલા સેટમાં પાછળ પડ્યા બાદ જોરદાર કમબેક કરીને ૨-૬, ૬-૦, ૬-૨થી જીત મેળવી હતી. છઠ્ઠો સીડ ધરાવતા નાગલે ધીમી શરૂઆત કરી અને પહેલો સેટ ગુમાવ્યો હતો, પરંતુ તે પછીના બે સેટમાં તેણે પોતાના પ્રતિદ્વંદ્વી પર સંપૂર્ણપણે વર્ચસ્વ જમાવ્યું હતું. ચીનના સિચુઆન ઈન્ટરનેશનલ ટેનિસ સેન્ટર ખાતે ૨૪ નવેમ્બરથી ૨૯ નવેમ્બર સુધી ચાલનારી આ ચેંગડુ ઈવેન્ટમાં, પુરુષો અને મહિલા સિંગલ્સના વિજેતાને ૨૦૨૬ના ઓસ્ટ્રેલિયન ઓપનના મુખ્ય ડ્રોમાં સીધી વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી મળશે.

**વિઝાની અનિશ્ચિતતાનો અંત** ● આ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે નાગલના માર્ગમાં વિઝાની અનિશ્ચિતતાને કારણે પહેલાં થોડી મુશ્કેલી આવી હતી. તેમની ચીનમાં પ્રવેશ માટેની પ્રારંભિક અરજી નકારવામાં આવી હતી, જેના કારણે નાગલે ચીની અધિકારીઓને જાહેરમાં અપીલ કરવાની ફરજ પડી હતી. જોકે, આ મુદ્દો પાછળથી ઉકેલાઈ ગયો હતો અને તેમને મુસાફરી કરવાની મંજૂરી મળી હતી. આ મુશ્કેલીઓ છતાં, નાગલે પોતાના પ્રદર્શનથી આત્મવિશ્વાસ પાછો મેળવ્યો છે.

**ક્વાર્ટર ફાઈનલમાં મોટો પડકાર** ● હવે ક્વાર્ટર ફાઈનલમાં સુમિત નાગલનો મુકાબલો ટોચના સીડ ધરાવતા બુ યુનચાઓકેટે અને ઝિજિયાંગ યાંગ વચ્ચેની મેચના વિજેતા સાથે થશે. આ જીત નાગલ માટે માત્ર ટૂર્નામેન્ટમાં આગળ વધવા માટે જ નહીં, પરંતુ મેઈન ડ્રોમાં જગ્યા મેળવવાના પોતાના લક્ષ્ય તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે. ભારતના આ ટોચના સિંગલ્સ ખેલાડીની નજર હવે આગામી મુકાબલા પર ટકેલી છે.

યુએનમાં અપીલ કરી વિશ્વને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ: ભારતીય મુસલમાનો સાથે ભેદભાવના દાવા

# પાકિસ્તાન ખોટા આક્ષેપો સાથે યુએન પાસે પહોંચ્યું

(એજન્સી) અમદાવાદ । તા. 26

અયોધ્યામાં ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરના શિખર પર ૨૫મી નવેમ્બરના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે પવિત્ર ધ્વજા સ્થાપિત થતાં જ પાડોશી દેશ પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે તાત્કાલિક આ મામલે સત્તાવાર નિવેદન જાહેર કરીને પોતાના રાજદ્વારી દંભનું શરમજનક પ્રદર્શન કર્યું છે. આશ્ચર્યની વાત એ છે કે, જે પાકિસ્તાન પોતાના જ દેશમાં હિન્દુઓ સહિતની ધાર્મિક લઘુમતીઓ પર થતા શોષણ, દુષ્કર્મ અને હત્યાઓ જેવી ગંભીર ઘટનાઓ પ્રત્યે હંમેશા આંખ આડા કાન કરે છે, તે જ દેશે રામમંદિર પર ધ્વજારોહણ બાદ એવો પાયાવિહોણો આક્ષેપ કર્યો છે કે રામ મંદિરનું નિર્માણ ભારતના લઘુમતીઓ અને મુસ્લિમ સાંસ્કૃતિક વારસા માટે ખતરો છે.

રામમંદિર પર ધ્વજારોહણના આ ગૌરવશાળી પ્રસંગે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે ગંભીરતા વ્યક્ત કરતાં આ બનાવને 'હિન્દુત્વની વિચારસરણીના પ્રભાવ હેઠળ ભારતમાં મુસ્લિમ સાંસ્કૃતિક અને ધાર્મિક વારસાને જાણી જોઈને નાશ કરવાના પ્રયાસો' તરીકે ગણાવ્યો છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો છે કે આ ઘટના ભારતમાં ધાર્મિક લઘુમતીઓ પર દબાણ લાવવાની મોટી પેટર્નનો એક ભાગ છે. પાકિસ્તાનની પ્રતિક્રિયા દર્શાવે છે કે તે ભારતની આંતરિક બાબતોમાં માથું મારવાની પોતાની જૂની આદત છોડી શક્યું નથી. સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે રામમંદિર પર ધ્વજારોહણ ભારતીય સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ)ના ઐતિહાસિક અને સર્વસંમતિથી લેવાયેલા નિર્ણય બાદ થયું છે. તેમ છતાં, પાકિસ્તાને આ નિર્ણયને અવગણીને બાબરી મસ્જિદના વિનાશનો ઉલ્લેખ કર્યો છે અને ૬ ડિસેમ્બર ૧૯૯૨ની ઘટનાને ટાંકીને વાહિયાત પ્રોપગન્ડા ફેલાવ્યો છે.

પાકિસ્તાન જે રીતે ભારતમાં મુસ્લિમ સાંસ્કૃતિક વારસાને ખતમ કરવાના પ્રયાસોનો આરોપ મૂકે છે, તે તેની બેવડી નીતિને ખુલ્લી પાડે છે. સત્ય તો એ છે કે, પાકિસ્તાનના પોતાના દેશમાં હિન્દુઓના ઐતિહાસિક અને પૌરાણિક વારસાઓ ધૂળ ખાઈ રહ્યા છે. શારદા પીઠ મંદિર, કરાચીનું ૧૫૦ વર્ષ જૂનું જાગનાથ મંદિર અને રાવલપિંડીનું ૧૯૩૦માં બનેલું મોહન મંદિર જેવા મહત્ત્વપૂર્ણ હિન્દુ ધાર્મિક સ્થળો આજે લુપ્ત થવાના આરે છે, જેના પર સરકાર અને સ્થાનિક લોકો દ્વારા કબજો જમાવી દેવાયો છે.

આ ગંભીર મુદ્દાઓ પર એક પણ શબ્દ ન બોલનારું પાકિસ્તાન, ભારત પર એવા ખોટા આક્ષેપો કરી રહ્યું છે કે અહીં મસ્જિદો પર ખતરો છે. પાકિસ્તાનની પ્રતિક્રિયા સ્પષ્ટપણે રાજકીય એજન્ડા અને આંતરરાષ્ટ્રીય સ્તરે બદનામ કરવાનો એક ભાગ છે. રામમંદિર પર ધ્વજારોહણના બહાને પાકિસ્તાને પોતાનો રાજકીય એજન્ડા પૂરો કરતાં એવો પણ દાવો કર્યો છે કે, ભારતીય મુસલમાનો સાથે સામાજિક, આર્થિક અને રાજકીય ભેદભાવ ઝડપથી વધી રહ્યો છે. બેશર્મીની હદ વટાવતાં પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્ર (UN) ને વિનંતી કરી છે.



મહિલા સાથે ગેરવર્તણૂક નકારવાનો પ્રયાસ

## ચીનનું નિવેદન, અરુણાચલ પ્રદેશ ભારતનું છે જ નહીં

(એજન્સી) બેઈજિંગ । તા. 26

ભારત સાથે મિત્રતાનો દાવો કરનારા પાડોશી દેશ ચીનનું ઉશ્કેરણીજનક નિવેદન ફરી એકવાર સામે આવ્યું છે. અરુણાચલ પ્રદેશમાં જન્મેલી અને લંડનમાં રહેતી એક ભારતીય મહિલાને શાંઘાઈ એરપોર્ટ પર કલાકો સુધી અટકાયતમાં રાખવાના મુદ્દે ભારતે તીવ્ર વાંધો નોંધાવ્યા પછી, ચીની વિદેશ મંત્રાલયે મંગળવારે વિવાદિત નિવેદન આપ્યું છે. ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે સ્પષ્ટપણે કહ્યું કે, અરુણાચલ પ્રદેશ ભારતનો ભાગ નથી અને ચીન દ્વારા ભારતે ગેરકાયદેરૂપે સ્થાપિત કરેલા તથાકથિત અરુણાચલ પ્રદેશને ક્યારેય માન્યતા આપવામાં આવશે નહીં.

આ ઘટનામાં, ભારતીય મહિલા પેમા વાંગજોમ થોંગડોકે ૨૧ નવેમ્બરે શાંઘાઈ એરપોર્ટ પર ઈમિગ્રેશન અધિકારીઓ દ્વારા અટકાયતનો દાવો કર્યો હતો. તેમની સોશિયલ મીડિયા પોસ્ટ મુજબ, તેમના પાસપોર્ટને માત્ર એટલા માટે 'ગેરકાયદે' ગણાવવામાં આવ્યો હતો, કારણ કે તેમાં જન્મ સ્થળ તરીકે 'અરુણાચલ પ્રદેશ' લખેલું હતું. તેમણે ભારતીય વિદેશ મંત્રાલયને ટેગ કરીને સવાલ કર્યો હતો કે શું અરુણાચલ ચીનનો ભાગ છે? ભારતે આ મામલે આકરું વલણ અપનાવીને તીવ્ર વાંધો ઉઠાવ્યો હતો, જેને પગલે ચીન બેકફૂટ પર આવવાના બદલે વધુ આક્રમક બન્યું છે.

### અરુણાચલને 'જાંગનાન' ગણાવતું ચીન

ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે ભારતના વાંધાને નકારતા કહ્યું કે 'જાંગનાન' (ચીન જે નામથી અરુણાચલ પ્રદેશને ઓળખાવે છે) ચીનનું જ ક્ષેત્ર છે. તેમણે એવો પણ દાવો કર્યો કે શાંઘાઈ એરપોર્ટ પર અટકાયત દરમિયાન મહિલા સાથે કોઈ ગેરવર્તણૂક કરાઈ નથી અને ઈમિગ્રેશન અધિકારીઓએ માત્ર કાયદા અને નિયમો મુજબ કામ કર્યું છે.

## ન્યૂઝ બ્રીફ

### ઈન્ડોનેશિયામાં ભૂકંપના આંચકા: ઉત્તરી સુમાત્રામાં ૪.૫ ની તીવ્રતા



જકાર્તા | ઈન્ડોનેશિયામાં ભૂકંપની ઘટનાઓ ફરી એકવાર નોંધાઈ છે. રાષ્ટ્રીય સિસ્મોલોજી કેન્દ્ર (NCS) દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, બુધવારે ઉત્તરી સુમાત્રામાં ૪.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. એનસીએસ દ્વારા 'એક્સ' પર પોસ્ટ કરીને જણાવાયું હતું કે આ ભૂકંપ ૧૫૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. ભૂકંપની ચોક્કસ વિગતો આપતા કેન્દ્રે જણાવ્યું કે, ભારતીય સમય મુજબ સવારે ૧૦:૫૮:૩૮ વાગ્યે (IST) ઈન્ડોનેશિયામાં ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્રબિંદુ ૨.૪૩ ઉત્તર અક્ષાંશ અને ૯૮.૯૮ પૂર્વ રેખાંશ પર, ૧૫૦ કિલોમીટરની ઊંડાઈએ ઉત્તરી સુમાત્રા, ઈન્ડોનેશિયામાં નોંધાયું હતું. ભૂકંપની તીવ્રતા ૪.૫ માપવામાં આવી હતી.

### પાકિસ્તાન સિંધ આરોગ્ય સેવા કટોકટીમાં: હોસ્પિટલોમાં સુવિધાઓનો અભાવ

કરાચી | પાકિસ્તાનને આઝાદી મળ્યાને ૭૦ વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં, દેશના સિંધ પ્રાંતનું જાહેર આરોગ્ય માળખું સતત અવગણનાનો ભોગ બની રહ્યું છે. આ કથળતી પરિસ્થિતિ પાકિસ્તાન સિંધ આરોગ્ય સેવા પ્રણાલીમાં ઊંડે સુધી જડેલી શાસનની નિષ્ફળતા અને ભ્રષ્ટાચારને ખુલ્લી પાડે છે. 'ધ એક્સપ્રેસ ટ્રિબ્યુન'ના અહેવાલ મુજબ, સમગ્ર પ્રાંતની પ્રાથમિક અને માધ્યમિક હોસ્પિટલો આવશ્યક ડાયગ્નોસ્ટિક અને કટોકટીની સુવિધાઓથી વંચિત છે, જ્યારે સેંકડો મહત્ત્વના સ્ટાફની જગ્યાઓ હજુ પણ ખાલી પડી છે. સિંધનું કથળેલું આરોગ્ય માળખું એટલું ખરાબ છે કે ૨૦૦૦ના વર્ષમાં એક સરકારી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું, જેમાં ચાર જિલ્લા હોસ્પિટલોને ડાઉ મેડિકલ કોલેજ સાથે જોડીને તેમને અધ્યાપન હોસ્પિટલોનો દરજ્જો આપવાનો પ્રસ્તાવ હતો.

### યુરોપિયન યુનિયન! રેર અર્થ મિનરલ્સને લઈને આપી ચેતવણી



ચીન | ચીન વિશ્વમાં દુર્લભ પૃથ્વી ખનિજોનો સૌથી મોટો હિસ્સો ધરાવે છે. આ જ કારણ છે કે તે યુરોપિયન યુનિયન અને યુનાઈટેડ સ્ટેટ્સને પુરવઠા માટે ધમકીઓ આપતું રહે છે. દરમિયાન, યુરોપિયન યુનિયને મંગળવારે કહ્યું કે ચીનના પ્રતિબંધો એક રેકેટ સમાન છે, જે યુરોપ માટે ખતરો છે. કાયદા ઘડનારાઓને સંબોધતા યુરોપિયન યુનિયનના ઉપપ્રમુખ સ્ટીફન સેજોર્નેએ જણાવ્યું હતું કે યુરોપિયન દેશોએ ચીનના મહત્ત્વપૂર્ણ ખનિજો પરની તેમની નિર્ભરતા ઘટાડવા માટે તાત્કાલિક પ્રયાસોમાં ઝડપ લાવવી જોઈએ. સ્ટીફન સેજોર્ને સંસદમાં કહ્યું, 'યુરોપ માટે હવે સમય આવી ગયો છે કે તેઓ પોતાની વ્યૂહરચનામાં ઝડપ લાવે.

સ્થિતિ જોતાં, આગામી દિવસોમાં રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવો એક મોટો પડકાર બની રહેશે

# અમેરિકાની શાંતિ સમજૂતી વચ્ચે રશિયાનો યુક્રેન પર હુમલો: સંઘર્ષમાં કુલ 6 લોકોનાં મોત

(એજન્સી) કીવ । તા. 26

લગભગ ચાર વર્ષથી ચાલી રહેલા વિનાશક રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા માટે અમેરિકાની શાંતિ સમજૂતી પર મંત્રણાના પ્રયાસો વચ્ચે જ રશિયાએ યુક્રેનની રાજધાની કીવ પર મિસાઈલ હુમલો કરીને પરિસ્થિતિ વધુ ગંભીર બનાવી છે. સમગ્ર રાત દરમિયાન રશિયાએ યુક્રેનની ઈમારતો અને એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવીને કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૭ લોકોનાં મોત થયા હોવાનું સત્તાવાર નિવેદનોમાં જણાવાયું છે. આ હુમલાઓ યુદ્ધ સમાપ્ત કરવાની રાજદ્વારી કવાયતો વચ્ચે જ થતાં, શાંતિની આશાઓ પર પાણી ફરી વળ્યું છે.

### વીજળી અને પાણી પુરવઠો ખોરવાયો

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ સોમવારે મોડી રાતે જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે રશિયાએ કીવ પર મિસાઈલ હુમલો કરવા માટે ૨૨ મિસાઈલો અને ૪૬૦ ડ્રોન છોડયા હતાં. આ ભીષણ હુમલાઓને કારણે કીવનાં કેટલાક વિસ્તારોમાં વીજળી અને પાણીનો પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. શિયાળાની શરૂઆતમાં જ આવું થતાં, શહેરની હીટ સિસ્ટમમાં અવરોધ ઊભો થયો છે, જે નાગરિકો માટે મોટી મુશ્કેલી સર્જી શકે છે. યુક્રેનના ઊર્જા મંત્રાલયના જણાવ્યા મુજબ, રશિયાના આ હુમલાથી એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ભારે નુકસાન પહોંચ્યું છે. આ હુમલામાં એકલા કીવમાં જ ત્રણ લોકોનાં મોત થયા છે, જ્યારે અન્ય ત્રણનાં મોત દક્ષિણ રશિયામાં યુક્રેન દ્વારા કરાયેલા વળતા હુમલામાં થયા છે, જેના કારણે મકાનોને પણ નુકસાન પહોંચ્યું છે.



### શાંતિ મંત્રણાની નિષ્ફળતા અને રાજદ્વારી પ્રયાસો

આ ઘાતક હુમલા એવા સમયે થયા છે જ્યારે અમેરિકાની શાંતિ સમજૂતી પર કામ ચાલી રહ્યું છે. યુએસ આર્મી સેક્રેટરી ડેન ડ્રિસ્કોલે અબુ ધાબીમાં રશિયન અધિકારીઓ સાથે યુદ્ધને સમાપ્ત કરવા માટે કલાકો સુધી મંત્રણા કરી હતી. ડ્રિસ્કોલ બે સપ્તાહ પહેલાં જ અમેરિકાની મંત્રણા માટેની ટીમમાં સામેલ થયા હતા અને હવે તેઓ શાંતિ સમજૂતી સાથે જોડાયેલી શરતો અંગેની મંત્રણાનું નેતૃત્ત્વ કરી રહ્યા છે.

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ પણ સોમવારે મોડી રાતે જણાવ્યું હતું કે રવિવારે જિનિવામાં અમેરિકા અને યુક્રેનનાં ડેલિગેટ્સ વચ્ચે થયેલી મંત્રણા પછી યુદ્ધનો અંત લાવવા માટે જરૂરી પગલાઓની યાદી બનાવવી શક્ય બની છે. જોકે, રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા માટેના આ તમામ પ્રયાસો વચ્ચે રશિયા દ્વારા કરવામાં આવેલા આ મોટાપાયેના હુમલાઓએ રાજદ્વારી કવાયતની નિષ્ફળતાનો સંકેત આપ્યો છે.

### ઝેલેન્સ્કીનું આગામી આયોજન

શાંતિ પ્રક્રિયાને આગળ ધપાવવા માટે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ સંવેદનશીલ મુદ્દાઓ પર ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરવાની યોજના બનાવી રહ્યા હોવાનું ટેલિગ્રામ પર જણાવ્યું હતું. આ સૂચવે છે કે અમેરિકાની શાંતિ સમજૂતીને સફળ બનાવવા માટે યુક્રેન બહુવિધ સ્તરે પ્રયાસ કરી રહ્યું છે. જોકે, રશિયા તરફથી હુમલાઓની તીવ્રતામાં કોઈ ઘટાડો થયો નથી, જે દર્શાવે છે કે ક્રેમલિન હજુ પણ શાંતિ માટે સંપૂર્ણપણે તૈયાર નથી.

■ શાંતિ મંત્રણાની નિષ્ફળતા અને રાજદ્વારી પ્રયાસો
આ ઘાતક હુમલા એવા સમયે થયા છે જ્યારે અમેરિકાની શાંતિ સમજૂતી પર કામ ચાલી રહ્યું છે. યુએસ આર્મી સેક્રેટરી ડેન ડ્રિસ્કોલે અબુ ધાબીમાં રશિયન અધિકારીઓ સાથે યુદ્ધને સમાપ્ત કરવા માટે કલાકો સુધી મંત્રણા કરી હતી. ડ્રિસ્કોલ બે સપ્તાહ પહેલાં જ અમેરિકાની મંત્રણા માટેની ટીમમાં સામેલ થયા હતા અને હવે તેઓ શાંતિ સમજૂતી સાથે જોડાયેલી શરતો અંગેની મંત્રણાનું નેતૃત્ત્વ કરી રહ્યા છે.
■ ઝેલેન્સ્કીનું આગામી આયોજન
શાંતિ પ્રક્રિયાને આગળ ધપાવવા માટે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ સંવેદનશીલ મુદ્દાઓ પર ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરવાની યોજના બનાવી રહ્યા હોવાનું ટેલિગ્રામ પર જણાવ્યું હતું. આ સૂચવે છે કે અમેરિકાની શાંતિ સમજૂતીને સફળ બનાવવા માટે યુક્રેન બહુવિધ સ્તરે પ્રયાસ કરી રહ્યું છે. જોકે, રશિયા તરફથી હુમલાઓની તીવ્રતામાં કોઈ ઘટાડો થયો નથી, જે દર્શાવે છે કે ક્રેમલિન હજુ પણ શાંતિ માટે સંપૂર્ણપણે તૈયાર નથી.

કેનેડામાં ખાલિસ્તાનીઓ બેફામ, તિરંગાનું અપમાન

## 50 હજારથી વધુ લોકો આવ્યાના પાયાવિહોણા દાવા




(એજન્સી) અમદાવાદ । તા. 26

કેનેડાની ધરતી પર ભારત વિરોધી પ્રવૃત્તિઓ સતત બેફામ બની રહી છે. કેનેડાના ઓટાવા ખાતે આયોજિત ખાલિસ્તાની સંગઠન શીખ્સ ફોર જસ્ટિસ (એસએફજે) દ્વારા આયોજિત ખાલિસ્તાન જનમત સંગ્રહ દરમિયાન એક અત્યંત શરમજનક અને રાષ્ટ્રદ્રોહી ઘટના બની છે. આ ભારત વિરોધી કાર્યક્રમમાં ભારતીય રાષ્ટ્રધ્વજ તિરંગાનું અપમાન કરવામાં આવ્યું હતું, એટલું જ નહીં પરંતુ 'મારી નાખો' જેવા ઉશ્કેરણીજનક અને હિંસક સૂત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટના વીડિયોમાં કેદ થતાં ભારતભરમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

એસએફજે દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે ૨૩ નવેમ્બરના રોજ આખો દિવસ ચાલેલી જનમત સંગ્રહ પ્રક્રિયામાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા. આતંકવાદી પ્રવૃત્તિઓ બદલ ભારત સરકારે જે સંગઠન પર પ્રતિબંધ મૂક્યો છે, તે જ સંગઠન દ્વારા કેનેડામાં ખાલિસ્તાનીઓના નામે ભારતની સાર્વભૌમત્વને પડકાર ફેંકવામાં આવી રહ્યો છે. ઓટાવાના મેકબેન કોમ્યુનિટી સેન્ટર પર આ જનમત સંગ્રહની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. એસએફજેએ દાવો કર્યો છે કે ઓન્ટારિયો, અલ્બર્ટા, બ્રિટિશ કોલંબિયા અને ક્યૂબેક જેવા કેનેડાના વિવિધ પ્રાંતોમાંથી ૫૦ હજારથી વધુ ખાલિસ્તાનીઓના સમર્થકો આવ્યા હતા. જોકે, આ આંકડો પાયાવિહોણો હોવાની પૂરી શક્યતા છે.

આ કાર્યક્રમમાં કેટલાક વીડિયો સામે આવ્યા છે, જેમાં હાજર રહેલા લોકો ખુલ્લેઆમ ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા. મતદાન પ્રક્રિયાના અંતે, ઉન્માદમાં આવેલા ખાલિસ્તાન સમર્થકો દ્વારા ભારતીય ધ્વજની ગરિમાને હણીને ભારતીય ત્રિરંગાનું અપમાન કરવામાં આવ્યું હતું. એક તરફ ભારત અને કેનેડાના સંબંધો પહેલેથી જ તણાવપૂર્ણ છે.

## દક્ષિણ કોરિયાના રાજદ્વારી: મ્યૂઝિયમ ગાઈડ બનીને ઈતિહાસ સમજાવ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 26



નવી દિલ્હીના ઈન્ડિયા હેબિટેટ સેન્ટર ખાતે ઈન્ડિયા ફાઉન્ડેશનના કથા સેશને એક અનોખો સાંસ્કૃતિક વળાંક લીધો, જ્યારે ભારતમાં દક્ષિણ કોરિયાના દૂતાવાસના ડેપ્યુટી ચીફ ઑફ મિશન સાંગ-વૂ લિમ (Sang-woo Lim) દ્વારા રાષ્ટ્રીય સંગ્રહાલયનો વિશેષ વર્ચ્યુઅલ પ્રવાસ રજૂ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ એક સાંસ્કૃતિક યાત્રામાં પરિવર્તિત થયો, જેમાં કલા, પૌરાણિક કથા અને વહેંચાયેલા વારસા દ્વારા ભારત અને દક્ષિણ કોરિયાના રાજદ્વારી સંબંધોના ઊંડા મૂળને પ્રકાશિત કરવામાં આવ્યા. વર્ષોથી રાષ્ટ્રીય સંગ્રહાલયમાં સ્વયંસેવક માર્ગદર્શક તરીકે જાણીતા લિમ, સામાન્ય રાજદ્વારી ચર્ચાઓથી આગળ વધીને, ઈતિહાસને કથા સાથે જોડીને એક આકર્ષક રજૂઆત કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, "એક રાજદ્વારી તરીકે, હું સામાન્ય રીતે સુરક્ષા, વેપાર કે આંતરરાષ્ટ્રીય સંબંધો વિશે વાત કરું છું, પરંતુ આજે, મેં કોરિયા-ભારતની સંસ્કૃતિ અને ઈતિહાસ વિશે વાત કરી." લિમની રજૂઆતનું સૌથી રસપ્રદ પાસું કોરિયાના પૌરાણિક રક્ષક આત્મા 'દોકકાબી' અને ભારતના 'કીર્તિમુખ' વચ્ચેની સમાનતાઓ હતી. તેમણે એક પરંપરાગત દોકકાબી લોકકથા સંભળાવીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા. તેમણે પ્રકાશ પાડ્યો કે બંને રાષ્ટ્રો બૌદ્ધ ધર્મમાં મૂળ ધરાવતી પ્રાચીન સાંસ્કૃતિક ફિલસૂફી અને સામાન્ય પૌરાણિક ઉદ્દેશોને કેવી રીતે વહેંચે છે.

ઈન્ડોનેશિયાનું જકાર્તા

## વિશ્વનું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર બન્યું

ન્યૂયોર્ક | યુનાઈટેડ નેશનના અહેવાલ અનુસાર ઈન્ડોનેશિયાનું પાટનગર જકાર્તા જાપાનના ટોક્યો શહેર કરતા આગળ નિકળીને ૪.૨ કરોડની વસ્તી સાથે વિશ્વનું નંબર વન શહેર બન્યું છે. આ અંગે પ્રતિક્રિયા આપતા જર્કાતા સ્થિત રુજાક સેન્ટર ફોર અર્બન સ્ટડીઝના ડિરેક્ટર એલિસા સુતાનુદજાએ જણાવ્યું હતું કે આ અહેવાલ અંગે શહેરીજનો પહેલાથી જ જાણતા હતા. યુએન દ્વારા હવે પુષ્ટિ થઈ છે કે જકાર્તાની વસ્તી ટોક્યો કરતા વધુ છે. નિષ્ણાતોનું માનવું છે કે જકાર્તાના આડેધડ વિકાસ અને ગીચ વસ્તીથી પડકારો ઉભા થયા છે. સ્થાનિક સરકારો વચ્ચેના નબળા સંકલનના કારણે વધુ વસ્તી અભિશાપ રુપ બની શકે છે. ચોમાસમાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિમાં અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થાય છે.

## ઈથોપિયામાં જ્વાળામુખી ફાટયો : દિલ્હી રાખથી છવાયું

### જ્વાળામુખીના રાખના વાદળ 4,300 કિ.મી.નું અંતર કાપી ભારત પહોંચ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ઈથોપિયાનો હેલી ગુબ્બી જ્વાળામુખી ૧૨,૦૦૦ વર્ષ પછી અચાનક જ ફાટયો હતો. આ વિસ્ફોટથી રાખ અને સલ્ફર ડાયોક્સાઈડના વાદળ ૧૫ કિ.મી.ની ઊંચાઈ સુધી પહોંચી લાલ સાગર પાર કરી યમન તથા ઓમન સુધી ફેલાયા હતા. જોકે, મંગળવારે આખો દિવસ ઈથોપિયાથી ૪૩૦૦ કિ.મી. દૂર ગુજરાતથી રાજસ્થાન, દિલ્હી, ઉત્તર પ્રદેશ સુધી પશ્ચિમ ભારતના આકાશમાં જ્વાળામુખીની રાખનું સામ્રાજ્ય છવાયેલું રહ્યું હતું અને મંગળવારે રાતે ચીન તરફ આગળ વધી ગઈ હતી. જ્વાળામુખીની રાખના કારણે ભારતમાં ૧૯થી વધુ ફ્લાઈટ પર અસર થઈ હતી, પરંતુ રાહતની વાત એ છે કે જ્વાળામુખી ફાટવાથી કોઈ જાનહાની થઈ નથી.

આફ્રિકા ખંડની પૂર્વે આવેલા ઈથોપિયાના અફાર પ્રાંતમાં ફાટેલા હાયલી ગુબ્બી જ્વાળામુખીના રાખના વાદળ આકાશમાં ૧૪ કિલોમીટર એટલે કે ૪૫૦૦૦ ફૂટ ઊંચે ચઢી જતા પૃથ્વીના અપર ટ્રોપોસ્ફીયરમાં જોવા મળ્યા હતા, તેનાથી હવામાન અથવા હવાની ગુણવત્તા પર કોઈ અસર થઈ નથી. આ વાદળ સોમવારે રાતે જ ગુજરાતથી દિલ્હી સુધી ફેલાયા હતા તેમ હવામાન વિભાગના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મોહપાત્રાએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, રાખના વાદળ મંગળવારે રાતે ચીન તરફ આગળ વધતા ભારતને રાહત મળી છે. જોકે, રાખના આ વાદળના કારણે મંગળવારે આખો દિવસ પશ્ચિમ ભારતના આકાશમાં વાતાવરણ ધુંધળુ રહ્યું હતું. ઈથોપિયાથી ૪,૩૦૦ કિ.મી. દૂર રાખના વાદળ ગુજરાત, જોધપુર-જેસલમેરથી ભારતમાં પ્રવેશ્યા હતા.

બોડી બિલ્ડર | પ્રોફેશનલ મહિલા બોડી બિલ્ડર બનવાના સ્વપ્ન સાથે આવે છે અને ફિટનેસ માટે પરસેવો પાડે છે

## ટોક્યોની નવી ઓળખ: મહિલા બોડી બિલ્ડરની કસરતો જોવા મળશે

(એજન્સી) ટોક્યો । તા. 26

જાપાની સંસ્કૃતિ અને તેની નાઈટ લાઈફ હંમેશા તેના અનોખા તત્વો માટે વિશ્વભરમાં જાણીતી છે, પરંતુ હાલમાં ટોક્યોમાં એક એવી અનોખી જગ્યા ચર્ચામાં છે જેણે મહિલાઓ માટેના પરંપરાગત માપદંડોને પડકાર ફેંક્યો છે - તે છે મસલ ગર્લ્સબાર ટોક્યો. આ અનોખું સ્થળ લોકોનું ખૂબ ધ્યાન ખેંચી રહ્યું છે, જ્યાં યુવતીઓ માત્ર ગ્રાહકોને મનોરંજન પૂરું પાડવા નહીં, પરંતુ પ્રોફેશનલ મહિલા બોડી બિલ્ડર બનવાના સ્વપ્ન સાથે આવે છે અને ફિટનેસ માટે પરસેવો પાડે છે.

પાછલા પાંચ વર્ષથી કાર્યરત આ બાર આખી રાત ખુલ્લું રહેતું હોવાથી નાઈટ લાઈફ ફિટનેસ બાર તરીકે ઓળખાય છે. મસલ ગર્લ્સબાર ટોક્યોમાં દરરોજ ૧૦૦ જેટલી યુવતીઓ આવે છે, જેઓ પોતાના જુદા જ અંદાજમાં શારીરિક અને માનસિક તાકાતનું પ્રદર્શન કરતી નજરે ચડે છે. તેમની કરતબમાં માત્ર પુલ અપ કે બેન્ચ પ્રેસ જ નહીં, પરંતુ



હાથના આંગળાની મજબૂતાઈ દર્શાવવા માટે સખ્તાઈથી સંતરાને મસળવા જેવી અનોખી કસરતો પણ સામેલ હોય છે. આ ઉપરાંત પોલ ડાન્સિંગ જેવી કસરતો પણ અહીં કરવામાં આવે છે. મસલ ગર્લ્સબાર ટોક્યોનું સૌથી મહત્ત્વનું યોગદાન જાપાનમાં મહિલાઓ માટે જોવા મળતી પરંપરાગત માન્યતાઓને પડકાર ફેંકવાનું છે. વિકસિત દેશોની વાત કરીએ તો, મહિલાઓમાં સામાન્ય કરતા ઓછું વજનએ જાપાનની મોટી સમસ્યા રહી છે.

### ■ આકર્ષક પ્રદર્શન અને લોકપ્રિયતા

આ મસલ ગર્લ્સબાર ટોક્યો નાઈટ લાઈફ જીવવા ઈચ્છતી અને ફિટનેસ માટે સજાગ રહેતી યુવતીઓ માટે વરદાનરૂપ સાબિત થયું છે. યુવતીઓનાં કરતબ અને અંગ કસરતનું ૮૦ મીનિટનું પરફોર્મન્સ જોવા માટે ગ્રાહકોને ૩,૫૦૦ રૂપિયા જેટલી રકમ ચૂકવવી પડે છે. આ બાર ઈકેબુકેરો સ્ટેશન નજીકની એક ઈમારતના ભોંયરામાં આવેલું છે અને ટોક્યો થીમ આધારિત ખાણી-પીણી અને રેસ્ટોરન્ટ્સ પણ અહીં ઉપલબ્ધ છે. આ બારને લોકપ્રિય બનાવવામાં સોશિયલ મીડિયાનો ખૂબ મોટો ફાળો રહ્યો છે, જેના કારણે ટોક્યોમાં ફરવા આવતી વિદેશી પ્રવાસીઓ પણ ગ્રાહક બનીને આવે છે. જાપાનમાં આ પ્રકારના બારની વધતી લોકપ્રિયતા એ સંકેત આપે છે કે જાપાન ફિટનેસ ટ્રેન્ડમાં ક્રાંતિ આવી રહી છે અને ફેશન તથા ફિટનેસના પરંપરાગત માપદંડોમાં નોંધપાત્ર ફેરફાર થઈ રહ્યો છે. જાપાનમાં બોડી બિલ્ડિંગ પ્રતિયોગિતા ખૂબ જ ઝડપથી લોકપ્રિય થઈ રહી છે, જે આ નવી સામાજિક બદલાવની નિશાની છે.

## અમેરિકન નાગરિકોને નિશાન: CBI નેટવર્કનો મુખ્ય સૂત્રધાર પકડાયો

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ભારતની કેન્દ્રીય તપાસ એજન્સી CBI (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન) દ્વારા તાજેતરમાં લખનઉમાં ગેરકાયદેસર રીતે કાર્યરત કોલ સેન્ટર પર મોટો સપાટો બોલાવવામાં આવ્યો છે. આ ગેરકાયદે કોલ સેન્ટર પર CBIના દરોડા પાડવામાં આવ્યા હતા, જે કથિત રીતે અમેરિકન નાગરિકોને નિશાન બનાવીને તેમની સાથે છેતરપિંડી કરતું હતું. આ કાર્યવાહીના પગલે, ભારતમાં સ્થિત યુએસ એમ્બસીએ બુધવારે સત્તાવાર નિવેદન આપતાં જણાવ્યું કે ભારતીય અને અમેરિકન એજન્સીઓ આંતરરાષ્ટ્રીય નેટવર્કને તોડી પાડવા અને ભવિષ્યમાં આવા કૌભાંડોને રોકવા માટે સાથે મળીને કામ કરી રહી છે.

યુએસ એમ્બસીએ 'એક્સ' પર પોસ્ટ કરીને સીબીઆઈના આ પગલાની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, "ભારતની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા યુએસ નાગરિકોને નિશાન બનાવતા ગેરકાયદેસર કોલ સેન્ટરનો પર્દાફાશ કરવામાં આવ્યો છે અને આ આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઈમ નેટવર્કના મુખ્ય સંચાલકની ધરપકડ કરવામાં આવી છે. સંકલિત ગુપ્ત માહિતી અને નિર્ણાયક કાર્યવાહી દ્વારા, અમારા નાગરિકોને સુરક્ષિત રાખવા માટે આંતરરાષ્ટ્રીય નેટવર્કને તોડી પાડવા અને ભાવિ કૌભાંડોને રોકવા માટે અમારી એજન્સીઓ એકસાથે કામ કરી રહી છે." આ નિવેદન યુએસ એમ્બસીનો સહયોગ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુનાખોરી સામેની લડાઈમાં બંને દેશોની પ્રતિબદ્ધતા દર્શાવે છે. સીબીઆઈએ આ મામલે ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ કેસ નોંધ્યો હતો અને અગાઉ પણ આરોપીઓ સાથે જોડાયેલાં સ્થળો પર મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યા હતા.

## 10 નવેમ્બરના હુમલામાં 15ના મોત, NIAની ૭મી ધરપકડ

# આતંકી ઉમરને શરણ આપનારો યુવક ઝડપાયો

(એજન્સી) નવી દિલ્હી । તા. 26



દેશની રાજધાની દિલ્હીના લાલ કિલ્લા નજીક ૧૦ નવેમ્બરના રોજ થયેલા ભયાનક કાર બોમ્બ બ્લાસ્ટના મામલે NIA (નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી)ને વધુ એક મોટી સફળતા મળી છે. આ આતંકવાદી હુમલાના મુખ્ય સૂત્રધારો પૈકીના એક એવા આત્મઘાતી હુમલાખોર ડૉક્ટર ઉમર-ઉન-નબીને આશ્રય પૂરો પાડનાર એક વધુ શખ્સની ધરપકડ કરવામાં આવી છે. આ ધરપકડ સાથે જ, સમગ્ર દિલ્હી બ્લાસ્ટ કેસમાં ઝડપાયેલા આરોપીઓની કુલ સંખ્યા હવે ૭ થઈ ગઈ છે, જે આ ષડયંત્રના મૂળ સુધી પહોંચવાની NIAની મક્કમતા દર્શાવે છે.

NIAએ ફરીદાબાદના ધૂજ વિસ્તારમાં રહેતા શોએબ નામના આ શખ્સની ધરપકડ કરી છે. આ ભયાનક આતંકી હુમલામાં ૧૫ લોકોએ જીવ ગુમાવ્યો હતો, જ્યારે અન્ય ઘણા નિર્દોષ લોકો ઘાયલ થયા હતા. આ ષડયંત્રના મૂળ સુધી પહોંચવા માટે સુરક્ષા એજન્સી દ્વારા સ્થાનિક પોલીસ સાથે મળીને અનેક રાજ્યોમાં સતત દરોડા પાડવામાં આવી રહ્યા છે અને ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે.

### લોજિસ્ટિક સપોર્ટનો મોટો ખુલાસો

દિલ્હી બ્લાસ્ટ કેસની NIAની તપાસમાં એવો ખુલાસો થયો છે કે ૧૦ નવેમ્બરના રોજ કાર બોમ્બ બ્લાસ્ટ થયો તે પહેલાં ધરપકડ કરાયેલા આરોપી શોએબે આતંકવાદી ઉમરને મહત્ત્વપૂર્ણ લોજિસ્ટિક સપોર્ટ પૂરો પાડ્યો હતો. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, શોએબ અલ-ફલાહ યુનિવર્સિટીમાં વોર્ડ બૉય તરીકે કાર્યરત હતો. આતંકવાદી ઉમર અને મુઝમ્મિલને તે અગાઉથી જ સારી રીતે ઓળખતો હતો, કારણ કે તે મેવાત વિસ્તારમાંથી દર્દીઓને તેમની પાસે સારવાર માટે લઈ જતો હતો.

શોએબે આ સંબંધોનો ઉપયોગ કરીને આતંકવાદી ઉમરને નૂંહમાં તેની સાળીના ઘરે રોકાવવાની સગવડ પૂરી પાડી હતી. આ ઉપરાંત, તેણે ઉમરને અન્ય સ્થળોએ આશ્રય આપવાની સાથે જ હુમલાને અંજામ આપવા માટે જરૂરી અન્ય લોજિસ્ટિક મદદ પણ પૂરી પાડી હતી. આ લોજિસ્ટિક સપોર્ટ દર્શાવે છે કે આ હુમલાના ષડયંત્રમાં સ્થાનિક નેટવર્કની મદદ લેવામાં આવી હતી.

### NIA દ્વારા ધરપકડ કરાયેલા ૭ આરોપીઓ

NIAની ૭મી ધરપકડ સાથે જ, આંતરરાષ્ટ્રીય આતંકવાદી નેટવર્કનું એક મોટું ષડયંત્ર સામે આવ્યું છે. ધરપકડ કરાયેલા તમામ આરોપીઓ પૈકીના કેટલાક ઉચ્ચ શિક્ષિત ડૉક્ટરો છે, જેણે સુરક્ષા એજન્સીઓની ચિંતા વધારી છે. અત્યાર સુધીમાં ઝડપાયેલા આરોપીઓના નામ નીચે મુજબ છે:

આમિર રાશિદ અલી (પુલવામાના પમ્પોરથી)
જાસિર બિલાલ વાની (અનંતનાગથી)
ડૉ. મુઝમ્મિલ શકીલ (પુલવામાથી)
ડૉ. અદીલ અહેમદ (અનંતનાગથી)
ડૉ. શાહીન સઈદ (લખનઉથી)
મુફ્તી ઈરફાન અહેમદ (શોપિયાંથી)
શોએબ (ફરીદાબાદના ધૌજથી)

આ ધરપકડ સાબિત કરે છે કે સુરક્ષા એજન્સીઓ આતંકવાદ અને તેને મદદ કરનારા સ્થાનિક નેટવર્કને જડમૂળથી ઉખાડી ફેંકવા માટે કટિબદ્ધ છે.

### શોએબે આપ્યો હતો આતંકીને આશ્રય

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ધરપકડ કરાયેલો શોએબ અલ-ફલાહ યુનિવર્સિટીમાં વોર્ડ બૉય તરીકે કાર્યરત હતો. તે આતંકવાદીઓ ઉમર અને મુઝમ્મિલને અગાઉથી જ સારી રીતે ઓળખતો હતો, કારણ કે તે મેવાત વિસ્તારમાંથી દર્દીઓને તેમની પાસે સારવાર માટે લઈ જતો હતો. શોએબે આતંકવાદી ઉમરને નૂંહમાં તેની સાળીના ઘરે રોકાવવાની સગવડ પૂરી પાડી હતી. આ ઉપરાંત, તેણે ઉમરને અન્ય સ્થળોએ આશ્રય આપવાની સાથે જરૂરી લોજિસ્ટિક મદદ પણ પૂરી પાડી હતી.

## કંગના રનૌત ઘૂસણખોરો પર: 'કેન્સરની જેમ ઘૂસણખોરોને હટાવવા છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ભારતીય જનતા પાર્ટીના સાંસદ કંગના રનૌત ઘૂસણખોરો પર કરેલા આકરા નિવેદનથી ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. તેમણે બુધવારે જણાવ્યું હતું કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ને લઈને વિપક્ષ દ્વારા આપવામાં આવી રહેલી 'ધમકીઓ' કામ નહીં કરે, કારણ કે લોકોએ સમગ્ર દેશમાંથી ઘૂસણખોરોને હટાવવાનો નિર્ણય કરી લીધો છે.

મંડી લોકસભા સાંસદ કંગના રનૌતની આ ટિપ્પણી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના 'મારી સાથે રમવાનો પ્રયાસ કરશો નહીં'ના નિવેદનના જવાબમાં આવી છે. તૃણમૂલ કોંગ્રેસ (TMC) સુપ્રીમો SIR મુદ્દે ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને ભારતના ચૂંટણી પંચ પર સતત પ્રહાર કરી રહ્યા છે.

ANI સાથે વાત કરતાં કંગના રનૌતે કહ્યું, "આવા ધમકીઓથી દેશ ડરવાનો નથી, અને આખો દેશ આ ઘૂસણખોરોથી સફાઈ ઈચ્છે છે. જેમ શરીરમાં કેન્સર થાય છે, તેમ આખો દેશ ઘૂસણખોરોને હટાવવા માંગે છે."

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મંગળવારે ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની આકરી ટીકા કરી હતી, અને આરોપ લગાવ્યો હતો કે રાજ્યમાં ચૂંટણીઓ શરૂ થવાની બાકી છે તેમ છતાં 'સંઘર્ષ' શરૂ થઈ ગયો છે.


# News Brief

## યુપીમાં BLOના લગ્નના એક દિવસ પહેલા એકાઉન્ટન્ટે આત્મહત્યા કરી



ફતેહપુર | દેશભરમાં 'SIR'ની પ્રક્રિયા આગળ વધી રહી છે, ત્યારે ફરજ પર તૈનાત BLO પરના અતિશય કામના દબાણના કારણે આત્મહત્યાના કિસ્સા પણ વધતા જઈ રહ્યા છે. ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લાની બિંદકી તાલુકામાં તૈનાત એકાઉન્ટન્ટ સુધીર કુમારનો આવો જ એક હૃદયદ્રાવક કિસ્સો સામે આવ્યો છે, જેમણે પોતાના લગ્નના એક દિવસ પહેલા આત્મહત્યા કરીને જીવ ટૂંકાવી લીધો છે. બિંદકી કોતવાલીના બાગબાદશાહી ખજુહાના રહેવાસી એકાઉન્ટન્ટ સુધીર કુમારના બુધવારના રોજ લગ્ન થવાના હતા. આ દુ:ખદ ઘટના બાદ એકાઉન્ટન્ટના પરિજનો અને સંઘના સભ્યોએ રેવન્યુ અધિકારીઓ પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમનો આક્ષેપ છે કે સુધીર કુમારને 'SIR' ના કામના કારણે રજા આપવામાં આવી ન હતી અને કામના ભારે દબાણથી તે છેલ્લા કેટલાક દિવસોથી તણાવમાં હતા, જેના કારણે તેમણે આ આત્યંતિક પગલું ભર્યું.

## પૂર્વ લોકસભા અધ્યક્ષ રબી રેની જન્મ જયંતી: ઓમ બિરલાએ શ્રદ્ધાંજલિ અર્પી



નવી દિલ્હી | લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ બુધવારે પૂર્વ લોકસભા અધ્યક્ષ રબી રેની જન્મ જયંતી નિમિત્તે સંવિધાન સદન ખાતે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. એક અખબારી યાદી મુજબ, આ પ્રસંગે કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુ, રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ અને અન્ય સાંસદોએ પણ રબી રેને શ્રદ્ધાંજલિ આપી હતી. લોકસભાના મહાસચિવ ઉત્પલ કુમાર સિંહ અને રાજ્યસભાના મહાસચિવ પીસી મોદીએ પણ રબી રેને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રબી રેનો જન્મ ૧૯૨૬માં ઓડિશાના પુરી જિલ્લાના ભનારાગઢ ગામમાં થયો હતો. તેઓ ૧૯૬૭માં પ્રથમ વખત લોકસભા માટે ચૂંટાયા હતા. તેમણે કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી તરીકે પણ સેવા આપી હતી. રબી રેએ નવમી લોકસભાના અધ્યક્ષ તરીકે ૧૯ ડિસેમ્બર, ૧૯૮૯ થી ૯ જુલાઈ, ૧૯૯૧ સુધી પદ સંભાળ્યું હતું.

## 26/11 મુંબઈ હુમલાની વરસી: દેવેન્દ્ર ફડણવીસે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી



મુંબઈ | ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના ભીષણ આતંકવાદી હુમલાની ૧૭મી વરસી હતી. આ દુ:ખદ અવસરે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સહિત અનેક મહાનુભાવોએ મુંબઈમાં શહીદોના સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપી હતી. સીએમ દેવેન્દ્ર ફડણવીસ શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા ત્યારે તેમની સાથે રાજ્યના મંત્રીઓ આશિષ શેલાર અને મંગલ પ્રભાત લોઢા પણ હાજર રહ્યા હતા. ૨૦૦૮ના આ હુમલાના પીડિતોને સમર્પિત સ્મારક પર શ્રદ્ધાંજલિ આપનારાઓમાં મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક રશ્મિ શુક્લા અને મુંબઈ પોલીસ કમિશનર દેવેન ભારતીનો પણ સમાવેશ થાય છે. આ પ્રસંગે રાજકીય પક્ષોના નેતાઓએ પણ શહીદોને યાદ કર્યા હતા અને આતંકવાદના તમામ સ્વરૂપોની સખત નિંદા કરી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 'એક્સ' પર શહીદોને નમન કરતાં લખ્યું, "૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હુમલાની વરસી પર, હું દેશના લોકોની રક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપનારા બહાદુર સૈનિકોને નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

### ઈરોડ અને મદુરાઈના નીચાણવાળા વિસ્તારો પણ ડૂબ્યા

## તમિલનાડુમાં ભારે વરસાદ: તુતુકુડીમાં જળબંબાકાર, જનજીવન અસ્તવ્યસ્ત

(એજન્સી) તુતુકુડી, તમિલનાડુ । તા. 26

બુધવારે તમિલનાડુમાં ભારે વરસાદને કારણે તુતુકુડી જિલ્લામાં જળબંબાકારની ગંભીર સમસ્યા સર્જાઈ છે. જિલ્લાના અનેક વિસ્તારો, હાઉસિંગ કોલોનીઓ અને ગીચ શેરીઓ પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. વરસાદી પાણી રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જવાથી સામાન્ય હિલચાલ ખોરવાઈ ગઈ છે અને જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભરાયેલા પાણીના કારણે ઓફિસ જનારાઓ, શાળાના બાળકો અને વરિષ્ઠ નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મુસાફરોએ પાણી ભરાયેલા રસ્તાઓ પર વાહન ચલાવવામાં મુશ્કેલી થતી હોવાનું જણાવ્યું છે, જ્યારે નીચાણવાળા વિસ્તારોના રહેવાસીઓએ પાણીના સ્તરમાં વધારો થવા બદલ ચિંતા વ્યક્ત કરી છે. કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણી ગટરના પાણી સાથે ભળી જવાથી ઘરોમાં ઘૂસી ગયા હોવાના અહેવાલો છે. ઈરોડ અને મદુરાઈ જિલ્લાના કેટલાક ભાગોમાં પણ સતત વરસાદને કારણે પાણી ભરાયા છે. પાણી ભરાયાના અહેવાલો મળતા જ મ્યુનિસિપલ અધિકારીઓએ અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનનું આકલન શરૂ કરી દીધું છે. વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, પાણીના ઝડપી નિકાલને સુનિશ્ચિત કરવા માટે બંધ ગટરોની ઓળખ કરવા અને પાણીના માર્ગોને સાફ કરવા માટે ટીમો તૈનાત કરવામાં આવી છે.

### સીબીઆઈએ એક મોટા લાંચ રેકેટનો પર્દાફાશ કર્યો

## જયપુરમાં CBIની મોટી કાર્યવાહી, ITAT જજ અને વકીલની લાંચના આરોપમાં ધરપકડ કરાઇ

(એજન્સી) જયપુર । તા. 26




સીબીઆઈએ જયપુરમાં આવકવેરા અપીલ ટ્રિબ્યુનલ (ITAT) સાથે જોડાયેલા એક મોટા લાંચ રેકેટનો પર્દાફાશ કર્યો છે. એજન્સીએ ભ્રષ્ટાચારના આરોપોમાં એક વકીલ, આવકવેરા અપીલ ટ્રિબ્યુનલના ન્યાયાધીશ, એક સહાયક રજિસ્ટ્રાર અને અન્ય ઘણા લોકો સામે કેસ દાખલ કર્યો છે. હાલમાં તપાસ ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સીબીઆઈએ 25 નવેમ્બરના રોજ કેસ નોંધ્યો હતો. તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું હતું કે આ ગેંગ અપીલોનો અનુકૂળ રીતે નિકાલ કરવા માટે લાંચ લઈ રહી હતી.

25 નવેમ્બરના રોજ, સીબીઆઈ ટીમે જયપુરના આવકવેરા અપીલ ટ્રિબ્યુનલ સાથે સંકળાયેલા એક વકીલની રંગેહાથ ધરપકડ કરી હતી. તેમની પાસેથી 5.5 લાખની લાંચની રકમ મળી આવી હતી, જે હવાલા નેટવર્ક દ્વારા પહોંચાડવામાં આવી હતી.

આ પછી, 26 નવેમ્બરના રોજ, આવકવેરા અપીલ ટ્રિબ્યુનલના ન્યાયિક સભ્ય (ન્યાયાધીશ)ની પણ ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈએ તેની કારમાંથી 30 લાખ રોકડા જપ્ત કર્યા હતા. લાંચ આપનાર અપીલકર્તાને પણ તે જ દિવસે કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા.

## બિહાર ચૂંટણીમાં કોંગ્રેસની હાર: 'આવા પરિણામની કોઈને અપેક્ષા નહોતી'

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

તાજેતરમાં સમાપ્ત થયેલી બિહાર ચૂંટણીમાં કોંગ્રેસની હાર બાદ પક્ષમાં આંતરિક સમીક્ષાનો દોર શરૂ થયો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અખિલેશ પ્રસાદ સિંહએ બુધવારે જણાવ્યું હતું કે પક્ષ બિહારમાં તેના નબળા પ્રદર્શનની સમીક્ષા કરશે અને સ્વીકાર્યું હતું કે આવા પરિણામની કોઈને અપેક્ષા નહોતી. કોંગ્રેસે આ ચૂંટણીમાં લગભગ ૬૧ બેઠકો પર ચૂંટણી લડી હતી, પરંતુ તેમાંથી માત્ર ૬ બેઠકો જ જીતી શકી હતી, જે પક્ષ માટે મોટો આંચકો છે. અખિલેશ પ્રસાદ સિંહએ ANI સાથે વાત કરતાં કહ્યું, "લોકો ગુસ્સે છે. આવા પરિણામની કોઈએ અપેક્ષા નહોતી કે પૂર્વાનુમાન કર્યું નહોતું. હવે, જ્યારે સમીક્ષા થઈ રહી છે, ત્યારે દરેક બાબત પર પોઈન્ટ-બાય-પોઈન્ટ ચર્ચા કરવામાં આવશે. ક્યાં કમી રહી અને કયા સુધારાત્મક પગલાં લેવાની જરૂર છે તે અમે નક્કી કરીશું.

### ડૉ. બાબાસાહેબ આંબેડકરને સલામ: આંધ્રના જગન મોહન રેડ્ડીએ શ્રદ્ધાંજલિ આપી

## પ્રિયંકા ગાંધી બંધારણ દિવસ: 'ગરીબ, વંચિત, પછાત, આદિવાસીનું સુરક્ષા કવચ'



નવી દિલ્હી | દેશ આજે બંધારણ દિવસની ઉજવણી કરી રહ્યો છે. આ અવસરે કોંગ્રેસના નેતા અને લોકસભા સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી, જ્યારે ભારપૂર્વક જણાવ્યું હતું કે બંધારણ એ દેશના દરેક વંચિત અને પછાત વ્યક્તિ માટે એક "સુરક્ષા કવચ" છે. પ્રિયંકા ગાંધીએ 'એક્સ' પર પોસ્ટ કરીને પ્રિયંકા ગાંધી બંધારણ દિવસ પર પોતાના વિચારો રજૂ કર્યા હતા અને કહ્યું હતું કે, "આપણું બંધારણ દેશના દરેક નાગરિકને સ્વતંત્રતા, સમાનતા અને ન્યાયની ખાતરી આપે છે અને ગૌરવપૂર્ણ જીવનનું વચન આપે છે. તે ગરીબ, વંચિત, દલિત, પછાત વર્ગ અને આદિવાસી સમુદાયો સહિત દરેક ભારતીય માટે એક સુરક્ષા કવચ છે, જે તેમના તમામ અધિકારોનું રક્ષણ કરે છે." તેમણે વધુમાં કહ્યું, "ચાલો આપણે દરેક સંજોગોમાં આપણા બંધારણનું રક્ષણ કરવાનો સંકલ્પ કરીએ. તમામ દેશવાસીઓને બંધારણ દિવસની હાર્દિક શુભેચ્છાઓ. જય હિંદ! જય બંધારણ!"

## માનવ-હાથી સંઘર્ષ નિવારણ: અંધારામાં હાથીઓની ઓળખ સરળ બની

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

જૈવવિવિધતા સંરક્ષણ માટે અગ્રણી સંસ્થા 'આરયક' દ્વારા યુકે સ્થિત ડેવિડ શેફર્ડ વાઈલ્ડલાઈફ ફાઉન્ડેશનના સહયોગથી "Rhino Goes to School" કાર્યક્રમની બે આવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ યુવા વિદ્યાર્થીઓમાં વન્યજીવ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના કેળવવાનો છે. કાઝીરંગા નેશનલ પાર્ક અને ટાઈગર રિઝર્વ ઓથોરિટીના સહયોગથી દુખુતિમુખ હાયર સેકન્ડરી સ્કૂલ અને અમગુરી એમઈ સ્કૂલમાં આ કાર્યક્રમો યોજાયા હતા. દુખુતિમુખ હાયર સેકન્ડરી સ્કૂલમાં, આરયકની ગેંડા સંશોધન અને સંરક્ષણ વિભાગના વરિષ્ઠ મેનેજર આરિફ હુસૈને ગ્રેટર વન-હોર્ન્ડ ગેંડા અને સ્થાનિક જૈવવિવિધતાના સંરક્ષણ પર એક માહિતીપ્રદ સત્રનું નેતૃત્વ કર્યું હતું. સંસાધન વ્યક્તિ તરીકે, હુસૈને વન્યજીવ સંરક્ષણ પદ્ધતિઓ વિશે મૂલ્યવાન સમજ આપી.

### રાજસ્થાનમાં ઈલેક્ટ્રિક બાઈક્સ બળીને ખાક: આસપાસના એકમોમાં આગ ફેલાતી અટકાવાઈ

## કોટા EV શોરૂમમાં આગ: 50થી વધુ ઈલેક્ટ્રિક બાઈક્સ બળીને ખાક

(એજન્સી) કોટા, રાજસ્થાન । તા. 26



રાજસ્થાનના કોટા શહેરમાં બુધવારે સવારે ઈલેક્ટ્રિક વાહનોના એક શોરૂમમાં ભીષણ આગ ફાટી નીકળતાં ૫૦થી વધુ ઈલેક્ટ્રિક વાહનો બળીને રાખ થઈ ગયા હતા. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કોટા EV શોરૂમમાં આગ લાગવાની ઘટનામાં લાખો રૂપિયાનું નુકસાન થયું છે અને આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું પ્રાથમિક રીતે માનવામાં આવે છે.

આગની ઘટનાની જાણ થતાં જ કોટા ફાયર વિભાગની ચાર ફાયર એન્જિનો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોએ એક કલાકથી વધુ સમય સુધી જહેમત ઉઠાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય આગને બાજુની ઈમારતો અને પડોશી સંસ્થાઓમાં ફેલાતી અટકાવવાનો હતો, જેમાં તેઓ સફળ રહ્યા હતા.

ઘટનાસ્થળના વિઝ્યુઅલ્સમાં ફાયર કર્મચારીઓ વધતી જ્વાળાઓ સામે લડતા જોવા મળ્યા હતા, જ્યારે ત્યાં હાજર લોકોએ પણ અડધી બળી ગયેલી ઈલેક્ટ્રિક બાઈકો અને સ્કૂટરોને શોરૂમમાંથી બહાર કાઢવામાં મદદ કરી હતી જેથી વધુ નુકસાન અટકાવી શકાય. જોકે, આ પ્રયાસો છતાં, ૫૦થી વધુ EV ટુ-વ્હીલર્સ સંપૂર્ણપણે બળીને ખાક થઈ ગયા હતા. રાજસ્થાનમાં ઈલેક્ટ્રિક બાઈક્સ બળીને ખાક થવાની આ ઘટના EV ક્ષેત્ર માટે મોટો ફટકો છે.

સત્તાવાળાઓએ પુષ્ટિ કરી છે કે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી.

પોલીસે આ અંગે કેસ નોંધીને આગ લાગવાના ચોક્કસ કારણની તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ દ્વારા શોર્ટ સર્કિટથી આગ લાગવાની આશંકા સહિતના તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે, અને તપાસ આગળ વધતા વધુ વિગતો બહાર આવવાની અપેક્ષા છે.

### કલબુર્ગી કાર અકસ્માત | મહંતશ બિલાગીનું સ્થળ પર જ મોત: બેલગાવીના રામદુર્ગના રહેવાસી

## IAS અધિકારી સહિત 3 ભાઈઓ કાળનો ભોગ બન્યા

(એજન્સી) કલબુર્ગી, કર્ણાટક । તા. 26





કર્ણાટક રાજ્ય માટે એક દુ:ખદ ઘટના સામે આવી છે, જ્યાં કલબુર્ગી જિલ્લામાં થયેલા એક ભયંકર માર્ગ અકસ્માતમાં ૨૦૧૨ની બેચના ૫૧ વર્ષીય IAS અધિકારી મહંતશ બિલાગી સહિત તેમના બે ભાઈઓના કરુણ મોત નિપજ્યા છે. મહંતશ બિલાગી કર્ણાટક રાજ્ય ખનિજ નિગમના મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે ફરજ બજાવતા હતા.

પ્રાથમિક માહિતી મુજબ, આ ગમખ્વાર કલબુર્ગી કાર અકસ્માત મંગળવારે (૨૫ નવેમ્બર) જેવાર્ગી તાલુકાના ગૌનાલ્લી ક્રોસ પાસે થયો હતો. મહંતશ બિલાગી તેમના ૫૫ વર્ષીય ભાઈ શંકર બિલાગી અને ૫૩ વર્ષીય ભાઈ ઈરન્ના બિલાગી સાથે વિજયપુરાથી કલબુર્ગી તરફ ઈનોવા કારમાં જઈ રહ્યા હતા. જેવાર્ગી બાઈપાસ પાસે અચાનક તેમની કાર પલટી ગઈ હતી.

આ અકસ્માતમાં શંકર બિલાગી અને ઈરન્ના બિલાગીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. ગંભીર રીતે ઘાયલ થયેલા IAS અધિકારી મહંતશ બિલાગીને તાત્કાલિક સારવાર અર્થે એક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તેમનો જીવ બચાવી શકાયો ન હતો. સદનસીબે, કાર ચાલકને માત્ર સામાન્ય ઈજાઓ જ થઈ છે.

### મહંતશ બિલાગીનો વહીવટી કાર્યકાળ

બેલગાવી જિલ્લાના રામદુર્ગના મૂળ રહેવાસી મહંતશ બિલાગી રાજ્યના વહીવટી તંત્રમાં એક મહત્ત્વપૂર્ણ અધિકારી હતા. તેમણે અગાઉ ઉડુપી, દાવણગેરે અને ચિત્રદુર્ગ જેવા જિલ્લાઓમાં વિવિધ મહત્ત્વના પદો પર સેવા આપી હતી. કર્ણાટક રાજ્ય ખનીજ નિગમના એમડીનું પદ સંભાળતા પહેલાં, તેઓ બેસ્કોમ (BESCOM) ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે પણ ફરજ બજાવી ચૂક્યા હતા.

**ઈ-ઓક્શન નોટિસ**

**ચિરીપાલ પોલી ફિલ્મ્સ લિમિટેડ, પ્લોટ નં. 6,12,13,14, વ્રજ ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ પાર્ક, એન.એચ. નં. 8, અમદાવાદ-બરોડા હાઈવે, ગામ બિડાજ, તા. અને જિ. ખેડા-387120**ની માલિકીની ક્ષતિગ્રસ્ત **"આકસ્મિક નુકસાન પામેલી કોટેડ ફિલ્મ (18 રોલ્સ) આશરે 6514.13 કિગ્રા"** માલ માટે રસ ધરાવતા ખરીદદારો પાસેથી **"જેમ છે તેમ છે જ્યાં છે"** ના ધોરણે નિકાલ માટે ઈ-ઓક્શન ફોર્મ મંગાવવામાં આવે છે.

**નિરીક્ષણ અને EMD ડિપોઝિટ માટેની છેલ્લી તારીખ - 29/11/2025**
**ઈ-હરાજી 01/12/2025ના રોજ યોજાશે**
ઈ-ઓક્શન ફોર્મ માટે,
**શ્રી મનીષ કુમારનો સંપર્ક કરો**
**મોબાઈલ: +91-8527191308**
**બિડટુવિન પ્રાઈવેટ લિમિટેડ (હરાજી કરનાર)**
**વધુ વિગતો માટે: www.bid2win.in**

## ઈસ્કોન-આંબલી અને આંબાવાડીના બે સ્પામાં દરોડા

અમદાવાદ : અમદાવાદ પોલીસે સ્પાની આડમાં ચાલતા દેહવ્યાપારના ગોરખધંધા પર રેડ પાડી છે. પોલીસે ઈસ્કોન-આંબલી રોડ પર આવેલા ધી ઝીરો સ્પામાં અને આંબાવાડી વિસ્તારમાં લેમન આયુર્વેદિક સ્પામાં બાતમીને આધારે રેડ કરી હતી. પોલીસે ધી ઝીરો સ્પામાંથી સંચાલિકા મહિલા અને મેજેનરની ધરપકડ કરી છે. તો લેમન આયુર્વેદિક સ્પાનો સંચાલક રેડ પહેલાં જ ફરાર થઈ જતાં તેની શોધવા તપાસ હાથ ધરી છે. . આ ઉપરાંત તપાસ દરમિયાન અન્ય રૂમોમાંથી ત્રણ મહિલાઓ મળી આવી હતી.


સિટી એક્સપ્રેસ

THURSDAY 27 NOVEMBER-2025

AHMEDABAD


## ખોખરામાંથી ૧૦ લાખના ૨૦ કિલો ગાંજા સાથે બે પકડાયા

અમદાવાદ : પૂર્વ વિસ્તારમાં યુવાધનને નશાના રવાડે ચઢાવવા માટે નશીલા પદાર્થોની હેરાફેરી વધી રહી છે.મેઘાણીનગરમાંથી પ્રેમી પંખીડા અને ખોખરામાં બે યુવકો સહિત ચાર લોકોને પોલીસે રૂા. ૧૦ લાખના ૨૦.૧૭૧ કિલો ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડયા હતા. જેમાં મેઘાણીનગરમાં યુવક અને મહિલાને પોલીસે રૂા. ૫.૧૨ લાખના ૧૦.૨૫૦ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે તથા ખોખરામાં ચાદર નીચે સંતાડીને લઈ જતા બે આરોપીને પોલીસે રૂા. ૪.૯૬ લાખના ૯.૯૨૧ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે દબોચી લીધા હતા.



### નિવૃત્ત નાયબ સચિવના મહાઠગ પુત્રની ધરપકડ : ગુજરાત ટુરિઝમ અને સુરત મનપાના ટેન્ડરોની લાલચ આપી

# વેપારીઓને 41 કરોડથી વધુનો ચૂનો લગાવ્યો




ગાંધીનગર | ગાંધીનગર ઈન્ફોસિટી વિસ્તારમાં ઓફિસ ધરાવતા ઠગ દંપતીએ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના 'નકલી ટેન્ડર'ના દસ્તાવેજો બનાવી શહેરના વેપારીઓ પાસે રોકાણ કરાવી મોટાપાયે છેતરપિંડી આચર્યાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. અત્યાર સુધીમાં નિવૃત નાયબ સચિવના પુત્રએ વેપારીઓને ગુજરાત ટુરિઝમ અને સુરત મહાનગર પાલિકાના વિવિધ ટેન્ડરો લાગ્યા હોવાનો કારસો રચી કરોડોનું કરી નાખવામાં આવ્યું છે. આ મહાઠગ દંપતીએ ગુજરાત વોડાફોનના પૂર્વ હેડને પણ લોભામણી સ્કીમો આપીને 72.91 લાખથી વધુની ઠગાઈ આચરવામાં આવી હતી. ત્યારે આ ઠગાઈ પ્રકરણમાં નિવૃત નાયબ સચિવના મહાઠગ પુત્ર નિરવ દવેની ઈન્ફોસિટી પોલીસે આજે સવારે ધરપકડ કરી વધુ પૂછતાછ માટે કવાયત શરૂ કરી છે.

### વર્ષો જૂના મિત્રને ઠગાઈની જાળમાં ફસાવી દીધો

ગાંધીનગરના સેક્ટર-6બીમાં રહેતા અને ગુજરાત રાજ્ય ખાતે વોડાફોન-આઈડિયાના પૂર્વ હેડ રહી ચૂકેલા મુનીર રજાકભાઈ પઢીયાર અને નિરવ દવે વર્ષ 1994માં ધોરણ-12ના ટ્યુશન ક્લાસ સમયથી મિત્ર હોવાથી પારિવારિક સંબંધો પણ હતા.

જ્યારે મુનીરભાઈ વોડાફોન-આઈડિયાના હેડ હતા ત્યારે નિરવ દવે એરટેલ ટેલિકોમ કંપનીનો ડિસ્ટ્રીબ્યુટર હતો. જેથી તેમનો વ્યવહાર વધુ ગાઢ બન્યો હતો. નિરવ દવેએ ગાંધીનગરના ઈન્ફોસિટી અને કુડાસણ (શ્રીધર ઓરમ) ખાતે 'ઓમ એન્ટરપ્રાઈઝ' નામની બે ઓફિસો ચાલુ કરી હતી, જ્યાં નિરવ અને તેની પત્ની મીરા બંને બેસતા હતા.

### 'આ બાકી રકમનું પાસ થયેલા ટેન્ડરોમાં રોકાણ કરાશે'

મુનીર પઢીયાર અને નિરવ દવે વચ્ચે વર્ષ 2015થી નાણાંકીય વ્યવહારો ચાલુ હતા. મે-2024માં નિરવ અને મીરા દવેએ મુનીરભાઈને કુડાસણની ઓફિસે બોલાવીને જણાવ્યું હતું કે, તેમની કંપનીને સરકારના અલગ-અલગ મોટા ટેન્ડરો પાસ થયા છે અને તેમાં રોકાણની જરૂર છે. તે સમયે 2015થી મે-2024 સુધીના બેંક એકાઉન્ટના વ્યવહારોનો હિસાબ કરતાં નિરવ દવે અને મીરા દવેએ મુનીર પઢીયારને રૂ. 72.91 લાખ આપવાના નીકળતા હતા. ત્યારે ઠગ દંપતીએ મુનીરભાઈને જણાવ્યું હતું કે ,તેઓ આ બાકી રકમને જ પાસ થયેલા ટેન્ડરોમાં રોકાણ કરશે અને ડિસેમ્બર-2024માં સારા વળતર સાથે પૈસા પરત આપી દેશે. આથી બાળપણની મિત્રતા અને જૂના સંબંધોના વિશ્વાસ પર મુનીર પઢીયારે આ રકમ રોકાણ માટે સંમતિ આપી હતી. જોકે ડિસેમ્બર-2024 બાદ જ્યારે મુનીર પઢીયારે પોતાના પૈસા અને વળતરની માંગણી કરી.

### વડનગર સહિતના પ્રવાસન સ્થળોના નામે 22 કરોડનું ફૂલેકુ ફેરવ્યું

ગાંધીનગર ઈન્ફોસિટી વિસ્તારમાં આફિસ ધરાવતા ઠગ દંપતી નીરવ દવે અને મીરા દવેએ વડનગર, પાટણ, દ્વારકા, સુરત અને અમરેલીમાં ગુજરાત ટૂરિઝમ અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના નામે સરકારી ટેન્ડર બતાવી 22 કરોડથી વધુનું ફુલેકું ફેરવ્યાની ફરિયાદ નોંધાઈ હતી, જોકે ઈન્ફોસિટી પોલીસની ઘનિષ્ઠ તપાસમાં આરોપી નીરવ દવે નિવૃત્ત ડેપ્યુટી સચિવ મહેન્દ્ર દવેનો પુત્ર હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

આરોપી નીરવ દવે એરટેલ કંપનીની ગાંધીનગર બ્રાન્ચનો હેડ અને પૂર્વ ડેપ્યુટી સચિવનો પુત્ર હોવાની ઓળખ આપી વેપારીઓનો વિશ્વાસ જીતતો હતો. આમ, આરોપી ઠગ દંપતીએ અન્ય 10 લોકો સાથે પણ ઠગાઈ આચરતાં પોલીસ ચોપડે છેતરપિંડીનો આંકડો 41 કરોડને પાર કરી ચૂક્યો છે. જોકે આ દંપતીની ઠગાઈનો આંકડો કરોડો હોવાનું સામે આવતા જિલ્લા પોલીસવડા રવિ તેજા વાસમ શેટ્ટીની સુચનાથી ઈન્ફોસિટી પીઆઈ વી. આર. ખેરે તપાસનો દોર શરૂ કર્યો હતો. જેના પગલે પોલીસ ધરપકડથી બચવા માટે આગોતરા જામીન અરજીઓ પણ કોર્ટમાં મૂકી હતી.

## ન્યુઝ બ્રિફ

### અમદાવાદમાં સવારે-રાત્રે ઠંડી અને બપોરે ગરમીનો અનુભવ, આગામી દિવસોમાં ઠંડીનું જોર વધશે

અમદાવાદ ;હવામાન વિભાગ દ્વારા જણાવેલ આગાહી મુજબ, ન્યૂનતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો જોવા મળ્યો છે. ગઈકાલે રાજ્યના મોટાભાગના શહેરોમાં રાત્રિના અને વહેલી સવારના તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, એટલે કે ઠંડીમાં વધારો થયો છે. સૌથી ઓછું ન્યૂનતમ તાપમાન નલિયા ખાતે 12 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. ત્યારબાદ રાજકોટ જ્યાં ન્યૂનતમ તાપમાન 15 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં 18.3 ડિગ્રી સેલ્સિયસ અને પોરબંદરમાં 16.4 ડિગ્રી સેલ્સિયસ અને વડોદરા 19.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સમગ્ર ગુજરાતમાં સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું અને ન્યૂનતમ તાપમાન પણ સામાન્ય કરતાં નીચું રહેતા, રાજ્યમાં ઠંડકનો અનુભવ વધી રહ્યો છે. જ્યારે સૌથી ઓછું ઠંડુ ઓખા જ્યાં 22 અને સુરત ન્યૂનતમ તાપમાન 20.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં ન્યૂનતમ તાપમાન 18.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું અને મહત્તમ તાપમાન 30.6 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

### પતિ અને સાસરિયાઓ ત્રાસ આપતા ધાબેથી કૂદી આપઘાત કર્યાનો પિતાનો આક્ષેપ

અમદાવાદ |ચાંદખેડામાં આવેલા ફલેટમાંથી યુવતીના ત્રીજા માળેથી કૂદીને આપઘાત કર્યો હતો. જે મામલે યુવતીના પિતાએ પતિ, દિયર અને સાસુ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ત્રણેય મળીને યુવતીને ત્રાસ આપતા હતા. જેના પગલે યુવતીએ આપઘાત કર્યો હોવાનો આક્ષેપ છે. ચાંદખેડા પોલીસે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ચાંદખેડામાં રહેતા કૌટિલ્ય ભાઈ શ્રીમાળી તાલુકા હેલ્થ સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. તેમની 25 વર્ષની દીકરી મૈત્રીએ વર્ષ 2020માં ચાંદખેડામાં જ રહેતા ટીપેન્દ્ર પિયજા નામના યુવક સાથે 2020 તેમની મરજી વિરુદ્ધ કોર્ટ મેરેજ કરી દીધા હતા. મૈત્રી સાસરીમાં રહેતી હતી ત્યારે સાસુ હિરલ અને પતિ ટીપેન્દ્ર સાથે દિયર જૈમીન શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. જેથી કંટાળીને મૈત્રીએ લગ્નના 10 મહિનામાં જ છુટાછેડા લીધા હતા. છૂટાછેડા લઈને મૈત્રી તેના પિતાના ઘરે રહેતી હતી.

### લગ્નના દોઢ વર્ષમાં જ પતિએ પત્નીને ઘરમાંથી કાઢી મુકી...

# ગેસ્ટહાઉસ બનાવવા 15 લાખ દહેજ માગ્યું, યુવતીએ આપવાની ના પાડતા તરછોડી મુકી



ગાંધીનગર | ગાંધીનગરના માણસાની રહેવાસી અને BSC, MSC સુધીનો ઉચ્ચ અભ્યાસ કરનારી પત્નીને લગ્નજીવનના દોઢ વર્ષમાં જ પતિએ પોતાનો રંગ બતાવ્યો. ગેસ્ટહાઉસ ખોલવાના સપના પુરા કરવા 15 લાખ દહેજની માંગણી કરી શારીરિક અને માનસિક ત્રાસ આપી તરછોડી દીધી. જે મામલે પરિણીતાએ માણસા પોલીસ મથકના ચોપડે પતિ સહિત પાંચ સાસરિયા વિરુદ્ધ ગુનો નોંધાવ્યો છે.

માણસા ખાતે હાલમાં પિયરમાં રહેતી 25 વર્ષીય યુવતીના લગ્ન ઓક્ટોબર 2023ના રોજ બહુચરાજી રાવળ વાસમાં રહેતા યુવક સાથે સમાજના રિત રિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ પરિણીતા તેના પતિ સંજય, સસરા, સાસુ અને બે નણંદો સાથે સંયુક્ત પરિવારમાં રહેતી હતી.

આ લગ્નજીવન માંડ એક મહિનો ચાલ્યો ત્યાં જ પતિ પોત પ્રકાશી સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, મારે બહુચરાજીમાં ગેસ્ટહાઉસ બનાવવું છે, જેથી તું તારા માતા-પિતા પાસેથી મને પંદર લાખ રૂપિયા લાવી આપ. આમેય તારા માતા-પિતાએ તને કરિયાવરમાં કંઈ આપ્યું નથી. જો કે પરણિતાએ પોતાના પિતાની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે પૈસા લાવવાની ના પાડી ત્યારે પતિએ આ વાતનું મનદુઃખ રાખી ઝઘડા કરવાનું અને ગાળો બોલી મારઝૂડ કરવાનું શરૂ કર્યું હતું. આ બાબતે જ્યારે સાસુ, સસરા અને બંને નણંદોને ફરિયાદ કરી ત્યારે સાસરિયાંઓએ પતિનો પક્ષ લઈ તેણીને જેમ ફાવે તેમ બોલીને ઝઘડો કરવા લાગ્યા હતા.

### પત્નીને ઘરમાંથી કાઢી મુક્યા બાદ પણ પતિ હેરાન કરતો

ચોથી ઓક્ટોબરની રાત્રે 11 વાગ્યે પતિ, સાસુ-સસરા અને નણંદોએ ભેગા મળીને ફરીથી પંદર લાખ રૂપિયા બાબતે ઝઘડો કરી "તું તારા બાપાના ઘરેથી જ્યાં સુધી પૈસા નહીં લાવે ત્યાં સુધી ઘરમાં રાખવાની નથી" તેમ કહી પરિણીતાને ઘરમાંથી કાઢી મૂકી હતી. જેથી પરણિતા પિયર રહેવા આવી ગઈ હતી. ઘરમાંથી કાઢી મૂક્યા બાદ પણ પતિએ તેણીનો પીછો છોડ્યો નહીં. ગઈ તા. 21 ઓગસ્ટે તે લોદરા ગામ ખાતે દવા લેવા ગઈ ત્યારે પણ ત્યાં જઈને પતિએ જાહેરમાં 15 લાખની માંગણી કરી ગાળો બોલતાં હોબાળો થયો હતો. આ બાબતે પિયર પક્ષના પરિવારે સમાધાનના પ્રયત્નો કર્યા હોવા છતાં સાસરિયાઓ સહમત થયા ન્હોતા. આખરે માણસા પોલીસ મથકમાં પરિણીતાએ પતિ સહિતના પાંચ સાસરિયા વિરુદ્ધ ગુનો દાખલ કરાવ્યો છે.

આ લગ્નજીવન માંડ એક મહિનો ચાલ્યો ત્યાં જ પતિ પોત પ્રકાશી સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, મારે બહુચરાજીમાં ગેસ્ટહાઉસ બનાવવું છે, જેથી તું તારા માતા-પિતા પાસેથી મને પંદર લાખ રૂપિયા લાવી આપ. આમેય તારા માતા-પિતાએ તને કરિયાવરમાં કંઈ આપ્યું નથી. જો કે પરણિતાએ પોતાના પિતાની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે પૈસા લાવવાની ના પાડી ત્યારે પતિએ આ વાતનું મનદુઃખ રાખી ઝઘડા કરવાનું અને ગાળો બોલી મારઝૂડ કરવાનું શરૂ કર્યું હતું.

### દરિયાપુરના મકાનમાં 23.10 લાખની ચોરી

# પરિવાર નવા મકાનનું વાસ્તુ કરવા ગયા ત્યારે જૂના મકાનમાં તસ્કરો ત્રાટક્યા, ફરિયાદ નોંધાઈ...

અમદાવાદ | દરિયાપુરમાં રહેતો પરિવાર નવા ઘરનું વાસ્તુપુજન કરી રહ્યા હતા ત્યારે તસ્કરોએ જૂના મકાનમાં ઘુસીને 12 લાખ રોકડ સહિત 23.10 લાખના મત્તાની ચોરી કરી લીધી છે. પરિવાર પરત આવ્યો ત્યારે ચોરીની જાણ થઈ હતી જે મામલે દરિયાપુર પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.




**23.10 લાખની ચોરી :** દરીયાપુર વિસ્તારમાં આવેલા લુણસાવાડમાં રહેતા નિરવ પ્રજાપતિએ દરિયાપુર પોલીસ સ્ટેશનમાં 23.10 લાખના મત્તાની ચોરીની ફરિયાદ કરી છે. નિરવ પત્નિ જલ્પા અને દીકરી હીવા સાથે રહે છે અને પરમેશ્વરી એન્ટરપ્રાઈઝ નામથી ટ્રેડીગ કરીને વેપાર કરે છે. નિરવે જગતપુર ગામ ખાતે નવી બનેલી ફ્લેટની સ્કીમમાં મકાન ખરીદયુ હતું. જેમા રવિવાર અને સોમવારના દિવસે વાસ્તુ રાખ્યુ હતું. નિરવ સહપરિવાર ઘરને તાળુ મારીને જગતપુર ખાતેના ફ્લેટમાં રહેવા માટે ગયા હતા. મંગળવારના દિવસે બપોરે નિરવ દરીયાપુરવાળા ઘરેથી સામાન લેવા માટે આવ્યા હતા. નિરવ આવ્યો ત્યારે તેણે જોયુ તો ઘરની બારી ખુલ્લી હતી.જલ્પા કબાટમાંથી કપડા લેવા માટે ગઈ ત્યારે તેણે જોયુ તો કબાટ ખુલ્લુ હતું અને ડ્રોવરમાં રહેલા 12 લાખ રૂપિયા ગાયબ હતાં. જલ્પા અને નિરવને ચોરી થઈ હોવાનો અંદાજ આવી ગયો હતો. જેથી તેમને ઘરમાં તપાસ તપાસ કરી તો 200 ગ્રામ સોનાની લગડી, સોનાના દાગીના તેમજ ચાંદીની લગડી ગાયબ હતી. નિરવે તરતજ પોલીસ કંટ્રોલમાં જાણ કરી દીધી હતી.

નિરવની ફરિયાદના આધારે ગુનો દાખલ કર્યો છે. ચિલોડા વિસ્તારમાં આવેલા પુષ્પક બંગ્લોઝમાં રહેતી પુનમ ઠાકોરે નરોડા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ કરી છે. પુનમ પતિ ઉમેશ, બે દિકરા, સસરા સાથે રહે છે. થોડા દિવસ પહેલા ઉમેશ નોકરી પરથી આવ્યો હતો ત્યારે તેણે પુનમને જણાવ્યુ હતુંકે આપણી તીજોરીનુ લોક ખુલ્લુ છે. પુનમ તરતજ તીજોરી પાસે પહોચી ગઈ હતી જ્યા તેણએ જોયુ તો તેની સોનાની ચેઈન, ચાંદીની પાયલ, સોનાના ઝુમ્મર ગાયબ હતા.

# રાયખડ વિસ્તારમાં યુવક અડધો ફૂટપાથ પર અને અડધો રસ્તા પર જોવા મીળ્યો...

અમદાવાદ | અમદાવાદ શહેરમાં ફૂટપાથ પર લોકો સુઈને પોતાની જિંદગી જોખમમાં મૂકી રહ્યા હોવાનું સામે આવ્યું છે. રાયખડ ચાર રસ્તા વિસ્તારમાં એક યુવક અને મહિલા રોડની બાજુમાં આવેલી ફૂટપાથ પર સૂતેલા હતા. યુવકનો હાથ રોડ પર પડેલો હતો અને ત્યાંથી પસાર થતાં એક યુવકે સુતેલા વ્યક્તિના ખિસ્સા તપાસ્યા હતા અને તેના ઉપરના ખિસ્સામાંથી વસ્તુ કાઢી લીધી હતી. બાદમાં પાછળના ખિસ્સા તપાસવા જતા વ્યક્તિ જાગી ગયો હતો જેથી તે ત્યાંથી જતો રહ્યો હતો. આ રોડ ઉપર AMTS બસ સ્ટેન્ડ પાસે પણ એક વ્યક્તિ નશો કરીને બેઠો હોય તેવી હાલતમાં પણ જોવા મળ્યો હતો. અમદાવાદ સૌથી સુરક્ષિત શહેર ગણવામાં આવે છે જોકે શહેરના ફૂટપાથ ઉપર રહેનારા લોકો અસુરક્ષિત હોય તેવા દ્રશ્યો દિવ્ય ભાસ્કરના કેમેરામાં કેદ થયા છે. શહેરના જમાલપુર વિસ્તારમાં આવતા રાયખડ ચાર રસ્તા પાસે પ્રેમચંદ રાયચંદ અધ્યાપન મંદિર બહાર ફૂટપાથ ઉપર એક વ્યક્તિ અને મહિલા સૂતેલા હતા. વ્યક્તિ અડધો ફૂટપાથ પર સૂતેલો હતો અને હાથ રોડ ઉપર પડેલો હતો. તેની આગળ મહિલા ફૂટપાથ ઉપર સુતેલી હતી. દરમિયાનમાં એક વ્યક્તિ ત્યાંથી પસાર થાય છે જુએ છે કે આ વ્યક્તિ સૂતો છે અને તેની પાસેથી કોઈ વસ્તુ મળી શકે તેમ છે જેથી તેને ફૂટપાથ ઉપર સરખો સુવડાવવાનો પ્રયાસ કરે છે.

# ઈસનપુર ડીમોલીશન કામગીરીના નિરીક્ષણ માટે પોલીસ કમિશનર પહોંચ્યા

અમદાવાદ | ચંડોળા તળાવમાં મેગા ડિમોલેશન બાદ ઈસનપુર તળાવમાં થયેલા ગેરકાયદેસર દબાણ અને દૂર કરવાની કાર્યવાહી 24 નવેમ્બરથી શરૂ થઈ છે. ઈસનપુર તળાવમાં છેલ્લા 40 વર્ષથી વધુ સમયથી તળાવની આસપાસની જગ્યામાં દબાણો દૂર કરવાની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે શહેર પોલીસ કમિશનર ઈસનપુર અને ચંડોળા તળાવ ખાતે નિરક્ષણ માટે પહોંચ્યા હતા. ઈસનપુર શરૂ થયેલા ડિમોલશનાની કામગીરીના નિરીક્ષણ માટે પોલીસ કમિશનર જી.એસ મલિક પહોંચ્યા હતા.પોલીસ કમિશનર દ્વારા ઈસનપુર ડિમોલિશન અને ચંડોળા તળાવનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.પોલીસ કમિશ્નર સાથે ઝોન 6 ડીસીપી,એસીપી સહિતના અધિકારીઓ પણ હાજર હતા. આ ઉપરાંત ચંડોળા તળાવમાં ડિમોલેશન બાદ ચાલી રહેલી કામગીરીની પણ સમીક્ષા કરી હતી. ઈસનપુર તળાવના ચારે તરફથી જેસીબી મશીન અને હિટાચી મશીનની મદદથી દબાણો તોડવાની કાર્યવાહી કરવામાં આવી હતી. 20 જેસીબી, હિટાચી મશીન અને મજૂરોની મદદથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા. એસીપી, પીઆઈ, પીએસઆઈ અને પોલીસ કોન્સ્ટેબલો મળી કુલ 500 લોકોનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખીને દબાણ દૂર કરવાના આવ્યા હતા.

### દધીચિબ્રિજની રેલિંગ પર કપડાંથી બાંધ્યો, JCB પર 3, રેલિંગ પર 1 યુવાન ચડ્યો

# સાબરમતીમાં કૂદતા યુવકનો JCB પર ચડી અમદાવાદીઓએ જીવ બચાવ્યો

(એજન્સી) અમદાવાદ | તા. 26

અમદાવાદની સાબરમતી નદીમાં આપઘાતનો પ્રયાસ કરનાર યુવકનો લોકોએ જીવ બચાવ્યો છે. વાડજના દધીચિબ્રિજ પર ગઈકાલે(25 નવેમ્બર) રાત્રે એક યુવક બ્રિજની રેલિંગ કૂદીને નદીમાં આપઘાત કરવાનો પ્રયાસ કરવા જતો હતો, પરંતુ ત્યાં હાજર લોકોએ તેને પકડી લીધો હતો. યુવક બ્રિજની પાળી પર લગાવેલી જાળી ક્રોસ કરી નદીમાં કૂદવા જ જતો હતો. આ દરમિયાન હાજર લોકોએ તેને પકડી તાત્કાલિક ફાયરબ્રિગેડને જાણ કરી હતી, જોકે ફાયરબ્રિગેડ આવે ત્યાં સુધીમાં ત્યાંથી પસાર થતા એક JCBને હાજર લોકોએ બ્રિજની નજીક લાવી તેના પર ચડીને યુવકને ઉપર ખેંચી બચાવી લીધો હતો. શહેરના વાડજ વિસ્તારમાં સાબરમતી નદી પર આવેલા દધીચિબ્રિજ ઉપર ગઈકાલે રાત્રે 8:45 વાગ્યાની આસપાસ એક યુવક બ્રિજની રેલિંગ ઉપર ચડીને બ્રિજ પરથી નદીમાં કૂદી આપઘાતનો પ્રયાસ કરવા જતો હતો. આ દરમિયાન બ્રિજ ઉપરથી પસાર થતા લોકોએ તે યુવકને તરત જ પકડી લીધો હતો. આ દરમિયાન જીવ સટોસટનાં દૃશ્યો સર્જાયાં હતાં. એક તરફ નદીમાં બ્રિજની જાળી પર આપઘાતનો પ્રયાસ કરનાર યુવક લટકી રહ્યો હતો તો બીજી તરફ બ્રિજ ઉપર તેને બચાવનાર લોકો યુવકને પકડીને ઊભા હતા. જો યુવક કોઈપણ રીતે પોતાની જાતને છોડાવી નદીમાં કૂદી ગયો હોત તો કોઈ અઘટિત ઘટના બની જાત.



### જીવ સટોસટની સ્થિતિ વચ્ચે JCB નીકળ્યું

એક તરફ યુવક નદીની ઉપર જાળી પર લટકી રહ્યો હતો, તો બીજી તરફ બ્રિજ પર ઊભેલા લોકો તેને કોઈપણ રીતે પકડી રાખ્યો હતો, પરંતુ આ સ્થિતિ લાંબી ચાલે એમ નહોતી. આ દરમિયાન બ્રિજ પરથી એક JCB જાણે કે ભગવાને મોકલ્યું હોય એમ પસાર થાય છે. JCBનો આગળનો ભાગ બ્રિજની રેલિંગ પર હોય એવું વીડિયોમાં જોઈ શકાય છે. બાદમાં JCB પર ત્રણ યુવક ચડે છે અને એક યુવક જીવના જોખમે બ્રિજની રેલિંગ પર ચડે છે. આમ સાવચેતીપૂર્વક યુવકને પકડી રેલિંગ કુદાવી બ્રિજ તરફ લાવવામાં આવે છે. યુવક સહીસલામત બ્રિજ પર આવતાં જ ત્યાં હાજર લોકોનાં ટોળાએ જીવના જોખમે રેસ્ક્યૂ કરનાર યુવકોને તાળીઓથી વધાવી લીધા હતા.